આવતી કાલનાં નાગરિકોનું માસિક

કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ


૩૩૦

વર્ષ અઠ્ઠાવીશમું • અંક છઠ્ઠો • જૂન ઓગણીસ સો અઠ્ઠાવન

તંત્રી
બચુભાઈ રાવત



મલ્લુ બિકાનેરમાં મળી આવેલ ૧૨માં સીકાની સરસ્વતીની સંદર મૂર્તિ
ગુજરાતની કળા પર હિંદની કળાએ પાડેલે અસર આ અંકમાં લેખ ફોટો બિકાનેર રાજ્ય



શ્રૃંગાર ચિત્રકાર : નારાયણ શ્રીધર બેન્દ્રે (બોમ્બે આર્ટ સોસાયટીના સૌજન્યથી)

૮૭મા અંકમાં જેમનો સંપૂર્ણ પરિચય આવી ગયો તે શ્રી બેન્દ્રે કહે છે કે રોજબરોજ આપણી આસપાસ નજરે પડતાં સાદાં દશ્યોમાં પણ લલિત માધુર્ય હોય જ છે સામાન્ય નજરની બહાર જતું હોય છે. કલાકારનો ધર્મ છે કે બહુજનસમાજને એ સુંદરતાનો રસ માણતો કરવો જોઇએ. એવા એક ઘરઘરના રોજના દશ્યનું



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા


લેખો

વિભાગો

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન . કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના

એમને ઓળખી કાઢો · એક નવી ઈનામી હરીફાઈ



આપણા દેશના અવ્વલ નંબરના કટાક્ષ-કલાકાર શ્રી શંકર (જેમનો પરિચય ૨૨૬ મા અંકમાં આવી ગયો) દિલ્હીમાંથી વ્યંગ, હાસ્ય ને કટાક્ષનાં લખાણો તથા ચિત્રોનું 'શંકર્સ વીકલી' નામનું એક અઠવાડિક કાઢે છે. એ પત્ર છેલ્લાં બેએક વરસથી, દર વર્ષે 'બાળકોનો ખાસ અંક' કાઢે છે. તેમાં આ દેશ તેમજ પરદેશનાં જે બાળકોની કૃતિઓ (લેખો, કાવ્યો, ચિત્રો વગેરે) આવે તેમને સંભારણા તરીકે તે એક 'સૂવેનિર કાર્ડ' મોકલે છે. આ વરસના એના 'બાળક અંક' માટે એમણે જે એવું કાર્ડ મોકલેલું, તેની એક બાજુ, ભારતના પ્રમુખ શ્રી રાજેન્દ્રપ્રસાદનો બાળકો જોગ એક સંદેશ છાપેલો હતો, અને તેની ચોમેર કિનારીરૂપે ભારતના તેમજ અન્ય દેશોના અગ્રણી પુરુષોની કટાક્ષ-તસ્વીરોની ગૂંથણી કરી હતી. એની પ્રતિકૃતિ (શ્રી શંકરના આભાર સાથે) અમે આ સામે આપીએ છીએ, ને 'કુમાર'ના વાચકો માટે એક રસમય કસોટી રજૂ કરીએ છીએ. તમે આ મહાપુરુષોમાંથી કેટલાને ઓળખી કાઢી શકો છો? વર્તમાનપત્રોના સંપર્કમાં રહેનાર ઉત્સાહી વાચક તો તેમના ચહેરાથી પરિચિત હોઇને ઘણાખરાને પિછાની શકશે. જોકે ઝીણવટથી જોનારને લાગશે કે કામ એટલું સહેલું નથી...પણ રસમય તો ઘણું જ છે. માર્ગદર્શન માટે કહીએ કે મથાળે જ વચ્ચોવચ ગાંધીજી છે અને જમણે ખૂણે જવાહરલાલ તથા સરદાર છે. આ રીતે એક પછી એક પારખતા જઇને તેની નંબરવાર નોંધ કરતા જાઓ અને અમને મોકલી આપો. જેના તરફથી વધારેમાં વધારે નામો સાચાં ઓળખાઇને આવશે તેને અમે એક વરસ 'કુમાર' ભેટ મોકલીશું. જુલાઈની પંદરમી સુધીમાં અમને ઉત્તરો પહોંચી જવા જોઇએ એ એક જ શરત આમાં છે. સાથે સાથે આ 'સૂવેનિર'માંના શ્રી રાજેન્દ્રબાબુના સંદેશ પ્રત્યે પણ અમે વાચકોનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ. રાષ્ટ્રપ્રમુખની સહી સાથે સુંદર અક્ષરોમાં લખાએલા એ સંદેશામાંની શીખ, જગતનું નવનિર્માણ કરવાની ભાવનાવાળાં આવતી કાલનાં નાગરિકોએ હૃદયમાં રાખવા જેવી છે. દુનિયાભરમાં શુભેચ્છા અને પ્રેમ ફેલાવવાનો અનુરોધ કરતા એ સંદેશની ચારે બાજુએ બધા અગ્રણી પુરુષોની છબિઓ ગૂંથી છે એ યોજના પણ સૂચક છે.

સોળ વરસની છોરી

રે એ સોળ વરસની છોરી!

સરવરિયેથી જલને ભરતી તો યે તેની મટુકી રહેતી કોરી: રે૦

ગરજંતા ઘન શ્યામ અષાઢી વાદળ કરુંએતો અંજન આંજે,
મઘમઘતા આ ડોલરનાં કૈં ફૂલ સરીખાં ગાલે ખંજન રાજે,
જેની હલકે માયા ઢળકે છાયા એવી ઢાળે નેણુ બિલોરી: રે૦

મહી વલોવે રણકે સોનલ કંકણુ જેના મલકે મીઠા સૂર,
ગોરાંગોરાં ચરણે એનાં ઘૂઘરિયાળાં રૂપાનાં નૂપુર,
કંઠ સુહાગે સાગરનાં મધુમોતી રમતાં બાંધ્યાં રેશમદોરી: રે૦

એના પગલે પગલે પ્રગટે ધરતીધૂળમાં કંકુની શી રેલ,
એના શ્વાસે શ્વાસે ફૂટે ઘુમરાતા આ વાયરામાં વેલ,
એના બીડયા હોઠમહીં તો આગ ભરેલો ફાગણુ ગાતો હોરી: રે૦

પ્રિયકાન્ત મણિયાર

સંસારમાંથી રસ પીતી, છતાં અતૃપ્ત (કે અદૂષિત) રહેતી, મરત છતાં મુગ્ધ કન્યકાનું વર્ણન કરતા આ કાવ્યમાં કવિતાનું શ્રેષ્ઠ લક્ષણ જે 'ધ્વનિ' તે સોહી રહે છે... અને કન્યાની આંખની કાળાશને અપાએલી આષાઢી વાદળનાં અંજનની ને ગાલનાં ખંજનને અપાએલી મઘમઘતા ડોલરની ઉપમા જુઓ. આખું જ કાવ્ય એવી માધુરીથી સભર છે... છેલ્લે જુઓ: 'જેના પગલે ધરતીની ધૂળમાં કંકુની રેલ ચાલે એવી કલ્યાણલક્ષ્મી સમી, જેના શ્વાસે વાયરામાં વેલ ફૂટે એવી સૌન્દર્ય-સુરભિ સમી, અને જેના બીડેલા હોઠમાંથી જાણે આગ ભરેલા ફાગણની હોરીનું મૂગું ગાન પ્રકટતું લાગે એવી જીવનજોબનવંતી' કન્યાનું આલેખન કરતું આ કાવ્ય પોતાના ધ્વનિતત્ત્વ અને લયમાધુર્યથી મહેકે છે. એ મહેકને મુક્ત અવકાશ આપવા એના સવૈયા છંદમાં વચ્ચે ચાર માત્રા વધારી છે.

હલચલ

ઓરે છલછલ... શાને આજ રે હૃદયતલ?
અને થલથલ... ઘેલાં કેમ રે ગગનજલ?
આઘા મેઘલા નાચે ઘમ્મરઘેરી ઝુલ ઝુલાવી રે,
ઓરા મોરલા નાચે થનક થૈઇ ભાન ભુલાવી રે:
હો રે હો વીજળી નાચે ઢેલ બની (જાણે)
અવનિ આભે ઝલઝલ!–ઓ રે છલછલ૦

સૂર વાસંતી કોણ વીણામાં
મધુર મધુર જાય બજાવી?
રંગની ધારે કોઈ હવાની
લહર લહર જાય સજાવી:
હો રે હો ફુલના ઘેલા ફુલ્લ પરિમલે
કોણ ભરે છે પલપલ?–ઓ રે છલછલ૦

દિગદિગન્તોના દેશથી મને
હેરીહેરીને વણપિછાણ્યે કોણ બોલાવે?
ઉર એવું અણજાણ્યુ અધીરું
ઝુરીઝુરીને કોણને સ્મરણ પારથી લાવે?
ઓ રે ઓ મનમાં મચે કેમ ન જાણું
શીય અકારણહલચલ!–ઓ રે છલછલ૦

પિનાકિન્ ઠાકોર

મનમાં મચી રહેલા કોઇ અકારણ ખળભળાટનો. કુદરતનાં તત્ત્વોનાં માધુર્ય અને મસ્તી સાથે તાલ મિલાવતું કાવ્ય. એની વર્ણનબાનીમાં એ ખળભળાટને સાથ કરતા લય-તાલની ઝમક ઉતારી છે; અને હૃદયની કોઈ અકલ્પ ઝંખનાને એ તાલમાં બોલતી કરી છે.

નિમિષ

· ખંડપૃથ્વી ·

અહો, નિમિષ પાંગરે!
મહાન યુગ વિસ્તરે,
અનંત પથ ખેડતો જગત માપી કાલોદધિ!

કળી કદીક ખીલતી;
સુમન ફુલ્લ થૈ ફોરતી,
ત્રણે ભુવન ઘૂમતો મધુર ગંધ મ્હેકી ઊઠે!

અહા! ઝરણુ ઉલ્લસે!
નદ પ્રસન્ન રૂપે લસે,
વિરાટ નભ પે ચઢી પૃથિવીને ઝબોળી હસે!

અને મનુજ હું અહીં
વિકાસ કરતો ત્યહીં–
બનું સકલ લોકનો ધ્રુવપ્રદીપ માનવ્યનો.

મોહિનીચન્દ્ર

અતિ નાની ક્ષણો એકઠી થઇને જ મોટો યુગ બને છે; એક વખતની ટચુકડી કળી પ્રફુલ્લ પુષ્પ બને છે; નાનું નજીવું ઝરણું ઘૂઘવતો મહાનદ બની એમાંથી આકાશે ચડતી વરાળ મેઘ રૂપે પૃથ્વીને ફરી ઝબોળી રહે છે; તેમ હું–મામૂલી માનવી પણ વિકાસ કરતો રહી માનવતાનો દીવડો બની રહું એવી ભાવાકાંક્ષાનું ગાન.

જન્મકાળે જ જેની આશા છોડી



'હોપલેસ!...બિલકુલ......'

'પણ ડૉક્ટર, આ તો અમને બહુ જ વહાલો પુત્ર છે. અમારો એકનો એક પુત્ર છે.' માબાપ બોલી ઊઠ્યાં.

'હા, હું જાણું છું. પણ ખૂબ નબળું બાળક છે. એનામાં જોઈએ તેટલી શક્તિ જ ક્યાં છે?' એને જિવાડવા હું મારાથી બનતો પ્રયત્ન કરીશ, બાકી મને ખાસ આશા નથી. અને જીવશે તો યે એ શું કરી શકશે તેની મને શંકા છે. છતાં જોઉં છું.'

આમ, જિંદગીમાં કશું જ નહિ કરી શકે એવી ભવિષ્યવાણી સાથે જે જન્મેલો, એવા એક નબળા અને રોગી બાળકે પોતાના જીવન દરમ્યાન એવી તો સાહિત્યકૃતિઓ આપી કે જેના શબ્દેશબ્દે મુક્ત આનંદ, જીવનનો ઉલ્લાસ અને વીરતાભર્યા પરાક્રમ ધબકે છે.

આ સાહિત્યકાર તે રૉબર્ટ લૂઇ સ્ટીવન્સન. એના જીવનમાંથી વાર્તાકાર અને જીવનકથાકારને પુષ્કળ સામગ્રી સાંપડી રહે તેમ છે. કોકને એ જીવન સામે ઝૂઝનારો વીર લાગ્યો છે, તો કોઇને એ મહાન પ્રણયી લાગ્યો છે; કોઈને એ મહાન મૂલ્ય-પરિવર્તક લાગ્યો છે તો કોકને એ અઠંગ પ્રવાસી લાગ્યો છે. આ બધું સાચું હશે; પણ એ સૌથી યે વધુ સાચું તો એ છે કે સ્ટીવન્સન એક અપ્રતિમ વાર્તાકાર હતો.

ઈ. ૧૮૫૦ની ૩૧મી નવેમ્બરે સ્કૉટલૅન્ડના એડિનબર્ગ શહેરના ટૉમસ સ્ટીવન્સન નામે એક ઇજનેરને ત્યાં એનો જન્મ થયો હતો. (ગયા નવેમ્બરમાં અંગ્રેજી બોલતા જગને એની જન્મશતાબ્દી ઉજવી.) પિતા દીવાદાંડીના ઇજનેર હતા, જે ધંધો તો એમને ત્યાં વંશપરંપરાથી હતો, એટલે ટૉમસે પણ આ નાના રોબર્ટને ઇજનેર જ બનાવવાનું ધાર્યું

અને એ ધંધો ખોટો પણ શો હતો? પણ આ ભાઈ સાહેબનું તો ભેજું જ જુદું હતું. એમને ઇજનેર નહિ પણ લેખક બનવું હતું. માબાપને આ ગમતું તો ન હતું, પણ ભાઇનો બાંધો જ મૂળથી એવો નબળો કે ઇજનેરીમાં ચાલે નહિ; એટલે અણગમતે મને પણ એમણે દીકરાને મનગમતું કરવા દીધું.

આ બાજુ લૂઇએ પણ જીવનના અનુભવો લેવા માંડ્યા. એડિનબર્ગના નીચલા થરના લોકોના લત્તાઓમાં ફરવા માંડ્યું. તેમ પારીસ-ફોન્ટેનબ્લોના કલાકારો ને સાહિત્યકારોનાં મંડળોમાં પણ હાજરી આપવા માંડી. દરમ્યાન જરૂરી એવો અભ્યાસ તો ચાલુ જ હતો. એટલે ૨૫મે વર્ષે તો લૂઈ વકીલાતની છેલ્લી પરીક્ષા આપીને કાયદાશાસ્ત્રી પણ બની ગયો. પણ એને કાંઇ વકીલાત કરવી ન હતી. એમાં યે પાછો, નાજુક તબિયત અને નબળા બાંધાને લીધે, તેને ક્ષય લાગુ પડ્યો હતો. એટલે હવાફેર અને આરામ માટે તેને જુદાંજુદાં હવા-ખાવાનાં સ્થળોએ ભટકવું પડ્યું. મેન્ટોન, ગ્રેઝ સૂર લોઇંગ, સેવેનીઝ ને હૉલેન્ડમાં તે ફરતો જ રહ્યો. એક સ્થળે હવા માફક ન આવે કે બીજે જાય. આ રઝળપાટમાં તેની તબિયતને તો કાંઇ ફાયદો ન થયો પણ અનુભવ ઘણો મળ્યો. વળી વિવિધ વાતાવરણ અને નવનવા લોકોના પરિચયમાં આવતાં જાણ્યે અજાણ્યે પણ નવલકથાકાર થવા માટેની તેની તૈયારી થઈ રહી હતી.

પણ લેખક બનવા માટે એકલો અનુભવ જ જરૂરી હોતો નથી. એ માટે લેખનશૈલી કેળવવી પણ જરૂરી છે જ. લૂઇ એ માટે પણ સભાન હતો. એણે લેખક થવાનો નિર્ણય બીજું કાંઇ સૂઝવાને અભાવે કંઇ કર્યો ન હતો. એ તો એને છેક બાળપણથી સ્ફૂરેલી અદમ્ય ઇચ્છા હતી. એથી જ તો એણે પ્રયત્નપૂર્વક અને કાળજીથી પોતાનાં લખાણો ને શૈલી ઘડવા માંડ્યાં. શબ્દે શબ્દને જોખી જોવાની અને વાક્યરચનાને ફુથલાવી ફુથલાવીને તેના શ્રેષ્ઠ રૂપમાં મૂકવાની એણે ટેવ પાડી. એકવાર તો એણે એક નિબંધ (ધ વૅનિટી ઑવ મૉરલ્સ) ત્રણ જુદાજુદા લેખકોની શૈલીમાં લખવાનો તુક્કો પણ અજમાવ્યો. પહેલાં હૅઝલિટની રીતે લખ્યો, પછી રસ્કિનની શૈલીમાં અને ત્રીજી વાર ટૉમસ બ્રાઉનની ધાટીમાં એ જ નિબંધ એણે લખી જોએલો!

અને એટલે જ તો એણે પોતાના પ્રવાસોના નિચોડરૂપ લખેલી 'ઇનલૅન્ડ વૉયેજ' (૧૮૭૮) અને સેવેનીઝના પ્રવાસના અનુભવો આલેખતું 'ટ્રાવેલ્સ વિથ એ ડૉન્કી' લખ્યું હતું ને? આ પુસ્તકોમાં છે તો માત્ર સાદાં પ્રવાસવર્ણનો જ, પણ એમાં પેલો પ્રગટવા મથતો નવલકથાકાર અને શૈલીકાર છુપાએલો જોઈ શકાય છે. આમ, વિવિધ સ્થળોના પ્રવાસો ખૂંદનારો સ્ટીવન્સન ધંધાદારી લેખક પણ બની ગયો હતો; વકીલની વિદ્યા પામેલો લૂઈ કવિ પણ હતો, નિબંધકાર ને વાર્તાલેખક પણ થયો હતો.

પણ હજી એનું જીવન સ્થિર થયું ન હતું. માંદલા ને ક્ષયરોગી રૉબર્ટનું જીવન અવ્યવસ્થિત અને સંભાળવિહોણું હતું. એને મિત્રો હતા પણ જીવનસખી ન હતી. એ તો મળી એને ફ્રાન્સમાં ગ્રેઝ સૂર લોઇંગ ખાતે. અને તે પણ ફ્રાન્સની વતની નહિ પણ અમેરિકાની એક વિધવા મિસિઝ ફ્રેની ઑસ્બોર્ન, જેને એક પુત્ર પણ હતો. ૧૮૮૦માં સ્ટીવન્સને એની સાથે લગ્ન કર્યું. જેને પરિણામે એને માત્ર જીવન-સંગાથિની જ નહિ પણ તેના નબળા સ્વાસ્થ્યની સંભાળ લેનારી માયાળુ પરિચારિકા પણ મળી. અને એનું જીવન ખુશનુમા બન્યું.

હવે એનું મન સ્થિર થતું લાગ્યું; જીવનમાં હવે એને રસ આવ્યો; અને આની અસર એની સાહિત્યપ્રવૃત્તિ ઉપર પણ પડી. છૂટક ને તૂટક લખતો લૂઇ હવે ઝડપભેર લખવા લાગ્યો. એની કમાણી પણ વધી, અને ખ્યાતિ પણ.

આમ બધું જ મનમાન્યું મળવા છતાં એનું સ્વાસ્થ્ય તો એવું ને એવું જ રહ્યું હતું. એ સદાનો માંદલો જ રહ્યો હતો. એક બાજુથી એ ધનિક બનતો હતો, બીજી બાજુથી દુર્બળ. સતત સારવાર, હવા

દેવાએલી તે બાળક બની ગયો એક પ્રતિભાવંત જગમશહૂર વાર્તાકાર

રૉબર્ટ લૂઇ સ્ટીવન્સન

અને એના જીવને જગતને એક વાત ફરી વાર કહી: માનવી સંજોગોથી ડરી જઇને નિષ્ક્રિય ન બેસી રહે. એણે તો સતત ઝૂઝયા જ કરવાનું છે. અને એમ વિરોધો ને વિટંબણાઓ સામે બાખડીને જ એ નસીબનું પાંદડું ફેરવી નાખી શકે છે.

ને દવા એને માટે અનિવાર્ય હતાં. છતાં ય એનો પરિશ્રમ એવો હતો કે સાહિત્યકાર તરીકે તો એ ઝડપભેર પ્રખ્યાતી પામતો જતો હતો.

પણ એને ખરી કીર્તિ તો મળી 'ટ્રેઝર આઇલૅન્ડ'ના પ્રકાશનથી. હજી આજે પણ દુનિયાભરમાં, નાનાંમોટાં બધાંમાં વધુમાં વધુ વંચાતી એ નવલકથા લખવા પાછળ પણ એક રસિક ઇતિહાસ છે. ત્યારે સ્ટીવન્સન હવાફેર માટે સ્કૉટલૅન્ડમાં બ્રેમાર ખાને રહેતો હતો. એક દિવસ એણે પોતાના પુત્રને એક નકશાના ટાપુમાં કાળો રંગ પૂરતો જોયો. એણે પૂછયું, 'અરે એઈ, એ શું કરે છે? શું ચીતર્યું આ?'

'ટ્રેઝર આઇલૅંડ' બાળકે જવાબ આપ્યો.

'શું ?'

'ટ્રેઝર આઇલૅંડ! આ ટાપુમાં મોટો ખજાનો દાટેલો છે પણ કયાં તેની કોઇને ખબર નથી એટલે તો કાળો રંગ પૂરું છું.'

'ખરો!' કહેતા પિતાના મનમાં એક નવી નવલકથા સ્ફૂરી. અને ૧૮૮૧માં લખાએલી એ કૃતિ જગવિખ્યાત બની ગઈ.

ભેદી ખજાનાના ટાપુની આ નવલકથાએ તો ઇંગ્લંડને ચમકાવી દીધેલું. અત્યાર સુધી એકધારી અને ચીલાચાલુરીતે લખાતી આવતી નવલોમાં આ કથાએ નવી જ ભાત પાડી. એક વીશી ચલાવતી વિધવા અને એનો નાનો પુત્ર એક અંધારી રાત્રે એમના ઘરમાં (વીશીમાં) ઊતરેલા વિચિત્ર ખલાસી મહેમાનોના વર્ણનથી વાર્તા શરૂ થાય છે. કોઇક ચાંચિયાએ સંઘરેલા ખજાનાવાળા ટાપુનો એક નકશો મળી આવતાં, એ કિશોર અને એકબીજાનાં ગળાં કાપવા ફરતા માથાફરેલ ખલાસીઓ પેલા ખજાનાની શોધમાં ઊપડે છે. અને પછી તો અવનવા પ્રસંગોની પરંપરા શરૂ થાય છે. કિશોર એ વર્ણવતો જાય છે: એ અનુભવો, એ ભય અને શંકા, એ ઉત્સાહ અને ઉલ્લાસ, એવી તો સ્વાભાવિકરીતે એ દર્શાવતો જાય છે કે વાચક—ખાસ એના જેવડી ઉંમરનો વાચક—તો જાણે પોતે જ એ પ્રવાસે ન ઊપડયો હોય,—એ વહાણનાં દોરડાં અને ખલાસીઓનાં ગીતો જાણે પોતાની જ આસપાસ ન ગુંજી રહ્યાં હોય, એમ અનુભવી રહે છે. રસભરી, છટાભરી, રૂંવાડાં ખડાં કરી દેતા પ્રસંગોથી શોભતી હોવા છતાં 'ટ્રેઝર આઈલૅન્ડ સસ્તી સાહસકથા નથી. કંઈ જ ઢંગધડા વિના બનતા પ્રસંગોની કલ્પનાકથા કે 'ભેદભરમથી ભરપૂર' નવલકથા નથી. એ તો છે સરળતાથી વહી જતી, લાક્ષણિક પાત્રોથી શોભતી, સુરેખ કલાકૃતિ. એની લોકપ્રિયતા ત્યારે હતી એટલી જ આજે છે.

પણ જો એ 'ટ્રેઝર આઇલૅન્ડ' લખીને જ અટકી ગયો હોત તો એ એનું આજનું પ્રતિષ્ઠાભર્યું સ્થાન ન મેળવી શકયો હોત: 'ઠીક છે; જોરદાર કાર્યવેગવાળી નવલકથા લખી છે; સારી છે.' આથી વધુ એને અંગે કહેવાનું ન રહેત. પણ અખંડ વિકાસ એ તો સાચી પ્રતિભાનું સરસ લક્ષણ છે. અને એટલે જ એની બીજી નવલકથા 'કિડનૅપ્ડ'માં એ એક ડગલું આગળ વધ્યો.

આ નવલકથામાં પણ વાચકને જકડી રાખે એવી પ્રસંગગૂંથણી છે. સ્કૉટલૅંડની ધરતીના એક છેડા પરથી બીજા છેડા સુધી આદરેલી પડેલી દોટની આ વાત છે. આમાં પણ 'ટ્રેઝર આઇલૅન્ડ' જેવી કલ્પનાશીલતા, રંગદર્શિતા અને અદ્‌ભુત વાર્તાગૂંથણી છે. પણ એથી આગળ વધીને સરસ પાત્રાલેખન પણ આ કથાનું સુંદર અંગ બની રહ્યું છે. એક કે બેલ્ફોરને કોણ ભૂલી શકે એમ છે? ને પાત્રાલેખનની આ સરસતા પણ કંઈ ઝીણી ઝીણી વિગતોથી નહોતી સધાઇ. લેખક આવીને પાત્રોનું વર્ણન કરી જાય અને તમે એને ઓળખો એના કરતાં પાત્રોના શબ્દોથી, અરે કયાંક એની મૂગી હાજરી માત્રથી તમે એને પિછાની લો એ શું ખોટું? (અનુસંધાન આગળ પૃ. ૨૧૩મે)

ઉડ્ડીયાન બંધ

આપણાં શરીર, મન અને જ્ઞાનતંતુઓને એકીસાથે સ્વસ્થ રાખતાં યોગાસનો હપતો ૨૫



ઊડતી વૃત્તિઓને કાબૂમાં રાખવાને માટે આ ક્રિયા છે. એને માટે યોગનાં પુસ્તકોમાં લખ્યું છે કે આ 'બંધ'થી 'वृद्धोऽपि तरुणायते' એટલે કે 'ઘરડો માણસ પણ જુવાન જેવો થઇ જાય છે.' આ ક્રિયા ઊભાંઊભાં અથવા બેઠાંબેઠાં કરી શકાય છે. શરૂઆત કરનાર બેઠાંબેઠાં કરે તો તેમને વધારે ફાવશે. એનું સાદું વર્ણન નીચે પ્રમાણે છે.

આસન ઉપર ઊભા રહો. પછી બંને હાથ જાંઘ ઉપર કે ઢીંચણ ઉપર મૂકો. હવે બધો શ્વાસ બહાર કાઢી નાખો. પછી આખું પેટ અંદર કરોડ તરફ ખેંચો. શ્વાસ રોકાય ત્યાં સુધી એમ ખેંચી રાખો ને પછી મૂકી દો. ત્યાર પછી જ્યારે સ્વાભાવિકરીતે શ્વાસની ક્રિયા ચાલુ થાય ત્યારે ફરીથી એમ કરો. શરૂઆતમાં આ ક્રિયા એક કે બે વખત જ કરો.

બેસીને કરવું હોય તો પદ્માસને બેસો. પછી બંને હાથથી બંને ઘૂંટણને પકડો, અને આખુ શરીર ઢીલું કરી નાખો. હવે શ્વાસને જોરથી બહાર કાઢી નાખો, અને પછી, શ્વાસ લીધા વગર હાથને ઢીંચણ પર દબાવો અને પેટને અંદર ખેંચો. પેટમાં મોટો ખાડો પડે એટલે આ ક્રિયા સામાન્ય રીતે થઇ એમ કહેવાય.

શરૂઆતમાં બે ત્રણ વખત જ કરો. પહેલાં તો પેટમાં ખાડો બરાબર નહિ પડે અને પેટ પણ અંદર નહિ ખેંચાય. પણ ધીરજપૂર્વક નિયમિત આ ક્રિયા કરશો તો જરૂર તમે સફળ થશો.

દાસુભાઈ શુકલ

ભારતે ગુમાવેલું અણમોલ માનવરત્ન
ડૉ. અનંત હીરાલાલ પંડ્યા




આ જે જગતમાં યુદ્ધે ચડતા સૈનિકો કે સેનાપતિઓ, અગર રાષ્ટ્રનાં ભાવિ સાથે ખેલ કરતા મુત્સદીઓની તત્કાળ એવી ઝળહળાટભરી પ્રસિદ્ધિ થાય છે કે એમના અવસાને લાખો જનો ચાર દિવસ તો અંધકાર જુએ છે; પણ જીવનભરની ચીવટ, અભ્યાસ અને વિરલ બુદ્ધિમત્તાનો સંચય કરી, રાષ્ટ્રનૌકાના ખીલા મજબૂત કરનારાં ને સઢો તંગ રાખનારાં શ્રમિક કાર્યોના નેતાઓની કિંમત સમજવામાં આપણે પાછા પડીએ છીએ.

ડૉ. અંતુભાઇ આજના ઈજનેરી જગતમાં એવા એક અમૂલ્ય દીપસ્તંભ જેવા હતા. એમની યોગ્યતા તો, એમ.આઈ.ટી. ના નામે જગવિખ્યાત, અમેરિકાના શ્રેષ્ઠ ઇજનેરી વિદ્યાધામ મૅસાચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યુટ ઑવ ટેકનૉલૉજીના અભ્યાસ દ્વારા ઝળકી ઊઠી હતી અને પછી બ્રિટિશ તેમજ ભારત સરકારે પિછાની હતી.

એણે કુમાર અવસ્થામાં 'કુમાર'ના જે હસ્તલિખિત અંકો તૈયાર કરેલા તે પરથી જ 'કુમાર' માસિકની યોજનાનો આદર્શ 'કુમાર'ના સંસ્થાપકને પ્રાપ્ત થયો હતો. જેણે એ અન્તુભાઇને ફૂલના પારણામાંથી તારુણ્યની પ્રખર જ્યોત રૂપે પ્રકાશતા, અને પછી કીર્તિમાં પાંગરતા હૈયું ઠારીને જોયા, અને જેનું અંતર છેવટ સુધી આપ્તજન રૂપે તેની સંસિદ્ધિઓથી રાચતું રહ્યું તેને એના આખરી અંજામનો આઘાત સહન કરવાનું દુર્ભાગ્ય જોવાનું આજે આવ્યું!

ભાઇ અનન્ત નવા યુગનું પ્રફુલ્લ પુષ્પ હતા. એમણે ભાવનગરના મહાત્મા સમ મહામના શ્રી હરગોવિંદભાઇ પંડયા જેવા દાદાના વાત્સલ્યમાં બાળપણ માણ્યું, હીરાલાલભાઇ જેવા સંસ્કારસંપન્ન પિતાના પ્રથમ પુત્ર તરીકે અને મસ્તરામભાઇ જેવા તેજસ્વીમધુર કાકાની છાયામાં ઘરનાં લાડ અને લાલનપાલન ભોગવ્યાં, અને દેશમાં તુરત શરૂ થએલા ગિજુભાઈના બાલમંદિરથી શૈશવનો વિકાસ શરૂ કર્યો. સરકારી-દરબારી શાળાઓ તેમણે જોઇ જ નહોતી. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની ઉત્કૃષ્ટ અવસ્થામાં તેમને માધ્યમિક કેળવણી મળી. નાનાભાઇ ભટ્ટ જેવાના લાડકા વિદ્યાર્થી તથા હરભાઈ ત્રિવેદીની નવી ડૉલ્ટન પદ્ધતિના પ્રયોગપાત્ર તરીકે અનન્ત અને તેનાં ફઈના પુત્ર ઉપેન્દ્ર (સૌરાષ્ટ્ર સરકારના આજના વડા ઈજનેર) જોડિયા વિદ્યાર્થીઓ હતા. અનંત-ઉપેનની એ જોડી કદી જુદી ન દેખાતી. આનંદોમાં, રમતોમાં કે પ્રવાસોમાં તેઓ સાથેના સાથે જ હોય.

રવિભાઈ પણ તેમના મુરબ્બી જનો પૈકી એક માનીતું પાત્ર; અને જ્યારે તેઓ કૉલેજના અભ્યાસ માટે અમદાવાદ આવ્યા ત્યારે એમના સલાહકાર મિત્ર ને વાલી તરીકેનું પદ એમણે પૂરા વત્સભાવે સ્વીકાર્યું હતું. બંને 'કુમાર'ના જીવતા આદર્શ જેવા સ્વપ્નશીલ, સાહસપૂર્ણ, થનગનતા તરુણો હતા. પછી કરાંચીની એન્જીનીઅરિંગ કૉલેજમાં જઈ ત્યાંના પ્રિન્સિપલ ગોખલેના તે પ્રિય શિષ્યો થયા. ત્યાંથી મુંબાઈની યુનિવર્સિટીમાં એન્જીનીઅરિંગમાં પહેલા વર્ગમાં પહેલે નંબરે આવી અન્તુભાઇએ ગોખલે ગુરુના, વડીલોનાં ને સ્વજનોનાં હૈયાંમાં ભરતી આણી, તે અમેરિકા ગયા. (અને સાથે ભાઈ ઉપેન્દ્ર પણ.) અમેરિકામાં પણ એની પ્રતિભાએ સમકક્ષીઓની વચ્ચે સખત પ્રતિસ્પર્ધા દાખવી જે ઊંચું ખમીર બતાવ્યું, તે જોઈ ડૉક્ટરેટ માટેનાં ત્રણ વર્ષને બદલે બે વર્ષમાં તે કરવા દેવાની ત્યાંના યુનિવર્સિટીએ સામેથી દરખાસ્ત આપી, અને તેમાં પણ તે ત્યાંના મોટા ક્લિફન પારિતોષિક સાથે ઉત્તીર્ણ થયા. એ સાથે જ ઇંગ્લંડની એક ઈજનેરી કંપનીએ તેમને પોતાના સલાહકાર તરીકે રોકી લીધા; અને પછી ઘણાં વર્ષે બ્રિટિશ સરકારને પણ તેમની જરૂરિયાત સમજાતાં કલકત્તાની સિબપુર એન્જીનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ તરીકે તેમની નિમણૂક કરી, જે સ્થાને યુરોપીઅન વિના બીજાનો પગ જ ન હોય એમ મનાતું. એ વખતે પણ એમની કામગીરીમાં કૉલેજ ઉપરાંત બંગાળની બીજી એન્જીનીઅરિંગ કૉલેજોનું આધિપત્ય હતું અને તે બધી સંસ્થાઓની તે તપાસ રાખતા. રાષ્ટ્રની કેળવણી વિષે તેમણે બહોળો અનુભવ મેળવેલો. પોતાનું પુસ્તકાલય છેલ્લામાં છેલ્લાં ઉપયોગી પુસ્તકોથી તે સજ્જ રાખતા. એક વાર આ લેખકને યુરોપની કળાની શિક્ષણસંસ્થાઓની માહિતીની જરૂર પડી, તે પર હિંદમાં ક્યાં ય પણ ન મળે એવું પુસ્તક તેમની પાસેથી મળેલું.



'અનત અને ઉપેન્દ્ર'ની એ જોડી ૧૯૧૮માં : 'કુમાર'ના ૧લા અંકમાં આવેલો સ્કેચ (ર.મ.રા)

દરમિયાન અન્તુભાઇએ જીવનમાં વ્યક્તિસ્વાતંત્ર્યનો એક અજબ દાખલો બેસાડયો. એમનું કુટુંબ ઘણું શ્રદ્ધાન્વિત ને ભારતીય સંસ્કારના ધર્મનિષ્ઠ વાતાવરણવાળું હતું. અમેરિકાની સ્વતંત્રતાના આસ્વાદવાળા અન્તુભાઇએ દેશ આવી જૂનાં જ્ઞાતિબંધનોને દૃઢતાપૂર્વક અવગણી વણિક જ્ઞાતિનાં સુરત્ન લીલાબેન શાહ સાથે લગ્ન કર્યું અને તેમનું એક નાનુ સુખસંપદભર્યું કુટુંબ બની રહ્યું.

તેમના સૌમ્ય અને સ્મિતમધુર સ્વભાવથી માત્ર તેમની સિદ્ધિઓમાં રાચનારા સ્વજનોનું જ નહિ પણ તેમના સંપર્કમાં આવનાર વિશાળ મિત્રસમુદાયનું બહોળું આપ્તમંડળ રચાયું હતું. તેઓ કુટુંબના, વતનના અને સમસ્ત ગુજરાત તેમજ ભારતના ગૌરવ રૂપ હતા. ભલભલા યુરોપિયન નિષ્ણાતો સામે ભારતનું સમર્થ પ્રતિનિધિત્વ તે પોતાની સહજ હાસ્યપૂર્ણ મુદ્રા સાથે સાચવી શકતા. હજી તાજેતરમાં જ તેમણે જર્મની ને સ્વિટ્ઝર્લૅન્ડની મુલાકાત લીધી હતી અને ભારત સરકારનાં કેટલાં યે વિશાળ બાંધકામોની જવાબદારી તેમના પર હતી. તેને લીધે તેમને સતત દોડા કરવા પડતા. તેમાંથી આ એક તેમનો પ્રાણઘાતક મોટર અકસ્માત બન્યો અને તેમની તરફ આશા અને શ્રદ્ધાથી મીટ માંડી રહેલા વડિલો, સ્વજનો, મિત્રો અને દેશબંધુઓને માટે કદી ન ભુલાય એવો શોકનો આઘાત થયો. એમની ખોટ રાષ્ટ્રીય વિધાનમાં મોંઘી થઈ ગઈ. **ર. મ. રાવળ**

(એમનેવિષેની વિશેષ વિગતો સાથેની નોંધ આ અંકની 'માધુકરી'માં)



ભૈરવ

૧૯૪૭ની મરાઠી ટૂંકી વાત. હરીફાઇમાં
રૂા. ૭૫૦નું ત્રીજું ઈનામ મેળવનારી શ્રી રણજીત દેસાઇની વાર્તા પરથી

અનુવાદક · સુમતિ ર. દલાલ

જેજુરીની બરાબર નીચે દેવગામમાં દર વર્ષે ખંડોબાનો મેળો ભરાય છે. ખંડોબાનું દૈવત પણ ત્યારે પૂર્ણપણે પ્રકાશી ઊઠે છે. લોકોનો તો જાણે મહાપૂર આવ્યું હોય તેવો ધસારો રહે છે. એ દરમિયાન જાતજાતના લોકો અને ચિત્રવિચિત્ર કપડાંનાં લહેરિયાં લેતા રંગથી આખું દેવગામ ભરાઇ જાય છે. ભાતભાતની દુકાનો અને નવીનવી વસ્તુઓથી મેળો શોભી ઊઠે છે. પણ એ મેળાની ખરી વિશિષ્ટતા તો એનું ઢોરોનું બજાર જ છે. આજુબાજુનાં પાંચપચાસ ગામનાં ઉમદા જાનવરો એ બજારમાં આવે છે, અને એની ખરીદી માટે દૂરદૂરના શૉખીન લોકો એકઠા થાય છે. માથે જરીના ફેંટા અને કમ્મરે પૈસાની થેલી બાંધીને શૉખથી ડોલતી ચાલે ચાલતા માણસને એ મેળામાં જુઓ તો માની લેવું કે કોક જાનવરનો પારખુ છે. નંદગામના ઇનામદાર ભવાનીરાવ પણ જાનવરના શૉખીન હતા. દર વરસે એ મેળામાં અચૂક આવવાના જ, અને જો કોઈ ઉમદા જાનવર નજરે ચડ્યુ તો એ ખરીદ કર્યે જ રહેવાના. ઉત્તમ જાનવર નજરે ચડ્યું હોય અને પૈસાને અભાવે કે બીજા કોઈ પણ અંગત કારણે એમણે એ ન ખરીદ્યું હોય એવું અત્યાર સુધી નહોતું બન્યું.

ભવાનીરાવ એટલે વનમાં પ્રવેશેલા, કાળો વર્ણ છતાં યે ચહેરા પર એક વિશિષ્ટ પ્રકારની તેજીવાળા, અને ભેદક આંખોવાળા માણસ. માથે મરાઠાશાહી સાફો, શરીરે ગમતેમ પહેરી લીધેલો ચાર ખિસ્સાંવાળો ખાખી કોટ, અંદર ઘેરા પીળા રંગનું ખમીસ, એના ઉપર ચકચકતો રેશમી લીલો મફલર, નીચે ચુસ્ત ઇજાર, અને પગમાં ચમચમતા અસલ કોલ્હાપુરી જોડા. ચાલે ત્યારે ચમચમ કરતા ભવાનીરાવ ઠાઠભેર મૂછો મરડતા દેખાય. જોનારની આંખમાં કુતૂહલ, આદર અને વિસ્મયના મિશ્રિત ભાવો એકીસાથે જગાડી જાય.

આ વરસે પણ ભવાનીરાવ મેળામાં આવ્યા હતા. દેવદર્શન પતાવીને એ જાનવરના બજાર તરફ વળ્યા. આગળ સનદી (મહેતાજી), વચમાં જાતે, અને પાછળ હાથમાં જાડી કડિયાળી ડાંગ લઇને એક મહાર ચાલતો હતો. આખા બજારમાં એ ફર્યા. ધીરે ધીરે ચાલતા એ કોઇક જાનવર પાસે ઊભા રહેતા, બરાબર નિરીક્ષણ કરતા અને પછી એના માલિક સાથે થોડી વાતચિત કરીને એનો પૂરો જવાબ પણ સાંભળ્યા વગર જાનવર વિષે કાંઇક વ્યંગમાં બોલીને શેરો મારીને આગળ વધતા. મધ્યાહ્ન થવા આવી. આખો બજાર ફરાઇ ચૂક્યો હતો. પણ ભવાનીરાવને પોતાની પસંદગીનું કોઇ જાનવર મળ્યું નહોતુ. ફરતાંફરતાં જ એમને ખબર પડી કે આંબેગાંવના શિદબા પાટિલે આજે સવારે એક જોડી ખરીદી હતી.

શિદબા પાટિલ એટલે ભવાનીરાવના પ્રતિસ્પર્ધી. એમને પણ જાનવરનો ખૂબ શોખ. આજ ત્રણ વર્ષ થયાં એમણે ભવાનીરાવના બળદની આબરૂ લીધી હતી. દર વરસે એ દેવગામ આવતા, અને ભવાનીરાવના મિજાજની, એમની ગામાણની ઠઠ્ઠામશ્કરી કરતા અને એમની આબરૂને બટ્ટો લગાડવાનો પ્રયત્ન કરતા. શિદબાની કૃષ્ણાર્જુન નામની બળદ-જોડી તો આજુબાજુના પાંચપચીસ કોસ સુધીમાં એકચક્રે રાજ કરતી. એનો જોટો નહોતો. એ શિદબાએ આજ નવી જોડ ખરીદ્યાનું જાણતાં જ ભવાનીરાવનો પારો ઊંચો ચડ્યો. દેવગામના મુખીએ એમને પોતાની ચાવડીમાં વિશ્રામ માટે પધારવાનું આમંત્રણ આપેલું, છતાં યે એ બજારને છેડે એક મોટા ઝાડ નીચે જ વિશ્રાંતિ લેવા આડા પડ્યા, ને થોડી જ વારમાં એમની આંખ મળી ગઇ.

કશાક ઘોંઘાટથી એ જાગી ઊઠ્યા. મધ્યાહ્ન સહેજ ઢળી હતી. આખા બજારમાં કાંઇક ધમાલ મચી હતી. થોડે જ દૂર લોકોની ગરદી એકઠી થઈ હતી. એ ગરદીની વચ્ચે ધૂળ ઊડતી હતી. ભવાનીરાવ ઊભા થયા. કોટ એમણે એમ ને એમ જ બગલમાં માર્યો અને ગરદી તરફ ચાલ્યા.

લોકોના એ ટોળાની વચ્ચે પૂરાં સો ડગલાં ભરાય તેટલી જગ્યા ખુલ્લી પડી હતી. એની વચ્ચે એક મસ્ત આખલો બેપરવાઈથી ઊલળતો હતો. લાલ અંગારા જેવી એની આંખો, અણિયાળાં શીંગડાં, ફીણભર્યાં નસકોરાં, ભયજનક ડરકાળીઓ, અને ઊંચું પૂછડું, એ બધું જોઇને કોઇ એની નજીક જવાની હિંમત નહોતું કરતું. ટોળામાંથી કોઈ એક માણસ જરા હિંમત કરીને એની તરફ જવાનું કરતો, તો એ બળદ એવી તો રીતે એના તરફ ધસતો કે એ જનારની હિંમત જ છૂટી પડતી, અને એને કપાળે આખે પરસેવાનાં બુંદ ધસી આવતાં! ભવાનીરાવની આંખો એ બળદ જોઇને થોડી ચમકી ઊઠી. એમણે પોતાનો ખેસ પાસે ઊભેલા સનદીના હાથમાં આપ્યો, બળદ તરફ



કહેવાય છે કે 'ખૂંટ એટલે જ ખૂટલ' : એના જેવું વિશ્વાસઘાતી પ્રાણી

એકબે વખત ટીકીને જોયું અને એને પોતાની પાસેથી એકબે વખત જવા દીધો. પછી ત્રીજી વખત બરાબર મોકો સાધીને એમણે દોડીને એની નાથ હાથમાં પકડી લીધી. અને ક્ષણની યે તક આપ્યા વગર બાજુએ સરી જઇને એવા તો જોરથી એમણે નાથને આંચકો માર્યો કે બળદના ધ્યાનમાં કાંઇ જ વાત આવે એ પહેલાં જ. અચાનક વાગેલા એ આંચકાથી,એના મગજમાં એકીસાથે જાણે હજારો બગાઓ ઝણઝણી ઊઠી ! આપોઆપ જ, કશું યે સમજે એ પહેલાં જ, એના પગ લથડ્યા, એના નાકમાંથી થોડું લોહી બહાર આવી ગયું. અને તેની હાંફના ફુંફાડાથી ઊડીને થોડું ભવાનીરાવના કોટ ઉપર પણ ઊડ્યું. પછી તો સૌ એમની આજુબાજુ એકઠા થઈ ગયા. એમનો સનદી અને મહાર શુદ્ધિમાં આવીને મોં લૂછવા મંડી પડ્યા. ત્યાં તો ભવાનીરાવે ગર્જના કરી, 'ક્યાં છે આ બળદનો માલિક ?' એક કણબી થથરતો આગળ આવ્યો. કહે, 'આને લીધે તો ઘડી મારો જીવ ઊડી ગ્યો'તો માબાપ ! બાપુ. કેવું ગુણિયલ જાનવર છે. પણ એ ય તે જાત ઉપર ગયું. સહેજ આંખ મીંચાણી ત્યાં તો......'

પણ એને પૂરું બોલવા દીધા વગર જ ભવાનીરાવે કહ્યું, 'હં. બોલ આની કિંમત.' સહેજ આગતેમ ખેંચપકડ થઇ, અને સોદો નક્કી થયો. ભવાનીરાવે થેલીની કસ છોડી ત્યાં તો એમને કાંઇ યાદ આવ્યું, અને એમણે પૂછ્યું, 'અરે, પણ આનું નામ તો તેં મને કહ્યું જ નહિ ?' પેલાએ કહ્યું, 'ભૈરવ.'

તરત જ ભૈરવને માટે બજારમાંથી નવા શણગાર ખરીદવામાં આવ્યા, નવી રાશ બાંધવામાં આવી, અને એણે નવા માલિક સાથે નવા ઘરની વાટ પકડી. ભવાનીરાવ ખૂબ જ ખુશીમાં હતા. આજ એમની કેટલા લાંબા સમયની ઇચ્છા પાર પડી હતી. એમના વાડામાં રામ નામનો એક બળદ હતો, પણ જોડના અભાવે એ હજુ સુધી એક બાજુએ જ પડ્યો હતો. એની જોડનું બીજું જાનવર એમને હાથમાં જ નહોતું આવતું. આજ એ મળી ગયું. નવી જોડના નવા મનોરાજ્યમાં મહાલતા એ દમામથી ચાલતા હતા. એમની નજર સામે ગામની વાર્ષિક હરીફાઈ તરતી હતી. દર વરસે પોતાના કૃષ્ણા-



જુનના જોર પર સોનાનું કડું પોતે જ જીતવાના એવા મક્કમ દમામથી એ હરીફાઇમાં આવતા શિદબા પાટિલ એમની નજર સામે તરી આવ્યા.પણ હરીફાઈનું આ વરસનું ચિત્ર એમણે કાંઈ નિરાળું જ દોર્યું. એમના ચહેરા પર આનંદ તરતો હતો.

નંદગામમાં ભવાનીરાવની ખરીદીની વાત અગાઉથી જ પહોંચી ગઇ હતી. ઇનામદારની એ નવી ખરીદી જોવા ભાગોળે સૌ એકઠાં થયાં હતાં. એ મેદનીની વચ્ચે, પોતાના મજબૂત બાવડાની આગળ તરી આવતી મૂઠી વાળીને, વચ્ચે વચ્ચે મૂછે તાવ દેતા, ઘડીમાં ભૈરવ સામે જોતા. ને ઘડીમાં લોકોની સલામો ઝીલતા એ ગર્વ ને આનંદ-ના મિશ્રિત ભાવભર્યા ચહેરે પોતાના વાડા તરફ ચાલ્યા જતા હતા.

ભૈરવનો રંગ કાળો હતો. એમાં ફક્ત એના કપાળ ઉપર ટીલાની જેમ શોભતું એક સફેદ મોટું ટપકું હતું. એ એને શોભતું યે ખૂબ. એનું મસ્ત શરીર. કરડી નજર, જોરદાર અણિયાળાં શીંગડાં, હરણ જેવા પાતળા વિસ્તરેલા કાન અને માથે ભરાવદાર છતાં મખમલ જેવી બારીક સુંવાળી રુવાંટી જોઇને સૌના ચહેરા ઉપર ભીતિપ્રદ કૌતુકના ભાવ જાગતા. ભૈરવ સ્વભાવે જરા બેચેન તો ખરો જ, પણ એની એંટ કોઇ અનોખી જ હતી. એને જોઇને જ ગામના સૌથી ઘરડા વિઠુકાકા બોલી ઊઠ્યા, 'બાપુ આટલી ઉમર વીતી, પણ આવું જાનવર આ નજરે તો નથી ભાળ્યું કદી !'

ઈનામદારનો વાડો ગામની વચ્ચોવચ છે. વાડામાં પેસતાં જ સામે ખુલ્લો મોટો ચોક છે, અને ચોકની બાજુએ જ ભવાનીરાવની મોટી ગમાણ છે. ચોકની અંદરની બાજુએ કચેરી છે. કચેરીમાં બેઠાંબેઠાં જ ગમાણ ઉપર નજર રાખી શકાય એવી રચના છે. વાડાની બહાર આવીને પાંચ મહારણીઓએ ભૈરવનાં ઓવારણાં લીધાં, એના પગે પાણી ભરેલી ગાગર રેડી, અને એને માથેથી દહીં-ભાત ઉતારીને ચકલામાં મૂકવામાં આવ્યાં. અને પછી ભવાનીરાવની ગમાણમાં ભૈરવની પ્રતિષ્ઠા કરવામાં આવી.

ભૈરવને છોડવો કે બાંધવો એ કાંઈ નાનુંસૂનું કામ નહોતું. એને હમેશ બે બાજુ બે ડાંગો રાખીને જ ફેરવવામાં આવતો. એને બાંધવા અને છોડવા માટે બે મહારોને ખાસ રોકવામાં આવ્યા હતા. કોઇ માણસ નજીક આવતું જુએ કે તરત જ એ ફૂંફાડા મારવા અને શીંગડાં હુલાવવા માંડતો અને એની આંખો ક્રોધથી તપી જતી. અને એટલે જ એ ભવાનીરાવને વધુ ગમતો ! એ કહેતા, 'અરે, ગાયો જેવાં તો કેટલાં યે જાનવર મારી ગમાણમાં છે, પણ વાઘ જેવો તો મારો ભૈરવ જ !' એ રોજ સવારે ભૈરવ પાસે જતા. જઇને સીધી એની રાશ ખેંચતા. શરૂઆતમાં તો ભૈરવ ખૂબ મસ્તી કરતો, પણ ધીરે-ધીરે એ પોતાના માલિકને ઓળખવા માંડ્યો હતો. ભવાનીરાવને પણ ભૈરવ સિવાય બીજું કાંઈ સૂઝતું નહિ.

ભૈરવને માટે ભવાનીરાવે એક સુંદર એક્કો તૈયાર કરાવરાવ્યો. ગાડી ઉપરની વેલબુટ્ટીઓ. પૈડાની ઉપર એક જ સ્વરે ગુંજતી ઘૂઘરીઓ અને સરસ મજાની ભરેલી ઝાલર જોઇને લોકો છક્ક થઈ જતા.

ભવાનીરાવનો જીવ ભૈરવ ઉપર વધુ. આમ તો રામ પણ એની જોડનો જ હતો. પણ રામ એટલો ગરીબ હતો કે નાનું છોકરું યે એને બાંધતું અને છોડતું. ભૈરવનો સ્વભાવ એનાથી સાવ ઊલટો. અને એટલે જ ભવાનીરાવ એના ઉપર વધુ ખુશ હતા. એને માટે ભવાની-રાવે જરીની ઝૂલ બનાવરાવી, અને પોતાની તિજોરીમાંના જૂના દાગીના તોડાવીને એને માટે નવા દાગીના બનાવરાવ્યા. એના માટે

બીજું કોઈ નથી. પરંતુ માનવીએ તો એથી ઊલટું જ સાબિત કર્યું...

ખાસ એક જ અવાજની ઘંટડીઓ તૈયાર કરાવી અને ના ના કરવા છતાં યે એના શીંગડે પહેરાવવા માટે સોનાની ત્રિશૂળ જેવા આકારની બે શીંગડીઓ બનાવરાવી. લોક કહેતા, 'બાપુ, ક્યાંક કોકને શીંગડે ભરાવશે તો આ શીંગડીઓથી પેલાનો તો નિકાલ જ આવી જવાનો, હો!' અને ભવાનીરાવ હસીને એમને જવાબ દેતા, 'આ ભવાનીરાવનો ભૈરવ એટલે ખાટકીનો કૂતરો થોડો જ છે? એની પાંહે ઢૂંકતાંયે કોઈ વિચાર કરે એવું મારે તો જોઇએ! વાઘ છે એ તો વાઘ!—ભૈરવ મારો! જેવો ભગવાન શંભુનો નંદી, એવો મારો ભૈરવ! એને તો એવાં જ શીંગડાં હોય!'

આ જ વહેલી સવારથી જ ભવાનીરાવનો મોટો દીકરો રાવસાહેબ સૈયદની સાથે શિકારે ગયો હતો. ગામમાંથી મળવા આવેલા લોકો સાથે ભવાનીરાવ કચેરીમાં વાતો કરતા બેઠા હતા, ત્યાં બારણામાંથી જ કોઈ પુખ્ત ઉંમરની વ્યક્તિએ સલામ ભરી. ભવાનીરાવે સલામ ઝીલીને પૂછ્યું, 'કેમ ભા? શા ખબર છે?'

'શિદબા પાટિલ આવ્યા છે, એમના નવા બળદની જોડ લઇને.'

'કેમ? શા માટે? અને બળદ કેવાક છે?'

'એ તો સૌને કહે છે કે અસ્સલ અમૃતમહાલ જાતના છે. અને દેખાય છે પણ એવા જ. પણ મારકણા છે જરાક. મેં એને કહ્યું કે તમે ય તે નવો બળદ લીધો છે, અને શું એનો દમામ છે! તો એ સાંભળીને એ કહે,...'

'શું? શું કહ્યું એણે?'

'કહે, જા! જા! એવા તો હજારો બળદ જોઈ કાઢ્યા કહેજે તારા બાપુને કે જાતવાન જાનવરનાં કામ એવા જાનવરથી નહિ જ થવાનાં!'

ભવાનીરાવ હોઠ-દાંત કરડતા ગરજ્યા, 'હં? દીકરાની એ મજાલ છે, એમ?! એના શબ્દો એના મોંમાં પાછા આપું ત્યારે જ હું ખરો!' અને એમ કહેતા એ અંદર ચાલ્યા ગયા.

બપોરના બીજા પહોરે એક મહારની બૂમાબૂમથી એ જાગી ઊઠ્યા. બહાર આવ્યા કે મહારે કહ્યું, 'બાપુ, ભૈરવ છૂટો થઈ ગયો છે! ગમાણને પેલે ખૂણે બાંધ્યો હતો, એ દોરડું તોડી નાખ્યું છે એણે! અને ગામ આખામાં આંકલખૂંટ જેવો ઊછળે છે! કોઇ પાંહે ઢૂંકે તો મારવા દોડે છે! રામો આજ એને ગોથે ચડીને મર્યો જ હોત, પણ સહેજમાં બચી ગયો.'

'વારુ, વારુ, હું આ આવ્યો! ચાલ, આગળ થા!' અને મહારની પાછળ જ એ નીકળી પડ્યા. એટલામાં ભૈરવ ગામની બજાર છોડીને ભાગોળનાં ખેતરાં પાસે પહોંચી ગયો હતો. લોકોના હાકોટા-બોકાસા સંભળાતા હતા. ભૈરવ કાન ફફડાવતો પૂંછડી ઊંચી કરીને ફાવે તેમ દોડતો હતો. ભવાનીરાવ એની દોડનો ક્યાસ બાંધીને એનાથી આડા દોડતા જતા હતા. ભૈરવથી એક જ ફર્લાંગ દૂર એ હજુ પહોંચ્યા યે નહોતા, ત્યાં તો કોઈની ચીસ સંભળાઈ, 'બાપુ, સંભાળો!'

એમણે એ દિશામાં જોયું તો એક મસ્ત આખલો પોતાના ઉપર ધસ્યો આવતો હતો. પોતે બાજુ સરીને એને ચૂકવવા જાય એ પહેલાં જ એણે એમને ટક્કર મારીને દૂર ફેંકી દીધા. એમણે ત્યાંથી ઊઠવાનો પ્રયત્ન કર્યો, પણ એ એમનાથી બની શકે એવું ના લાગ્યું. આખલો તો સહેજ થંભીને પછી એ જ ગતિએ આગળ દોડ્યો. એણે પાસેના ખેતર ઉપર એક કરડી નજર નાખી, ને પછી ભવાનીરાવ તરફ જોઈને શીંગડાં ઊંચાં કરીને ફરી વાર એમના ઉપર ધસ્યો!

ત્યાં તો એક આકરો છીંકોટો સંભળાયો, ને પેલા આખલાએ એ તરફ જોયું. ભવાનીરાવે પણ એ તરફ જોયું, તો ભૈરવ શીંગડાં ઉગામીને એ નવા સફેદ આખલા તરફ વેગભર ધસ્યો આવતો હતો. એક ક્ષણ પણ નહિ વીતી હોય ત્યાં તો ભયંકર કડાકો થયો. પેલો સફેદ આખલો ભૈરવની ટક્કરથી પડતોપડતો માંડ બચ્યો. લથડિયું સંભાળી લઇને પીઠ ફેરવીને એણે ગામની દિશા તરફ દોડવા માંડ્યું. આ બધું થોડી ક્ષણમાં જ બની ગયું.

ભૈરવે એની દોડની દિશામાં એક ગુમાનભરી નજર ફેંકી અને પછી પોતાના વિજયની ખુમારીમાં જ જાણે આકાશ તરફ માથું ઊંચકીને મોટી ડરકાણી નાખી. પછી ભવાનીરાવ તરફ નજર કરીને સીધી એમની તરફ દોટ મૂકી. સફેદ ખૂંટની ટક્કરમાં જ હજી ભોંય પડેલા ભવાનીરાવે હવે આશા મૂકી દીધી. ભગવાનનું નામ જપતાં એમણે આંખો બંધ કરી દીધી.

પણ થોડીક ક્ષણો વીતી, અને છતાં કાંઈ જ બન્યું નહિ એટલે એમણે આંખો ખોલીને જોયું તો ભૈરવ પોતાની પાસે શાંતિથી ઊભો હતો, ને નીચી નજરે પોતા તરફ જોતો હતો. ભવાનીરાવે આંખ ખોલેલી જોતાં જ એણે એમનો હાથ ચાટવા માંડ્યો. ભવાનીરાવની આંખો આનંદ ને કૃતજ્ઞતાનાં આંસુથી ભરાઈ ગઈ. એમણે હાથના ટેકે જેમતેમ ઊઠવાનો પ્રયત્ન કર્યો. પણ એટલામાં તો લોકો ત્યાં આવી પહોંચ્યા.

આ પછી કેટલે યે દિવસે ભવાનીરાવ ચાલતા-ફરતા થયા. કેટલા યે દિવસો સુધી એમને અને ગામને ઉપલા બનાવ સિવાય વાતો કરવાનો બીજો વિષય નહોતો. અને જ્યારે ભવાનીરાવને ખબર પડી કે પોતાને મારનાર ખૂંટ બીજા કોઇનો નહિ પણ શિદબા પાટિલનો હતો, ત્યારે તો એમના આનંદનો પાર જ ના રહ્યો.

ભૈરવને પણ ભવાનીરાવ સિવાય ચેન નહોતું પડતું. કચેરીમાં ભવાનીરાવનો અવાજ સંભળાય એટલે આનંદથી ભાંભરવા માંડતો. પેલા દિવસની વાત પછી એક વાર એક મહાર ભૈરવને છોડવા ગયો, અને એને જોતાં જ ભૈરવે રુદ્રાવતાર ધારણ કર્યો! મહાર તો બીને ત્યાંથી નાઠો! એ જોઈને ભવાનીરાવ એટલું તો હસ્યા કે કહેવાની વાત નહિ. એ પછી ભૈરવને ભવાનીરાવ જાતે જ છોડતા અને બાંધતા. ભૈરવ પણ પોતાના માલિકને નજીક આવતા જુએ કે જાણે શું યે કરી નાખું એટલા ગેલ કરવા માંડે. પીઠ પર ભવાનીરાવની પ્રેમળ થાપ પડે, એટલે બેયને સંતોષ થાય. ભૈરવ પોતાના સિવાય બીજા કોઇને દાદ નથી દેતો એ વાત ભવાનીરાવને ભૂષણાત્મક જ લાગતી.

આ વરસની હરીફાઈ ક્યારે આવે એની જ ભવાનીરાવને ચટપટી લાગી હતી. છેવટે મેળાને ચાર જ દિવસ બાકી રહ્યા. દોડધામ શરૂ થઇ. ગામથી સો કદમ દૂરનું ખુલ્લું મેદાન સાફ કરવામાં આવ્યું. શરતો નક્કી કરવામાં આવી. આ વરસે ભવાનીરાવે પોતાનાં ગામો ઉપરાંત આજુબાજુનાં પાંચપચીસ ગામોમાં પણ શરતોની દાંડી પીટાવી. બધી યે શરતો હરીફાઇના દિવસે જ રાખવામાં આવી હતી.

રાતના બે વાગ્યા હતા. આવતી કાલે મેળો! બળદોને ધોવાનું કામકાજ પેટ્રોમૅક્સ સળગાવીને ચાલતું હતું. વીસપચીસ મહાર ગરબડમાં ગૂંથાયા હતા. ભૈરવને તો ભવાનીરાવ પોતાની જાતે જ ધોતા—સાફ કરતા હતા. સૌ ધમાલમાં હતા. ત્યાં મહારોના હાથ થંભી ગયા. એક ક્ષણ તો બધા જ સ્તબ્ધ થઇને ઊભા રહી ગયા. કોઇ શિયાળવું રડતું હતું! શું અશુભ બનવાનું હતું, એ કોને ખબર! ભવાનીરાવે એ જોઇને હાકોટા કર્યા, 'અરે! સાંભળો છો શું? કોઇ

મરવાનું હશે તો મરશે, એનો કાળ પહોંચ્યો હશે તો! ચાલો જલ્દી આટોપો, હમણાં ભળભાંખળું થશે!'

સાફસૂફી પતતાં જ બળદોને રંગવાનું કામ શરૂ થયું. રંગના પાણીમાં હાથ બોળીને જાનવરોની પીઠ ઉપર થાપા મારવામાં આવ્યા. પછી તેલવાળા રંગથી એમના શરીર ઉપર લાલ રંગના ગોળવા ચીતરવામાં આવ્યા. શીંગડાં રંગાયાં અને ગળામાં ફૂલોના હાર પહેરાવાયા. મજાની રણકતી ઘંટડીઓ બાંધવામાં આવી.

ભૈરવને ભવાનીરાવ જાતે જ શણગારતા હતા. ગુલાબી રંગ ઉપર વરખ લગાવીને એમણે એનાં શીંગડાં સજાવ્યાં. પીઠ ઉપર જરીની ઝૂલ ઓઢાડી. ગળે ચાંદીની ઘંટડીઓની માળા પહેરાવી. કપાળ ઉપરના સફેદ ટપકા ઉપર એમણે ઊભું નામ લખ્યું. રેશમી ઉપરણું ઓઢાડીને એમણે ભૈરવને બહારના ચોકમાં આણ્યો. મહારાણીઓએ એની નજર ઉતારી. પોતાને હાથે જ એમણે ભૈરવને ખીચડો ખવડાવ્યો. અને પછી ભૈરવ મેળામાં જવા માટે તૈયાર થયો. સૂરજનું પહેલું કિરણ ફૂટતાં જ વાજિંત્રો ને શરણાઈઓના નાદ વચ્ચે ભૈરવે વાડામાંથી બહાર ડગલું માંડયું. એની પાછળ હારબંધ બીજી જોડીઓ પણ હતી. એમની પછી ગામના બીજા લોકોની જોડીઓ માન-મરતબાના હિસાબે હારબંધ ઊભી રાખવામાં આવી. અને પછી સરઘસ આકારે સવારી નીકળી.

મેળાનો પહેલો દિવસ પૂરો થયો. કાલે હરીફાઈ! સવારે વહેલા ઊઠીને ફરી પાછી જાનવરોની સજાવટ શરૂ થઇ અને બરાબર કાલના વખતે જ પાછી શિયાળવાની રડતી લારી સંભળાઈ! સૌનાં હૃદય હચમચી ઊઠચાં! ભવાનીરાવના હૃદયમાં પણ સહેજ થડકારો થયો. એમણે પોતાના મોટા દીકરા રાવબાને બૂમ મારી, 'રાવબા! નીચેના ખળા પાસે કોઈ શિયાળવું ભરાયું લાગે છે, જઇને જરા બંદૂકનો બાર કરીને એને કાઢ આઘું... સા..., અપશુકનિયાળ!'

સૂરજ ધીરેધીરે ઊંચો ચડતો ગયો, તેમતેમ આજુબાજુનાં અને દૂરનાં ગામનાં જાતવાન જાનવરો અને હોંસીલા જુવાનોનાં ટોળાં ચોગાનમાં એકઠાં થવા લાગ્યાં. સૌને માટે બેસવાની અને મુકામની સગવડ ભવાનીરાવે ખળામાં કરી હતી. શિદબા પણ પોતાના કૃષ્ણાર્જુનની જોડી ને ખાસ માણસો સાથે આવી પહોંચ્યા. તમાશબીનોની પણ મોટી ગરદી જામી હતી.

વખત થવા આવતાં ભવાનીરાવે જાનવરોને બહાર કાઢવાનો હુકમ આપ્યો. શરતમાં ઊતરનારાં બધાં જાનવરોને દારૂ પીવડાવવામાં આવ્યો. માત્ર ભૈરવને દારૂ પીવડાવવાની ભવાનીરાવે મના કરી હતી. એમના આંગણામાં સજાવેલી રામ-ભૈરવની જોડી જોઇને શિદબાએ પણ ઠંડો શ્વાસ લીધો.

શરતોની શરૂઆત થઈ. ભવાનીરાવે ભૈરવના કાનમાં કહ્યું, 'બેટા ભૈરવ, જો આજ મારી આબરૂ ના જાય, હો!' નાનીનાની શરતો ધીરેધીરે પતતી ગઈ. હવે ગાડી ખેંચવાની શરતનો વારો આવ્યો. દર વરસે આ જ શરતમાં શિદબા સોનાનું કડું મૂકતા. પણ આજ અત્યાર સુધી શિદબા શાંત હતા. લોકોમાં આ વખતે સોનાનું કડું કોણ જીતશે એને માટે ચર્ચા શરૂ થઇ ગઈ હતી. સૌની નજર આજે શિદબા ને ભવાનીરાવ ઉપર જ મંડાએલી હતી. એટલામાં શિદબા એમના માણસના કાનમાં કાંઈક ગણગણ્યા. એ માણસ ઊભો થયો, અને પછી એણે મોટેથી જાહેરાત કરી, 'ભાઇઓ... આ વરસે પણ અમારા પટેલ તરફથી સોનાનું કડું મૂકવામાં આવ્યું છે! પણ આ વરસે એ કડું જોડી માટે નથી. જે કોઈ એકલો બળદ એમનું ગાડું સો કદમ ખેંચી જશે એને એ કડું મળશે...!'

એ સાંભળીને ભવાનીરાવને કોઇ ભળતી જ ચીડ ચડી. લોકોને પણ એ વસ્તુ રૂચી નહિ. પાસે જ બેઠેલા શિદબાને ભવાનીરાવે કહ્યું, 'કેમ શિદબા? તમારી પાસે એવો બળદ હોય એમ લાગે છે, કાં!' એટલે શિદબા હી હી કરીને હસ્યા, 'છોને મારી પાસે ના હોય, પણ તમારી પાસે પેલો નંદી છે જ ને? શું શોભાનો છે એ?'

ભવાનીરાવના કાન લાલ થઈ ગયા. એમના મોં ઉપરની નસો ફૂલી ગઈ. જેમતેમ કરીને એમણે ગુસ્સો દબાવ્યો. ભૈરવના ગહારે આવીને એમના કાનમાં કહ્યું. 'સરકાર, જોડું ભૈરવને ગાડીએ?' એમણે ખિજવાઈને કહ્યું, 'એવા સોનાના કડા માટે મારે મારા ભૈરવનો જીવ નથી લેવો. એના એક ઉપર તો એવાં સો કડાં હું ન્યોછાવર કરવા તૈયાર છું.'

એટલામાં શિદબાએ ઈશારત કરતાં એમનો માણસ પાછો ઊભો થઇને બોલવા લાગ્યો, 'કેમ ભાઇઓ! એવું જાનવર આ ભાગમાં કોઈ છે કે નહિ? કે પછી બધા જ ડોકાં ધુણાવનારા નંદીઓ છે?!...'

ત્યાં તો ભવાનીરાવ સડાક દેતાક ને ઊભા થઈ ગયા. કહે, 'લાવ ભૈરવને!' ભૈરવને મેદાનની વચ્ચે આણવામાં આવ્યો. એમણે એની ઝૂલ અને કડીઓ ઉતારી લીધી. માત્ર સોનાની શીંગડીઓ રહેવા દીધો. એક વાર એમણે એને થાબડયો અને પછી ધીરેથી એને કહ્યું, 'કેમ ભૈરવ, મારું નામ રાખીશ ને?' બધું સમજતો હોય એવી રીતે ભૈરવે પણ સામું ડોકું હલાવ્યું. જાણે કહેતો ન હોય: 'એમાં મને કહેવું પડે કે?' ગાડીમાં સામાન ભરવામાં આવ્યો. ભવાનીરાવે પોતાને હાથે ભૈરવને ગાડીએ જોડયો. શિદબાએ સો કદમ માપ્યાં. ભવાનીરાવે હાંક મારી: 'ભૈરવ!' અને એણે પોતાની શક્તિ એકઠી કરી. બધી શક્તિ એકઠી કરીને એણે જોરથી ગાડીને આંચકો માર્યો. ગાડી આખી ધ્રૂજી ઊઠી, પણ એક તસુભર ચસી નહિ. શિદબા ફરી વાર ખડખડાટ હસી પડચા. ભવાનીરાવના આખા શરીરે પરસેવો છૂટચો. એમણે ફરી વાર જોરથી હાંક મારી: 'ભૈરવ!...'

ભૈરવ શું એમની હાંક નહોતો સમજતો? એણે પોતાની વિશાળ કાંધને જોરથી આંચકો દીધો. અને ગાડી કરડડડ કરતી હલી ઊઠી. એક આનંદની ચિચિયારી વાતાવરણમાં ઘૂમી વળી. શિદબાનો ચહેરો ઊતરી ગયો. ભવાનીરાવ પાછલે પગે એક એક ડગલું પાછું ભરતા જતા હતા, અને ભૈરવ એમની સામે ચાલ્યો જતો હતો. સો કદમની મર્યાદા પૂરી થવા આવી, અને ગાડી જોરથી કણકણી ઊઠી. ભવાનીરાવને વાત ખ્યાલમાં આવી ગઈ. ઝડપથી જઇને એમણે ભૈરવને છૂટો કર્યો, અને બીજી જ ક્ષણે ગાડીનું પૈડું છૂટું પડી ગયું! ગાડી ધબ લઇને નીચે બેસી ગઈ. ભૈરવ પાસે જ ઊભો હતો. ભવાનીરાવે એના મોંના ફીણ પોતાના સદરાથી લૂછચા, અને પછી એને ભેટી પડચા. બીજી જ ક્ષણે એ જોરથી શિદબા તરફ ધસી ગયા અને એના હાથમાંનું કડું ઝૂંટવી લીધું, ને પાછા ભૈરવ કને આવીને એ કડું એમણે એના પગે પહેરાવી દીધું. બધા ભૈરવ નજીક એકઠા થઈ ગયા. એક મોટા થાળમાં ઘીથી ભરેલો ખીચડો આણવામાં આવ્યો. ભવાનીરાવે થાળ પોતાને હાથે ભૈરવની સામે મૂકચો, અને વિજયોન્મત્ત એ એની સામે ઊભા રહ્યા. ભૈરવ થાળમાં મોં નાખીને ખીચડો ખાતો હતો, અને એની વિશાળ કાંધની લગોલગ ઊભા ઊભા ભવાનીરાવ એને પંપાળતા હતા.

એ ગરદીની વચ્ચે જ ઊભેલા પોતાના નોકર તરફ હવે શિદબાએ આંખથી કાંઈક ઈશારત કરી. થોડી ધમાલ મચી ગઇ, અને પછી બીજી જ ક્ષણે એક વજનદાર લાઠી ભૈરવની પીઠ ઉપર ઝીંકાઈ!

જે જાનવરને ચાબુક એ શું વસ્તુ છે એની યે (આગળ પૃ. ૨૦૬મે)

હિંદની કળાના ઈતિહાસમાં ગુજરાતનો ફાળો

વિદ્વાન કલાવિવેચક ડૉ. હરમાન ગઅટ્સના લેખ પરથી અનુવાદક:
રમણલાલ નાગરજી મહેતા એમ. એ.

આ લેખના લેખક ડૉ. હરમાન ગઅટ્સનો જન્મ જર્મનીના બાડન પ્રાંતના કાર્લ્સરૂહે નામના ગામમાં ઈ. સ. ૧૮૯૮માં થયો હતો. પોતાની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી મ્યૂનિચ, યેના અને બર્લિનની યુનિવર્સિટીઓમાં પસાર કરીને પચીસ વર્ષની ઉંમરે ૧૯૨૩માં તેમણે પીએચ. ડી.ની ડિગ્રી મેળવી, અને ઈ. ૧૯૨૪માં તેઓ બર્લિનના એથનૉલૉજિકલ (માનવવંશ-વિદ્યા)ના મ્યૂઝિયમમાં જોડાયા. જ્યાં ૧૯૩૧ સુધી કામ કર્યું. ત્યાંથી હૉલૅન્ડમાં લાઈડનના કર્ન ઈન્સ્ટિટ્યૂટમાં બિબ્લીઓગ્રાફી ઑવ ઇંડિયન આર્કીઑલૉજી (ભારતીય પુરાતત્ત્વવિદ્યાની ગ્રંથસૂચિ) તૈયાર કરનારા સંપાદક-મંડળના મંત્રી અને કૉન્ઝરવેટર તરીકે ગયા, જ્યાં ૧૯૩૬ સુધી કામ કર્યું. ત્યાર બાદ હિંદ આવીને તેમણે ૧૯૩૬થી૩૯ સુધી લગભગ દરેક યુનિવર્સિટી-માં હિંદની કલા વિષે વ્યાખ્યાનો આપ્યાં. ૧૯૩૮-૩૯માં તેઓ હિંદી સરકારના પુરાતત્ત્વ ખાતામાં ખાસ ફરજ પર હતા, ત્યાંથી ૧૯૪૦માં તેઓ વડોદરામાં 'બરોડા મ્યૂઝિયમ ઍન્ડ પિક્ચર ગૅલેરી'ના નિયામક તરીકે આવ્યા. આ વર્ષો દરમિયાન તેમણે અસંખ્ય લેખો ને બાર પુસ્તકો લખ્યાં છે. ભારતીય કલાના તેઓ અચ્છા નિષ્ણાત ને વિદ્વાન વિવેચક છે અને તેમનાં એ લખાણો જગતભરમાં પ્રમાણભૂત લેખાય છે. સદા ઐતિહાસિક દૃષ્ટિથી પ્રશ્નની છણાવટ કરવું તેમનું કલાવિવેચન સ્પષ્ટ, સરળ તથા મર્મગ્રાહી હોય છે; અને તેમની આ ઐતિહાસિક દૃષ્ટિ તથા કલાનો ઊંડો અભ્યાસ, તેમનાં વિવેચનને પ્રમાણભૂત બનાવે છે. એમના એ અભ્યાસ ને વિવેચનનો કંઈક ખ્યાલ આપતો ગુજરાતની કલાનું ગૌરવ કરતો **આ લેખ ખૂબ ધીરજ ને કાળજીપૂર્વક વાંચવાની અમારી ભલામણ છે.**



ડૉ. હરમાન ગઅટ્સ
પીએચ. ડી.; એમ. આર. એ. એસ. એમ.; એ. એસ. બી.; એમ. એ. ઓ. એસ.; સભ્ય: અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઇરાનીઅન આર્ટ ઍન્ડ આર્કિયૉલૉજી તથા ઈંડિયન પી. ઈ. એન.; વાઇસ પ્રેસિડેન્ટ: મ્યૂઝિયમ એસોસિયેશન ઑવ ઈંડિયા; મેમ્બર: ઍડવાઈઝરી કમિટિ, કર્ન ઇન્સ્ટિટ્યૂટ લાઈડન (હૉલૅન્ડ); ડીરેક્ટર: બરોડા મ્યૂઝિયમ ઍન્ડ પિક્ચર ગૅલેરી.


મધ્યકાલીન હિંદના કલાના ઈતિહાસમાં ગુજરાત મહત્ત્વનું સ્થાન ભોગવે છે. તેમાં યે સોલંકી યુગ તો ગુર્જર કલાનો સુવર્ણયુગ કહી શકાય. જોકે અંતે તો તે પણ, ઉત્તર હિંદની પેઠે મુસ્લિમોના ધસારા સામે તૂટી પડ્યું. છતાં આ યુગની કલાના અવશેષો ચેતનવંતા હતા. જતે દહાડે, તેમાં પણ ઘણી અધોગતિ આવેલી, તોપણ ઠીકઠીક શાંતિનો સમય મળતાં એમાંથી જ પુનર્જીવન પામીને વાયવ્ય હિંદની કલા પ્રકટી.

...ત્મિક પ્રવૃત્તિ તો રામાનંદ અને જ્ઞાનેશ્વરે ૧૩મી અને ૧૪મી સદીમાં જ શરૂ કરી. ૧૫મીથી ૧૬મી સદીમાં સૈયદ ને લોદી વંશ દરમિયાન તથા શરૂઆતના સહિષ્ણુ મુઘલોના રાજ્યમાં તે પૂરી વિકસી અને હિંદુ સમાજે કંઈક નિરાંતનો શ્વાસ લીધો.


વળી બીજી બાજુ, જે હિંદુ ધર્મ મુસલમાન યુગ પહેલાનાં ઉત્તર હિંદનાં ભવ્ય મંદિરો સર્જ્યાં હતાં તે તાન્ત્રિક પણ બન્યો હતો. તોયે પ્રતિહાર, ચહુમાન, પરમાર, સોલંકી, ગહરવાડ, તોમાર ને ચંદેલાનાં

કલાના વિખ્યાત પરખંદા સ્વ. આનંદકુમારસ્વામીએ મધુર શૈલીની રાજપુત ચિત્રકળા તરફ આપણું ધ્યાન ખેંચ્યું, ત્યારે જ આપણે મુસલમાન સમયની એ હિંદુ કલાને પિછાનતા થયા. ત્યાં સુધી તો છેલ્લાં હજાર વર્ષની એ કલાને આપણે 'પડતીની કલા' કે 'લોકકલા'નું નામ આપી બેઠા હતા. પરંતુ તેરમી ને ચૌદમી સદીનાં મુસ્લિમ આક્રમણોની અંધાધૂંધીમાં એ કલા કેમ ટકી રહી અને તેને ૧૦થી ૧૨મી સદીનાં અદ્‌ભુત કલારત્નો સાથે કેવો સંબંધ હતો એનો આપણે કદી વિચાર કર્યો ન હતો. માત્ર એટલો અસ્પષ્ટ ખ્યાલ આપણને હતો કે કલાસંસ્કારનાં મૂળ પ્રજાહૃદયમાં એટલાં ઊંડાં હતાં કે તેનો સંપૂર્ણ નાશ થયો નહિ.

ગમે તેમ, પણ મુસ્લિમોએ કરેલા મહાવિનાશ પછી હિંદુત્વ એ માત્ર તેના પ્રત્યાઘાતરૂપે 'લોકચળવળ' બની ગયું. પુનર્જીવનની આ ચળવળનાં મૂળ તો જોકે બારમી સદીમાં નંખાયાં હતાં, તોપણ ખરી આધ્યા-




ગુજરાતમાં છપાએલું તથા રંગાએલું દગલાબંધ કાપડ પરદેશ જતું તે દર્શાવતો ઓટનો આ કટકો, છેક ઇજિપ્તમાં ફુસ્તાતના અવશેષોના કચરાના ઢગલામાંથી મળી આવેલો છે.



સોલંકી યુગનું જે સમૃદ્ધ શિલ્પ ૧૦મી અને ૧૨મી સદી વચ્ચે સમસ્ત ગુજરાત અને સૌરાષ્ટ્ર-માં વિલસી રહ્યું હતું તેના નમૂના ઘૂમલી, દ્વારકા, મિયાણી, માધવપુર, મોઢેરા, પાટણ વગેરે અનેક સ્થળે મળી આવે છે. એવા જ ઇડર પાસેના શામળાજીના મંદિરની બહારના કંદોરા પરના સમૃદ્ધ-મનોહર શિલ્પ તેનો નમૂનો અહીં આપ્યો છે. (ફોટો: પંચાણભાઈ વારા) નીચે: ચિતોડગઢ ઉપરના ૧૫મી સદીના અંત ભાગના જૈનમંદિર 'શૃંગાર-ચોરી' ઉપર થએલી તેની અસર સરખાવો.

રાજકુળો તથા ભાયાતોને આકર્ષ્યાં, અને તેમણે છૂટે હાથે આપેલાં દાનોથી તે પોષાયો. એમણે જે સમૃદ્ધ મંદિરો સર્જ્યાં તેને બાંધવા તથા પોષવા પાછળ અઢળક ધન ખર્ચાયું, એટલું જ નહિ, પણ તેના સ્થાપત્યમાં જે ઉન્નત કલ્પના અને તેનાં સુશોભનોમાં જે ઉચ્ચ કક્ષાની રસિકતા દર્શાવી તે માત્ર સુસંસ્કૃત વર્ગમાં જ પાંગરી શકે. જોકે આ વસ્તુસ્થિતિ માત્ર મજબૂત રાજ્યઅમલ અને સ્થિર સામાજિક વાતા-વરણ ધરાવનાર શ્રીમંત અને જાહોજલાલ રાજ્યોમાં જ શક્ય હતી. મુસ્લિમોના આક્રમણ પહેલાંની ઓછામાં ઓછી બે સદીઓમાં આ પરિસ્થિતિ હતી. અને એ ક્ષત્રિય કુળો જોકે અંદરઅંદર સદા લડતાં રહેલાં તોપણ એ સ્થિતિ ટકી રહી હતી.

પરંતુ ૧૧૯૨માં શાહબુદ્દીનને હાથે થએલી પૃથ્વીરાજ(ત્રીજા)ની હારથી, મધ્યકાલીન સંસ્કૃતિના આ સોનેરી સમયનો અંત આવ્યો.







જેવી શિલ્પ-સ્થાપત્યમાં તેવી જ મૂર્તિકામ (જુઓ સામેના પાને) તથા ગ્રંથચિત્રણામાં પણ ગુજરાતની કળાએ ભારતના બીજા દેશો ઉપર સ્પષ્ટ અસર કરેલી છે. અહીં ઉપરના ભાગમાં ૧૫મા સૈકાની 'બાલગોપાલસ્તુતિ' નામની એક પોથીમાંનું ચિત્ર આપ્યું છે, અને નીચે, મારવાડમાં સોળમી સદીના અંત ભાગે લખાએલા જૈન 'ઉત્તરાધ્યયન સૂત્ર'ની પોથીનું એક પાનું આપ્યું છે, જેમાં ગુજરાતની કળાનાં જ ચિહ્નો છે. (વડોદરા મ્યૂઝિયમ)

મુસ્લિમોએ અસંખ્ય મંદિરો તોડી પાડ્યાં, ખંડિત કર્યાં તેમજ ભ્રષ્ટ કર્યાં એ ખરું; પણ એ સમૃદ્ધ યુગની સુંદર કલાના નાશનું કારણ એકલી મુસલમાન મૂર્તિભંજકતા જ ન હતી. છેક પંદરમી સદી સુધી મુસલમાનોની સીધી સત્તા માત્ર હિંદના થોડા ભાગ પર જ હતી, ને બાકીના બીજા ભાગમાં તો તેઓ થોડાંક અગત્યનાં સ્થળેથી હિંદુઓની પ્રવૃત્તિનાં મોટાં મોટાં સ્થળો પર વિશાળ સૈન્ય સાથે હૂમલા કરી તેમની સત્તા તોડી પાડવામાં જ સંતોષ માનતા. પણ આ હૂમલાઓની ખરી અસર તો, સીધી કરતાં પરોક્ષરીતે વધારે થઈ. મુસલમાનોથી નાસતા ફરતા આ રાજપૂતો અને બ્રાહ્મણોએ નવાં રાજ્યો અને સુરક્ષિત સ્થાનોની શોધમાં આમતેમ ભટકીને વધારે પછાત રાજ્યો અને ભાયાતોની ઠકરાતો પર, તથા થર (પારકર), મધ્ય હિંદ ને હિમાલયની તળેટીઓમાં રહેતી જાતો પર તરાપ મારી. આ રીતે બગરદેશ, અજમેર ને દિલ્હીથી નાઠેલા ચાહમાનો નીમરાન, રણથંભોર, સીરોહી, પાવાગઢ-ચાંપાનેર, છોટાઉદેપુર અને દેવગઢબારીઆમાં જઇ વસ્યા; પોતાને ગહરવાડોમાંથી ઊતરી આવેલા માનતા રાઠોડો મારવાડમાં આવ્યા; બુંદેલાઓએ ચંદેલનો નાશ કર્યો; ચાહમાનોએ ચિતોડમાંથી સિસોદિયાઓ(ગહલોત)ને લગભગ હાંકી કાઢ્યા; તોમારો બીઆસની ખીણમાં ધમેરી (નૂરપુર)માં જઇ વસ્યા. વળી, જ્યાં જૂનાં રાજ્યોનો નાશ ન થયો તેમણે અસંખ્ય નિરાશ્રિતોને આશ્રય આપવો પડ્યો અને તેમની બેકાયદા મનોવૃત્તિથી આ રાજ્યોની સ્થિતિ વર્ષો સુધી સંગીન બની ન શકી.

અધૂરામાં પૂરું બન્યું એવું કે, ૧૯મી સદીમાં પંજાબની નહેરો થઈ તે પહેલાંના કાળમાં, નીચે ડીસાથી ઉપર છેક હિમાલયની તળેટી સુધીનો આખો વાયવ્ય હિંદ પશુ-ઉત્પાદનના કેન્દ્ર રૂપ હતો; અને આ મુલકમાં માત્ર કૂવા કે તળાવોથી જ થોડા ભાગમાં ખેતી થતી. એટલે આવા કટોકટીના સમયમાં એ ખેતીનો નાશ થયો અને જીવન અર્ધ ભટકેલ કક્ષાએ પહોંચ્યું. પરિણામે, મુસલમાન ચડાઇથી ઉત્પન્ન થએલી રાજકીય અને સામાજિક અંધાધૂંધીએ માત્ર આર્થિક તંત્રનો જ નહિ પરંતુ સાંસ્કૃતિક વિનાશ પણ કર્યો અને પૂર્વ મધ્યકાલીન યુગની એ સુંદર કળાનો જ્યાં પરદેશીઓએ નાશ ન કર્યો ત્યાં પણ


દીપલક્ષ્મી: ડાબી બાજુ-ઉત્તર ગુજરાતની સોળમી સદીની પિત્તળની દીવી; જમણી બાજુ--તેની અસરવાળી રજપૂતાનાની સત્તરમી સદીની (૧૫૯૦-૧૬૨૦) દીવી (વડોદરા મ્યૂઝિયમના સૌજન્યે)

તે કરમાઈ અને અધોગતિને પામી. આમ, બારમી સદી સુધી (અને કેટલેક ઠેકાણે તેરમી સદી સુધી) જળવાઈ રહેલી કલા, ખિલજી અને તઘલખ સમયમાં તો ઉત્તર હિંદમાંથી નાશ પામી.


ગુજરાતના સ્થાપત્યની અસર મેવાડ સુધી પહોંચી હતી તે આપણે સામેના પાને શૃંગારચોરીના ચિત્ર પર જોયું. પણ અહીં (ડાબી બાજુનું) ચિત્ર બતાવે છે તેમ છેક કુમાઉં પ્રદેશના દ્વારાહાટમાંના ૧૫મી સદીના ગુજ્જર દેવના મંદિર સુધી તેની અસર છે. (નીચે: જમણી બાજુ) ઉદયપુર પાસે નાગદામાંનું ૧૩મી સદીનું એવું જ જૈન મંદિર (ફોટો · લેખક)



ત્યાર પછી એ જો કાંઇક સજીવન થઈ તો તે ૧૪મી સદીમાં થએલા પુનરુત્થાનને લીધે. આ પુનરુત્થાન અકબરના સમયમાં મધ્યાહ્ને પહોંચ્યું અને પછી સત્તરમી સદીમાં તો તેનાં વળતાં પાણી થયાં. કલામાં આવેલું આ પુનરુત્થાન ગુજરાતને જ આભારી છે અને તે ગુજરાતને માટે ગૌરવની વાત છે. જોકે એ દેશને પણ મૂર્તિભંજક મુસ્લિમોએ ઓછો હેરાન નહોતો કર્યો. ચન્દ્રાવતી, અણહિલવાડ પાટણ, સિદ્ધપુર, મોઢેરા, વડનગર, તારંગા, સોમનાથ-પાટણ, ડભોઇ વગેરે સ્થળોનાં ખંડેરો ગુજરાતમાં પદ્ધતિસર થએલા વિનાશના કરુણ પુરાવા છે. પરંતુ ગુજરાતનો સદાય રસકસવંતો ને સમૃદ્ધ સપાટ પ્રદેશ એવો તો ફળદ્રુપ છે કે એ સૌરાષ્ટ્ર, મધ્યપ્રાંતો અને રજપુતાનાના સુક્કા ઉચ્ચ પ્રદેશ કરતાં તેમજ પંજાબ અને દોઆબ કરતાં પણ અદ્‌ભુતરીતે જુદો જ તરી આવે છે. પંજાબ ને દોઆબ તો આજે નહેરોથી ફળદ્રુપ થયા. પણ જૂના સમયમાં તો, તેની નદીઓનાં વેગ અને પૂરે તેના તીરપ્રાંતોને એટલા ઊંડે કોરી ખાધેલા કે કૂવા દ્વારા ખેતીને માંડ પાણી પૂરું પાડી શકાતું. આમ, મધ્યકાલીન ગુજરાતની સંસ્કૃતિ એના પડોશીઓ કરતાં ક્યાં યે ઊંચી અને તરબતર હતી.

તેમાં યે ઈ. ૯૬૧થી ૧૨૨૨ સુધીના સોલંકી (ચાલુક્ય)ઓની કળા તો એ કાળના પરમારો, ચાહમાનો, ગહરવાડો વગેરેની તથા પશ્ચિમ હિમાલયના કાશ્મીર સુદ્ધાંની કલા કરતાં, કેવળ રસસમૃદ્ધિમાં જ નહિ પણ મબલખતામાં યે, આગળ નીકળી ગઇ હતી અને સૌ કરતાં વધુ શોભનભરપૂર અને હૃદયસ્પર્શી હતી. સોલંકીઓની એ સમૃદ્ધ કળાનાં ખંડેરો આજે નરાતાળ છિન્નભિન્ન દશામાં છે છતાં પણ, સ્થાપત્યની નિ:શેષ વિવિધતાઓ, મૂળ સ્વરૂપોને ગાળી નાખીને ઉપજાવેલી અખૂટ ચાતુરીભરી રચનાઓ, અને ભાવની નાજુકતા જેટલી જ સ્વરૂપની વિવિધતાથી ભરેલી અસંખ્યાત લાવણ્યભરી એની મૂર્તિઓ, એ બધાંનું એટલું બધું તો મબલખ પ્રમાણ છે કે એ કાળે સર્જનનો તો જાણે ગુજરાતમાં ધોધ વહેતો હશે એવું લાગે. આથી, અહીં જ્યારે મુસ્લિમ આક્રમણ થયું હશે ત્યારે એટલા બધા કલાકારો હશે કે તેમાંના ઘણાખરા જુદીજુદી જગ્યાએ ચાલ્યા ગયા હશે અને ત્યાં વસીને તેમણે નવાં કલાકેન્દ્રો સ્થાપ્યાં હશે. એ જ રીતે અત્રેનો વસ્ત્રવણાટનો ઉદ્યોગ પણ એટલો જામેલો હશે કે તે પણ આ હુમલામાંથી સ્વસ્થ થઈ પરદેશ માલ મોકલવા જેટલો સ્થિર થયો હશે. છેક ઇજિપ્તના ફુસ્તાતના અવશેષોમાંથી ગુજરાતમાં છપાએલા તથા રંગાએલા કાપડના અવશેષો મળી આવ્યા છે. (જેનો નમૂનો આ લેખને શરૂઆતને પાને આપ્યો છે) તે દર્શાવે છે કે ૧૩મી સદીમાં તો ગુજરાત અરબ દેશોને ઢગલાબંધ સુંદર કાપડ મોકલવા જેટલું સ્થિર થઇ ગયું હતું.

વળી, ગુજરાતની સમૃદ્ધિ, અને અરબી સમુદ્રના ઈશાન ખૂણા પરના તેના વિશિષ્ટ સ્થાનને લીધે ગુજરાત છેક પ્રાચીન સમયથી આંતરરાષ્ટ્રીય વેપારનું કેન્દ્ર બની રહ્યું છે. નાનાં વહાણોના યુગમાં ખંભાતનો અખાત તો એવો આદર્શ અખાત હતો કે જે દ્વારા તેને મળતી નદીઓ પરનાં બંદરોએ સરળતાથી પહોંચી જવાતું. અને ગુજરાતના એકેએક શહેરમાંથી માળવા તથા મારવાડ તરફ જતા ગુજરાતના રસ્તાઓ હિંદના અંતરાળના ભાગમાં જવા માટે રેલવે યુગ પહેલાંના શ્રેષ્ઠ વ્યાપારમાર્ગો હતા. આ જમીનમાર્ગે વેપાર ખેડનાર મોટે ભાગે જૈન લોકો હતા. એ કોમની વિવિધ જાતિઓ છેક પ્રતિહાર યુગથી આખા રાજપુતાનામાં પ્રસરેલી જોવામાં આવે છે,–કદાચ સીથિયનોના સમયમાં પણ તેમની સારી જેવી સંખ્યા ત્યાં હશે. જૈન કોમ સદા યે ખૂબ ચિવટતાપૂર્વક પોતાની પ્રાચીન પ્રણાલિકા સાચવતી આવી છે, અને ખાસ કરીને પ્રાચીન કલાને તો તેમણે, મંદિરોનાં બાંધકામ, શિલ્પશણગાર અને સચિત્ર પોથીઓ પાછળ ખૂબ દ્રવ્ય ખરચતા રહીને જાળવી રાખી છે. રજપુતાનાના રણના છેક અંતરાળના ખૂણે અને કાઠિયાવાડનાં દુર્ગમ સ્થાનોમાં રહેતા જૈનો તો, ભલભલી કટોકટીના પ્રસંગોએ પણ ગુજરાતના જે કોઈ કલાકારો જુલમના માર્યા ત્યાં જઇ ચડ્યા તે સૌને આશ્રય આપી શકે એવી સ્થિતિમાં હતા.

ગુજરાતનું બીજું પણ એક અનુકૂળ પાસું હતું. મરુદેશ (મારવાડ), જંગલદેશ (ઈડર, વાગડ અને વિંધ્ય), મહ્લાની, તથા સૌરાષ્ટ્ર અને પશ્ચિમ હિંદના રણનાં રજપૂત રાજ્યો ગુજરાત ફરતી એક પ્રકારની એવી કિલ્લેબંદી રચી રહ્યાં હતાં કે મુસ્લિમ આક્રમણ અહીં ઉત્તર હિંદમાં ફેલાએલી નાશની આંધીની માફક આવી શક્યું નહિ. માત્ર ૧૧૯૮માં કુતુબુદીન ઐબકને હાથે થએલા ભીમદેવ બીજાના પરાજય અને અણહિલવાડની લૂંટના પ્રથમ આઘાત પછી જ મુસલમાનો ગુજરાતમાં પગપેસારો કરી શક્યા. પણ આ પ્રથમ ચડાઇ અઢારમી સદીની નાદીરશાહ અને અહમદશાહની દિલ્હીની ચડાઇ જેવી હતી. એ બે ચડાઇઓએ જેમ મુઘલાઈનાં મૂળ હચમચાવી નાખ્યાં, એ જ રીતે ઐબકની ચડાઇએ સોલંકીઓની સત્તાને ઢીલી કરી નાખી.

[આ લેખનો વધુ ભાગ પુષ્કળ ઉદાહરણચિત્રો સાથે આવતા અંકમાં]

સુભાષિત

રત્નમણિરાવ ભીમરાવ

અમારા એક મુરબ્બી કહેતા કે મોંમાં બત્રીસ દાંત છે. દંતધાવન-દાતણ કર્યાનું સાર્થક ક્યારે થાય કે જ્યારે બત્રીસ અક્ષરોનો બનેલો એક અનુષ્ટુપ શ્લોક રોજ મોઢે કરીએ. એથી મુખ અને મન બન્નેની શુદ્ધિ થાય. એક એવું સુભાષિત:

इदमेव हि पाण्डित्यं चातुर्यमिदमेव हि।
इदमेव सुबुद्धित्वं आयादल्पतरो व्ययः॥

(અનુવાદ)

'ખર્ચ આવકથી ઓછું', એ સાચી ચતુરાઈ છે;
સુબુદ્ધિત્વ ખરું એમાં, સાચું પાંડિત્ય એ જ છે.

[વિવરણ: સંસ્કૃત કવિનું આ સાદું સુભાષિત કેટલું મૂલ્યવાન છે એ વાત તો સૌ કબૂલ કરે છે, પણ એ પ્રમાણે આચરે છે કેટલા? કોઇ કહે કે આજે જીવનની જરૂરિયાતોને જ ન પહોંચાતું હોય ત્યાં આવો બોધ વ્યર્થ છે. પણ એ જરૂરિયાતોમાં આપણે કેટલો વ્યર્થ ઉમેરો કરીએ છીએ તે કોઈ જોતું નથી. આજનો જમાનો અસાધારણ સંજોગોમાંથી પસાર થાય છે. તેમાંથી પાર થવા પરિગ્રહો ઓછા કરવા એ જ એક માર્ગ છે. ઉપરના વચનનું પાલન ચુસ્તપણે કરવાથી સુખ તો મળે જ; તે સાથે સંજોગોનો સામનો કરવાની તપશ્ચર્યા ને શિસ્ત પણ પ્રાપ્ત થાય, અને દુનિયાનું દુ:ખ અરધું ઓછું થઈ જાય.]

ચિત્રકામના રંગો

શાળાના અભ્યાસક્રમમાં ચિત્રકાર્ય હવે અનિવાર્ય થયું છે. તેમાં પરદેશી રંગો અને પીંછીઓથી દેશનું ઘણું દ્રવ્ય બહાર જાય છે. એ બચાવવાને દેશમાં જે કંઈ પ્રયત્નો થાય તે આવકારપાત્ર ગણાય. મહેમદાવાદના શ્રી રામકૃષ્ણ હોમઈન્ડસ્ટ્રીઝમાંથી શ્રી શંકરભાઇ મિસ્ત્રીએ શાળા માટેની રંગ-ટીકડીઓના જે નમૂના અમને મોકલ્યા છે તે વિદ્યાર્થીઓના કામ માટે ઠીક પ્રકારે ઉપયોગી અને સસ્તા થઈ પડશે.

એકી સાથે બે કામ કરતું આપણું અનેરું અંગ

જીભ


નવાઇની વાત છે !

ℂ આપણને આંખ, કાન વગેરે બબ્બે છે, છતાં તે કામ એક જ કરે છે; જ્યારે જીભ એક જ છે, છતાં કામ બે કરે છે,—સ્વાદ પારખવાનું અને બોલવાનું. ℂ અને એ સ્વાદની વાતો ય વળી અજબ છે : એમાં મોટો ભાગ તો ગંધ ભજવે છે. કૉફી ખરી રીતે કિવનાઇન કરતાં પણ કડવી છે; છતાં તેની સુગંધને કારણે તે ઓછી કડવી લાગે છે ! ℂ ડૂંગળીની પણ જે વાસ આવે છે તે તેની ગંધને લીધે; બાકી, આંખ અને નાક બંધ કરી ડૂંગળી અને સફરજનના ટુકડા એકલી જીભ વડે નહિ પારખી શકો ! ℂ એક ઓર વાત : મરચાં તીખાં લાગે છે, ને પીપરમિન્ટ ઠંડી લાગે છે તે જીભના સ્વાદથી નહિ, પણ ગરમ-ઠંડાંનું ભાન કરાવતા જીભના જ્ઞાનતંતુઓને લીધે ! ℂ અને જીભ માણસનો રોગ વ્યક્ત કરે છે તે જાણો છો ?

આ લેખ વાંચો

કાયાની કરામત · હપતો નવમો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી




મોં પહોળું કરીને પૂરી બહાર કાઢેલી જીભની આ આકૃતિમાં જીભના કયા કયા ભાગ ઉપર કયો સ્વાદ પારખી શકાય છે તે જમણી તરફ લખી બતાવ્યું છે, અને તેની સામે, ડાબી તરફ, તે તે સ્વાદનું ચિત્ર આપ્યું છે. ગળપણ કે મિઠાશ જીભના ટેરવા ઉપર પરખાય છે તેથી તેની સામે ચૉકલેટ અને પીપરમિન્ટનું ચિત્ર છે. ખારાશ અને ખટાશ જીભની ડાબી-જમણી બંને કિનારો ઉપર પરખાય છે ત્યાં લીંબુ અને મીઠાના ગાંગડા દર્શાવ્યા છે; અને કડવો સ્વાદ છેક જીભના પાછલા ભાગમાં પરખાય છે, ને દવાના પ્યાલાથી દર્શાવ્યું છે. સ્વાદનું આ જ્ઞાન આપણને જીભમાં ઠેરઠેર રહેલી માંસાંકુરોમાંની સ્વાદ-કલિકાઓ દ્વારા થાય છે. ચિત્રમાં એવા માંસાંકુરો નાની સફેદ ગોળાકૃતિઓ વડે દર્શાવ્યા છે, જેનો મોટો ભાગ ઉપર કમાનાકારે આવેલો છે. એ માંસાંકુરો તથા સ્વાદકલિકાઓની અંદરની રચના. પાછળના પાના ઉપર તેનાં મોટાં ચિત્રો કરીને દર્શાવી છે. જીભના મથાળે દેખાતા મોંના ગોલકમાં ટૉન્સિલો, ગળજીભ અને પડજીભનાં સ્થાન દર્શાવ્યાં છે.

ઘંટીનાં બે પડ જેવી દળતી દાંતની બે હાર વચ્ચે ખોરાકને બરાબર ચાવવા અને પીસવા માટે જુદાજુદા દાંત વચ્ચે તેને હડસેલવાનું કામ જીભનું છે. દાંતની ઉપર, આગળ-પાછળ અને મોંમાં ખૂણેખાંચરે ફરી વળીને દાંત અને મોંને સાફ રાખવાનું કાર્ય પણ જીભ કરે છે. દાંતમાં ઝીણી સરખી કરચ ભરાઇ રહી હોય તો જીભ તેને બહાર કાઢે ત્યારે જ જંપે છે. વળી ખોરાક કે પીણામાં વાળ, તણખલું કે કાંકરી હોય તો તરત તેને પકડી પાડી ગળામાં જતું રોકી રાખે છે. ઇજા પમાડે તેવી 'પરાયી' ચીજને તે પેટમાં જવા નથી દેતી. આ રીતે તે હોઠની જેમ રક્ષકનું કાર્ય કરતી સ્પર્શેન્દ્રિય પણ છે. પશુઓમાં તે શરીર સાફ કરવા સારુ ટુવાલ અને વાદળીની ગરજ પણ સારે છે. પશુઓ પોતાનાં જાયાં પ્રત્યેનો અપત્ય-સ્નેહ અને પ્રેમદર્શન પણ એની દ્વારા જ દર્શાવે છે.

જીભની ઉપયોગિતાનો પાર નથી. આ એક જ અંગ એવું છે કે જે બે કાર્યો કરે છે : બોલવાનું અને સ્વાદ પારખવાનું. બીજી કેટલીક જ્ઞાનેન્દ્રિયો બબ્બે છે, છતાં કામ તો એક જ ઉપાડે છે. દાખલા તરીકે આંખ, કાન અને નસકોરાં. જીભ વડે સ્વાદનું જ્ઞાન થાય છે એટલે એ જ્ઞાનેન્દ્રિય છે; તે બોલવાનું કામ કરે છે માટે તે કર્મેન્દ્રિય પણ છે.

જીભ માંસપેશીઓના સમૂહની બનેલી છે. એમાં, ગળાથી શરૂ થઇને હોઠની દિશામાં, થોડા માંસપેશીઓ ઊભી તેમજ થોડીક આડી ગોઠવાએલ છે. એના ઉપર અંતસ્ત્વચાનું આવરણ છે. માંસપેશીઓ આમ છૂટી, તેમજ એકીસાથે હાલીચાલી શકે એવી છે. વળી આખા શરીરમાં માત્ર જીભની જ માંસપેશી એવી છે કે જે એક જ છેડે બંધાએલી અને બીજા છેડે છૂટી છે. (બીજી બધી માંસપેશીઓ બન્ને છેડે સ્નાયુબંધનથી બંધાએલી છે.) આથી જીભને ગમે તે દિશામાં ફેરવી શકાય છે, મન ફાવે તેમ વાળી શકાય છે, લાંબીટૂંકી કરી શકાય છે.

માનવીમાં તેનો વિશિષ્ટ ઉપયોગ બોલવા માટે છે. આથી માનવીને અન્ય પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થયું છે. માણસની વાણીનું વહન કરનારી જીભ, તેનાં મગજ અને હૃદય બંનેનું પ્રતિનિધિત્વ



પાછળના પાને જીભના ચિત્રમાં નાની સફેદ ગોળાકૃતિઓ રૂપે જીભ ઉપરના જે માંસાંકુરો દર્શાવ્યા છે તેવા એક અંકુરનું અતિ મોટું કરેલું રૂપ ઉપર ડાબી તરફની આકૃતિમાં બતાવ્યું છે. (અંગ્રેજીમાં એને પૅપિલી કહે છે.) આપણી જીભની સપાટી જે ખરબચડી લાગે છે તે આ માંસાંકુરોને લીધે. બિલાડી, વાઘ, સિંહ વગેરે જેવાં હિંસક પશુઓમાં તો આ માંસાંકુરો ખૂબ ઉપસેલા અને ગળાની દિશામાં વળેલા તીણા કાંટા જેવા હોય છે. એ માંસાંકુરોમાં આપણને સ્વાદનું ભાન કરાવનારી સ્વાદ-કલિકાઓ (ટેસ્ટ-બડ્ઝ) આવેલી હોય છે. ડાબી બાજુના ચિત્રમાં માંસાંકુરને બે પડખે કાળી કળીઓ રૂપે તે દર્શાવી છે, અને જમણી તરફની મોટી ગોળાકૃતિમાં એવી એક સ્વાદકલિકાને ખૂબ મોટી કરીને વચ્ચે દર્શાવી છે. એ સ્વાદ-કલિકામાં લોહીની ઝીણી શિરાઓની સાથોસાથ જ્ઞાનતંતુઓ પણ જોડાએલા હોય છે, જેના બીજા છેડા મગજ સાથે જોડાએલા હોય છે; એટલે અહીં વસ્તુનો સ્પર્શ થતાં જ તેના સ્વાદનો સંદેશો મગજના સ્વાદ-કેન્દ્રને પહોંચે છે, અને તેની દ્વારા આપણને સ્વાદનું જ્ઞાન થાય છે.

ધરાવે છે: મન અને હૃદય એ બેની વચ્ચે એનું સ્થાન છે. એની દ્વારા માણસ મનના વિચાર અને હૃદયની લાગણી, બંને વ્યક્ત કરે છે. માનવીના સ્વભાવ અને સંસ્કારનું દર્શન કરાવતી જીભ જીવનમાં મીઠાશ પણ ફેલાવે છે, અને ઝેર પણ.

જીભની અંતસ્ત્વચાની વિશિષ્ટતા તેમાં જે બહુસંખ્ય શ્લેષ્મ ગ્રંથીઓ અને માંસાંકુરો (પૅપિલી Papilloe)આવેલાં છે તેને લીધે છે. જીભના આગલા ભાગની ઉપલી બાજુએ આ માંસાંકુરો ગીચોગીચરીતે આવેલા છે, આથી ત્યાંની સપાટી ખરબચડી હોય છે. હિંસક પશુઓમાં અને ખાસ કરીને માર્જાર વર્ગનાં (બિલાડા, વાઘ, સિંહ, ચિત્તા આદિ) પ્રાણીઓમાં તો આ માંસાંકુરો ઉપસેલા અને મોટા, ગળાની દિશામાં વાંકા વળેલા તીક્ષ્ણ કાંટા જેવા હોય છે. ખાતી વખત હાડકાં ઉપર સજ્જડ ચોંટેલું માંસ સાફ કરીને ઉખેડી ચાટવા માટે તે કાનસ જેવું કામ કરે છે, અને શરીર ઉપરના વાળ સાફ કરવા માટે કાંસકા જેવું કામ આપે છે. આપણા હાથ ઉપર જો વાઘની જીભ ફરે તો લોહીના ટશિયા ફૂટે! માંસાહારી પ્રાણીઓની જીભ જેવી કરકરવાળી ખરબચડી હોય છે તેની સરખામણીમાં આપણી જીભ તો સુંવાળી અને લીસી છે, કારણ કે આપણે વનસ્પત્યાહાર કરવા માટે સરજાયા છીએ.

જીભ ઉપરના આ માંસાંકુરો અને શ્લેષ્મ-ગાંઠો મોટી કરીને જોઈએ તો આકૃતિએ દાતરડાની કરકર જેવાં, પીંછીના ઊભા વાળ જેવાં અને ઘંટ વગાડવાની મોગરી જેવાં દેખાય છે, અને આવાં કાર્યો કરવા માટે જ તે યોજાએલાં છે. જીભના સ્નાયુઓ કોળિયાને તાળવા સાથે દબાવે છે અને આગોપાછો ફેરવે છે. આમ થતાં તે જીભની કરકર અને ઘંટ વગાડવાની મોગરી ઉપર પીસાય છે અને ગુંદાય છે. આમ થવાથી દાંત ઉપર ચૂર્ણવિચૂર્ણ થએલો ખોરાક વધારે નરમ ને બારીક બને છે. જીભની માંસપેશીઓના હલનચલનથી કોળીઓ ગોળાકાર લચકો બની જીભના પાછલા ભાગ ભણી ખસે છે ને ત્યાંથી ઊછળીને તે ગળામાં ફેંકાય છે. જીભ હલાવ્યા વિના ખાવાનો કે પીવાનો અખતરો તો કરી જુઓ! ત્યારે જ ખ્યાલ આવશે કે આપણી એ જીવનાધારક ક્રિયાઓ માટે જીભની કેટલી બધી ઉપયોગિતા છે.

ખાવાના આનંદમાં મુખ્ય સ્થાન સ્વાદનું છે. અને એ સ્વાદનું જ્ઞાન પણ જીભની અંતસ્ત્વચામાં પથરાએલા સ્વાદ-બોધક અંકુરો કે સ્વાદ-કલિકાઓ (Taste Buds) દ્વારા થાય છે. એ સ્વાદ કલિકાઓમાં ઝીણી રક્તવાહિનીઓની સાથે જ્ઞાનતંતુઓ પણ હોય છે, કે જેના બીજા છેડા મગજમાં આવેલા સ્વાદ-કેન્દ્ર સાથે જોડાએલા હોય છે. એ જ્ઞાનતંતુઓના કાર્યથી આપણને સ્વાદનું જ્ઞાન થાય છે.

આ સ્વાદ-કલિકાઓ કે અંકુરો જીભની ધારો અને ટેરવા ઉપર પુષ્કળ સંખ્યામાં છે, જ્યારે જીભની પાછલી બાજુએ થોડા. પણ ખૂબીની વાત તો એ છે કે બધા વિવિધ સ્વાદો જીભની સપાટી ઉપર એક જ સ્થળે પરખાતા નથી, પણ જીભના જુદાજુદા ભાગો ઉપર જુદીજુદી જાતના સ્વાદ પરખાય છે. અને એ દરેક પ્રકારના સ્વાદ પારખવા માટેના અલગઅલગ જાતના સ્વાદ-અંકુરો જુદાજુદા વિશિષ્ટ સ્થાને ગોઠવાએલા છે. જીભના ટેરવા ઉપર ગળ્યો સ્વાદ પરખાય છે. આથી જ બાળકો ગળ્યો પદાર્થ જીભના ટેરવા પર રાખી ચાટ્યા કે ચૂસ્યા કરતાં દેખાય છે. જીભની ડાબી-જમણી બન્ને કિનાર ઉપરના સ્વાદ-અંકુરો ખારા ને ખાટા સ્વાદનું જ્ઞાન કરાવે છે, જ્યારે કડવો સ્વાદ જીભના છેક પાછલા ભાગમાં પરખાય છે!

જીભના વચલા ભાગમાં તો સ્વાદ-પરખની શક્તિ જ નથી. ટેરવામાં વળી સ્પર્શનું પણ નાજુક પરંતુ ચોક્કસ જ્ઞાન થાય છે. ગરમ, ઠંડું, વેદના, દબાણ અને પદાર્થના આકારનું જ્ઞાન એ ટેરવા ઉપરના સ્પર્શ-શક્તિના જ્ઞાનતંતુઓ દ્વારા જ થાય છે. જીભ ઉપરાંત આપણું પોચું તાળવું, પડજીભ, ટૉન્સિલ ને ગળાનો ઉપલો ભાગ પણ સ્વાદ પારખવાની થોડી થોડી શક્તિ ધરાવે છે.

સ્વાદ-કલિકાઓ દ્વારા મૂળ ચાર જાતના સ્વાદનું જ્ઞાન થાય છે: ખારો, ખાટો, ગળ્યો અને કડવો. એ પૈકી છેલ્લા બે સ્વાદ પરખવાની શક્તિ તો દરેક વ્યક્તિમાં ઘણી તેજ હોય છે. આ મૂળ સ્વાદોના મિશ્રણમાંથી અને ગંધ દ્વારા પછી બીજા સ્વાદોનું જ્ઞાન થાય છે.

સ્વાદમાં પચાસ ટકા ભાગ ગંધ ભજવે છે. કૉફી ખરી રીતે ક્વિનાઇન કરતાં પણ કડવી છે, પરંતુ તેની સુગંધ મોઢામાંથી નાકના ગંધ-જ્ઞાન-તંતુઓમાં ભળતાં તે રુચિકર લાગે છે. એવી બીજી નવાઈની વાત એ છે કે ડુંગળીનો સ્વાદ જીભ નથી પારખતી. પણ તેના વાયુઓ ગળામાંથી નાક વાટે ગંધ જ્ઞાન આપતા તંતુઓમાં ભળતાં જ

ગંધનું જ્ઞાન ઉપજાવે છે તેને જ આપણે ડુંગળીનો સ્વાદ આવ્યાનું કહીએ છીએ! ફળ ખાવામાં પણ તેના સ્વાદ માટે ગંધ જ અગત્યનો ભાગ ભજવે છે. આંખ અને નાક બંધ કરી એક અખતરો કરી જુઓ. કેવળ સ્વાદથી ડુંગળી અને સફરજન ઓળખવાં મુશ્કેલ થઇ પડશે. ખરાબ 'સ્વાદ'વાળો ખોરાક ખરી રીતે ખરાબ વાસ મારનો જ હોય છે. આવી જ રીતે કોઇક બાબતમાં આપણે જેને 'ગંધ' કહીએ છીએ તે ખરી રીતે સ્વાદ હોય છે! દાખલા તરીકે ક્લૉરૉફૉર્મની મીઠી વાસ તે 'વાસ' નથી પણ 'સ્વાદ' છે. ક્લૉરૉફૉર્મની હવા જીભના ટેરવા ઉપરના સ્વાદ-બોધક અંકુરોને ઉત્તેજે છે. આથી આપણને તેનો મીઠો સ્વાદ લાગે છે, જો કે આને આપણે ભૂલથી મીઠી વાસથી ઓળખીએ છીએ. સખત સળેખમ તથા શરદીવાળાને બધી ચીજોનો સ્વાદ એકસરખો યા બધો ખોરાક સ્વાદવિહીન લાગે છે કારણ કે તેના ગંધ-જ્ઞાનતંતુઓ કાર્ય કરતા નથી હોતા.

વળી તીખો-તમતમતો કે રવરવાટવાળો સ્વાદ પણ સ્વાદ-અંકુરોના કાર્યથી નહિ પરંતુ ગરમ ઠંડાનું જ્ઞાન કરાવતા જીભના જ્ઞાનતંતુઓના કાર્યથી પરખાય છે! મસાલેદાર તીખી વાનીઓ જીભના જ્ઞાનતંતુઓ ઉપર જેટલી અસર ઉપજાવે તેટલી જ તે તીખી લાગે છે. રાઈ, સૂંઠ અને મરચાંના સ્પર્શથી ગરમીના સંજ્ઞાવાહક જ્ઞાનતંતુઓ મગજમાં જે સંદેશો પહોંચાડે તે મુજબ તે તીખાં અને તમતમાટભર્યાં લાગે છે. એ જ રીતે પીપરમિન્ટનો સ્વાદ ઠંડીના સંજ્ઞાવાહક જ્ઞાનતંતુઓ ઉપરની અસરનું જ પરિણામ છે.

સ્વાદિષ્ટ ચીજ જીભ ઉપર કેવળ મૂકવાથી જવલ્લે જ તેનો સ્વાદ આવે છે. તે જીભની સપાટી ઉપર થૂંકથી ઓગળેલી હોવી જોઇએ. ઓગળ્યા વગરના પદાર્થનો સ્વાદ ના સમજાય. કિવનાઇનનું મિશ્રણ ખૂબ કડવું લાગે છે, પણ ગોળી કે કૅપ્સ્યુલ ઓછાં. જીભ અને તાળવા વચ્ચે ઘસાઈ-દબાઈને હલનચલનથી ઓગળેલો ખોરાક સ્વાદ-બોધક અંકુરોના સ્પર્શમાં આવે ત્યારે જ તેનો સ્વાદ સમજાય છે.

સ્વાદ-કલિકાઓ ગરમીથી ઉત્તેજાય છે અને ઠંડીથી બહેર મારી જાય છે. ઠંડા કરતાં ઊનોઊનો ખોરાક વધારે લહેજતદાર ને સ્વાદિષ્ટ લાગવાનું કારણ હવે સમજાશે. કડવી દવા પીતાં અગાઉ જીભના પાછલા ભાગ ઉપર બરફનો ગાંગડો રાખવામાં આવે તો દવા બહુ કડવી નહિ લાગે.

નાનાં બાળકોની સ્વાદ શક્તિ ફક્ત જીભની મધ્યમાં હોય છે; પછી મોટપણે ત્યાંથી તે નાબૂદ થાય છે. વાંદરાંઓમાં સ્વાદ-શક્તિ મંદ છે. જ્યારે ગાયમાં ઘણી વધારે; કેમકે તેની જીભ ઉપર આપણા કરતાં પાંચગણી વધારે સ્વાદકલિકાઓ હોય છે. માનવીની સ્વાદ-શક્તિ પણ બધામાં એકસરખી નથી હોતી. માણસે માણસે તે ભિન્ન-ભિન્ન હોય છે. કોઈને અમુક સ્વાદ માટેની શક્તિ તીવ્ર હોય છે તો કેટલાકને ઓછીવત્તી. કેટલાકને તો અમુક સ્વાદ પારખવાની શક્તિ બિલકુલ જ નથી હોતી, જ્યારે કેટલાક માનવીઓ ખાટા અને કડવા સ્વાદ વચ્ચેનો ફેર જ પારખી નથી શકતા હોતા! આમ સ્વાદ-શક્તિની વિચિત્રતાનો કંઈ પાર નથી.

આમ, જીભનું કાર્ય સ્વાદનું જ્ઞાન આપવાનું છે, ખોરાકની મઝા માણવાનું કે ખાવા માટે લલચાવવાનું નથી. જીભ વગરના કે સ્વાદ-વિહીન માણસોને પણ કકડીને ભૂખ તો લાગતી જ હોય છે. સાચી ભૂખ લાગે ત્યારે સ્વાદવિહીન સૂકો રોટલો પણ મીઠો લાગે છે. કાન અને આંખ જેમ ફક્ત સંગીત અને સૌંદર્ય માણવા નથી, પણ શ્રવણ અને હૃદયથી સારાં અને ઉચ્ચ કૃત્યો કરવા પ્રેરાઈએ તે માટે છે, તેમ જીભની સ્વાદ-પરખ-શક્તિ શું ખાવું અને શું ના ખાવું તે પસંદ કરવાના જ્ઞાન પૂરતી જ છે. માટે તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઇએ. જીભના સ્વાદને વશ થઈ તીખા અને મસાલેદાર ખોરાક ખાઇખાઇને જીભ સાથે છેતરપિંડી ના કરવી જોઇએ. આવા પ્રજ્ઞા-પરાધ કરનારાઓ હોજરી અને આંતરડાના રોગ વહોરે છે, કે જે કુદરતના નિયમની અવગણના કરેલા કૃત્યની સજા જ છે.

માનવીનો સ્વભાવ વ્યક્ત કરતી જીભ તેની તંદુરસ્તીનું પણ દર્શન કરાવે છે. વૈદકશાસ્ત્રમાં જીભને હોજરીના અરીસારૂપ લેખવામાં આવે છે. પૂર્ણ આરોગ્યવાળા માણસની જીભ રાતા રંગની, સ્વચ્છ, ભીની ને સુંવાળી હોય છે. હોજરી બગડે ત્યારે જીભના વચલા ભાગમાં ધોળી છારી બાઝે છે. ઍનીમિયા, કબજિયાત, ટાઈફૉઈડ તાવ, હોજરીનો સોજો અને માનસિક વ્યાધિ દરમિયાન જીભ ઉપર બધે એકસરખો ધોળો થર છવાઈ જાય છે. બી. વિટામિનની ન્યૂનતાને લીધે થતા રોગોમાં જીભનો રંગ લાલચોળ થાય છે, તેના ઉપર ઊંડા ચીરા પડે છે, જીભમાં લાહ્ય બળે છે અને જીભ 'આવી ગયા'નાં ચિહ્નો દેખાય છે. હૃદયવ્યાધિમાં જીભ ભૂરા રંગની હોય છે અને કમળામાં પીળા રંગની. જીર્ણ મૅલેરિયા તાવને લીધે જીભ ઉપર કાળા ડાઘા પડે છે. ફિક્કી, મોટી, પોચી અને ટેરવા આગળથી પહોળી દેખાતી ધારો ઉપર દાંતના કાપા પડેલી જીભ દારૂનું અતિ વ્યસન, ઍનીમિયા, અપચો અને ઉદરરોગોની સૂચક છે. ઝાડા, લોહીસ્રાવ અને તાવ દરમ્યાન જીભ સુક્કી (કોરી) પડી જાય છે. હોઠ બહાર કાઢેલી ધ્રુજતી જીભ જ્ઞાનતંતુની નબળાઈ દર્શાવે છે.

એમ? કેમ

લાકડામાં ગાંઠ શાથી ઉત્પન્ન થાય છે?

લાકડાના થડમાં અથવા કાપેલા લાકડાંમાં ગાંઠ થએલી ઘણાએ જોઇ હશે. લાકડાના બીજા ભાગ કરતાં એ ભાગ ઘણો વધારે સખત હોય છે. ઝાડનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે તે થડ અને ડાળીઓનું બનેલું છે એમ માનીએ છીએ. પણ વાસ્તવમાં ઝાડની દરેક ડાળી એ પણ નાના પ્રમાણમાં પોતાનું થડ જ છે. મોટી ડાળીઓમાંથી વળી નાની ડાળીઓ પેદા થાય છે, જે પણ નાનાં થડો જ છે. ઝાડના થડમાંથી અનેક ઠેકાણે ડાળી ઉત્પન્ન થવાનો પ્રયત્ન કર્યાં કરે છે. આમાંની ઘણીખરીને સફળતા નથી મળતી. જ્યાં એ રીતે સફળતા નથી મળતી ત્યાં ગાંઠ ઉત્પન્ન થાય છે-એ ગાંઠવાળો ભાગ કઠણ હોય છે એનું કારણ એ છે કે ત્યાં એક કાળે જ્યારે નવી ડાળી પેદા થવા પ્રયત્ન કરતી હતી ત્યારે ઘણી વધારે જીવનશક્તિ ત્યાં એકઠી થએલી, ને તેની સપાટી પર સોજા જેવો ગઠ્ઠો બાઝેલો. ડાળી ફૂટવાનો પ્રયત્ન કરતી હોવા છતાં ન ફૂટી શકવાનું કારણ એ છે કે ઝાડની બહારની છાલનું દબાણ એટલું બધું હોય છે કે તેમનો પ્રયત્ન મિથ્યા જાય છે.

અરીસામાં આપણું પ્રતિબિંબ શાથી દેખાય છે?

અરીસો તેના પર પડતાં પ્રકાશનાં કિરણોના લગભગ બધા જ—આશરે કુલ ૨૯/૩૦—ભાગનું પરાવર્તન કરે છે, અને એ પરાવર્તિત કિરણો આંખમાં જતાં આપણને આપણું પ્રતિબિંબ દેખાય છે. કિરણોને પરાવર્તિત કરવામાં કાચનું કશું મહત્ત્વ નથી. પણ એ કાચની પીઠે સિલ્વર નાઇટ્રેટ નામની ધાતુના મિશ્રણનું તદ્દન પાતળું પડ ચોપડેલું હોય છે, એ પડને લીધે કિરણો પાછાં ફેંકાય છે. એ પડને કાચ જોડે ચોંટાડી રાખવા સાઇનાઈડ ઑવ મર્ક્યુરી નામનો પદાર્થ વપરાય છે. પ્રતિબિંબ આ પડને લીધે જ દેખાય છે; કાચ તો ફક્ત એ સિલ્વરના પડનું રક્ષણ કરવાનું કાર્ય કરે છે.



ચન્દ્રવદન ચી. મહેતાની આપકથા

[૧૮]

બ્રહ્માંડભરમાં વિસ્તરેલા રાશિચક્રમાં દુર્ભાગ્યે એવો એકે ગ્રહ મારી કુંડલીમાં કીર્તિસ્થાને ગોઠવાયો નહોતો, કે જેની આરાધના કરી, એની કૃપા વડે હું મારું મનમાન્યું રંગભુવન બાંધી શકું એવું સુભાગ્ય તો બાજુએ રહ્યું, પણ પરાક્રમ-પુરુષાર્થ કરી અવળાને સવળા કરવાની શક્તિ કે પ્રેરણાનો યોગ પણ નહિ, તે એટલું સિદ્ધ કરી શક્યો! અનેક સ્વપ્નાંઓમાંનું એક તો, એક એવી રંગભૂમિ ઊભી કરીને, ત્યાં એકાદું નાટક એવું ભજવવાના કોડ હતા કે જે જોવા આવનારાઓને ખબર પણ ન પડે કે નાટક ક્યારે આપોઆપ શરૂ થયું કે ક્યાં અનાયાસ પૂરું થયું. અને એમ એને જીવનસંસારના તાણાવાણામાં વણેલું રાખી, રંગભૂમિ કોઈ ઈલાહેદી, અનોખી, અજબ, વસ્તુ નહિ પણ જીવનલીલાનું એક પડખું જ છે એમ યોજવા ધાર્યું હતું પણ પેલું કહે છે તેમ 'ધાર્યું ધરણીધરનું થાય....'

કયા કમનસીબોને નાટકનો શોખ નહિ હોય?—નાટક જોવાનો કે નાટક કરવાનો. પણ તે જોવાનો, લખવાનો અને ભજવવાનો સંયુક્ત શોખ લાગ્યો તો તો થઇ જ રહ્યું.

ભરતમુનિએ એ કલા પર શાસ્ત્ર લખ્યું ત્યારથી રંગભૂમિ ગૌરવાન્વિત થઇ. રોમ અને ગ્રીસે પણ સૈકાઓ પહેલાં નાટ્યકલાને બિરદાવી હતી. સંસ્કૃત અને લૅટિન મહાભાષાઓએ રંગભૂમિ ઉપર કીર્તિકળશ ચઢાવ્યો હતો. એવી સમૃદ્ધ એની પરંપરા છે.

વડોદરા–સુરતમાં ઠીકઠીક નાટકો જોએલાં. મુંબાઈ ગુજરાતી નાટક મંડળી તો મુંબાઈ બહાર જાય જ નહિ, એવી ત્યારે કહેતી ચાલતી. પણ એક દિવસ વડોદરાની અમારી બંગલીમાં બેત્રણ કલાક માટે મુંબાઈથી મારા બાપાજીના દોસ્ત લાલજી જેઠા, એમના પિતરાઈ વિઠ્ઠલદાસ જેરાજાણી ને બીજા બે સજ્જન આવી ચડેલા. એ બે પૈકી એક હતા મુંબાઈ ગુજરાતી નાટક મંડળીમાં કામ કરતા શ્રી જયશંકર. સૌ ડાકોરની જાત્રાએ જવાના હતા. એ એ જ જયશંકર—સુંદરી: ગુજરાતનો મશહૂર અદાકાર. સ્ટેજ પર તો નહિ પણ ઘરમાં એને જોવાનો લાભ ત્યારે મળેલો.

સુરતમાં મામાજી પણ નાટકના શોખીન હતા. એ ચાંપરાજ હાડા અને ભરથરીની વાતો કરતા. ભરથરી નાટકની વાત કરતાં તો એવું પણ અડાવતા કે એ નાટક જોઇ અમુક એક જણ નાટકશાળામાંથી સીધો જ વૈરાગી બની સંસાર છોડી સાધુ થઇ ગયો હતો. પણ 'લલિતાદુ:ખદર્શક'ની વાતો જ્યારે કરતા ત્યારે તો સાંભળનારાઓની આંખમાંથી આંસુ પડાવતા. એ વખતે તો મારી જાણ બહાર, કે રણછોડભાઈ ઉદયરામ એના લેખક હતા પણ એક વાત મને બરાબર યાદ છે, અને તે ખરી છે. લખું?

સુરતના અમારા મહોલ્લામાંથી લગભગ દરરોજ એક ફૂટડી બાઈ આવતી જતી: [આપણે પાછા બીજી વીશીમાંથી પહેલી વીશીમાં ડોકિયું કરીએ છીએ.] ગોરી ગટાક, ઊજળી દૂધ જેવી, અત્યંત રૂપાળી બાઇ. ઉંમર હશે ત્રીસેકની નજીક, પણ દેખાવડી તો એવી કે રૂપરૂપનો અંબાર! અમારે ત્યાં શામળ ભટની વાર્તાનો એક જૂનો ગુટકો અફળાયા કરતો. એમાં વાંચેલી એકાદી કથાની જાણે પૂતળી! મીઠા સુરખીદાર મોંની, જાજ્વલ્યમાન, જાજરમાન, સોહામણી, હસમુખી એ ગોરી, માર્દવભરી ચાલે, અમારા ઘરને ડાબે પડખે બારતેર ઘર દૂર આવેલા તેના પિયેરથી નીકળી, જમણે પડખે બારતેર ઘર દૂર આવેલા સાસરે સીધી ચાલે સીધે રસ્તે જતી આવતી. આખો અંબાજીનો રસ્તો એથી જાણે દીપી નીકળતો! દીવાળીમાં ઘેર ઘેર ટીંગાતાં હાંડી ઝુમ્મરમાં જે દીવા ઝગમગતા, તેનો પણ સઘળો તેજઅંબાર એની આગળ ફિક્કો દીસતો. મારી ચારમાંની એક માશી ચંદી, યા ચંદન સાથે એને સારી દોસ્તી, તે ઘણીવાર અમારે ઓટલે આવી બેસતી, અને બે બેનપણીઓ એકલી હોય તો હૈયું ઠાલવતી.

મેં મારા ભર્યા નાનપણમાં એવી રૂપાળી બીજી સ્ત્રી જોયાનું યાદ નથી. હું કદાચ કલ્પનાવિહાર કરતો હોઈશ એમ ધારી, પાંત્રીસેક વરસ પછી જ્યોતીન્દ્ર દવેને મેં એના રૂપ વિષે પૂછ્યું, તો એ ભાઇ પણ મારા માનવા સાથે સંમત થયા અને બોલ્યા, 'એવી સાદી અને સૌમ્ય સુંદરતા હવે ક્યાંય જોવા મળતી નથી.'

મેં તો એને હમેશ સફેદ વસ્ત્રમાં જ જોઇ હતી; પણ મામાજી કહેતા કે 'એ સફેદ લુગડે એણે કદી ડાઘ પડવા દીધો નથી.' એ બાઈની વાત નીકળતી ત્યારે મામાજી ઉશ્કેરાઇને કહેતા: એ ખરેખરી 'લલિતા દુ:ખદર્શક'નો ચિતાર છે. આવી રૂપાળી, ફૂટડી, સુલક્ષણી, સૌભાગવન્તી લક્ષ્મી જેવી નારી, પણ વર તરફથી સુખ નહિ. સુખ તો રહ્યું, પણ બીચારીને દુ:ખ! પણ એક અક્ષર પિયેરમાં બોલે નહિ. બધું મૂગે મોઢે સહન કરી લે. ત્યારે મામાજી આખા 'લલિતાદુ:ખદર્શક' નાટકનો પ્લૉટ સમજાવતા. સારા ચારિત્ર્યવાળી લલિતાના નઠારા વર નંદનકુમારે કેવા હાલહવાલ કર્યા, એનું નાટકમાંનું વર્ણન ગીતો સાથે ગાઇ સંભળાવતા. એમાં ગરીબ બીચારો પંથીરામ કેવો ભાગ ભજવતો, અબળા લલિતા કેવું રડતી. એકલી એકલી, લલિત છંદમાં ગાતીગાતી બધી કથની કદીક કાગળમાં લખીને મનનો ઊભરો કેમ કાઢતી. એ બધું મામાજી ઝીણવટથી ગળગળા થઈ કહેતા, ને ઉમેરતા કે કંઈક ઘરસંસારનાં ભોપાળાં એ નાટકમાં ઉઘાડાં પડતાં.

એ બાઈ તો એટલામાં જ ઝૂરી રીબાઇને મરી ગઇ, પણ 'લલિતા દુ:ખદર્શક'નું નાટક અમારા સ્મરણમાં સદાનું તે અંકિત કરતી ગઈ. હજી આજે યે, ઠાવકી ચાલે, અંબાજીને ચકલે, ઘર આગળથી હાસ્યની લહરીએ આખો મહોલ્લો અજવાળતી ચાલી જતી એ સૌમ્ય અને શાંત પવિત્રતાની મંગળમૂર્તિ યાદ આવે છે.

દીવાળીમાં મુંબાઈ જતાં ત્યાંનાં નાટકો જોવા મળ્યાં તેમાં એકવાર 'સૌભાગ્ય સુંદરી' ને 'વસંતપ્રભા' ગેઈટીમાં જોવાનો મોકો મળેલો.

સુંદરી તે એ જ જયશંકર: સ્પષ્ટ અવાજે, મિઠાશથી બોલે છે અને માર્દવભરી રીતે ચાલે છે એ. વડોદરે આપણે ત્યાં ચાર ઘડી મહેમાન થઇને આવેલા એ જ? બાપુલાલ ને જયશંકરની જોડી ત્યારે મુંબાઇને ગાંડું કરી રહી હતી. ગેઇટી થીએટરે મુંબાઇમાં ખરી 'ગેયીટી' આણી હતી. ગુજરાતી રંગભૂમિ પોતાની ટોચે પહોંચી હતી. નાટકના

લેખકો નવાનવા અખતરા કરી રહ્યા હતા; પ્રોડ્યુસરો સજાવટમાં નવાંનવાં નિશાનો તાકી સફળતા મેળવી રહ્યા હતા. નાટક જોવાને લોકોની પડાપડી થતી, ટિકિટો બેહદ ભાવે મળતી રંગભૂમિ પરની અવનવી તરજો લોકોને મુગ્ધ કરતી અને શહેરમાં ઠેકઠેકાણે ગવાતી.

બડા મશહૂર ઝંડેખાન અને એથી પણ અતિ પ્રસિદ્ધ વાડીલાલ નાયક સંગીતમાં ગીતોની દિલચસ્પ અને આહ્લાદજનક બાંધણી કરતા, અને એથી નાટકો લોકોનાં દિલ જીતી લેતાં.

જયશંકરની કલાનો એ પરાંકોટી કાલ હતો. એનો સાહસંયમ, એની માર્દવભરી અદા, એની મરોડદાર ચાલ, એની સાહજિક સ્વસ્થતા, એનું અંગસૌષ્ઠવ, એના લહેકાની વિશિષ્ટતા, એની સમયાનુસાર ચોટ મારવાની ફનેહ, પ્રેક્ષકને ઉત્કંઠિત રાખવાની શક્તિ અને એના અભિનયની સાંગોપાંગ સ્વચ્છતા માટે એણે મુંબાઈને ખરેખર ભુરકી નાખી હતી. સ્ત્રીઓ એની ચાલ શીખવા શિક્ષણ લેતી, એની પ્રચલિત કરેલી ઢબછબે વસ્ત્રાભૂષણ સજતી, રંગભૂમિ પર બોલાતાં એનાં વાક્યોની બોલવામાં નકલ કરતી. ત્યાર બાદ વર્ષો સુધી અનેક નાટકોમાં જયશંકરને, એણે છેક રંગભૂમિ ઉપરથી વિદાય લીધી ત્યાં સુધી, જોવામાં મારી જાતને હું ધન્ય માનું છું.

કાળનો ક્રમ તો જુઓ. બંગાલના મશહૂર નટ શિશિર ભાદુરીને જોવા હું ખાસ કલકત્તા ગયો, ને એને મળ્યો યે ખરો; મહારાષ્ટ્રીય રંગદેવતા બાલ ગાંધર્વને કંઈક વાર તખ્તા પર જોયા પછી એણે રૂખસદ લીધી ત્યાર કેડે ઘણે વર્ષે હું એને પણ મળ્યો; અને અચાનક વાતોમાં એણે જયશંકરનું નામ દીધું ને પોતાના ગુરુ તરીકે સંબોધન કર્યું ત્યારે તો હું છક્ક થઈ ગયો. બાલગાંધર્વે એ વાત એની આત્મકથામાં પણ લખી છે. પણ જયશંકરને હું કદી જ મળ્યો નહોતો!

એ હોંસ બર તો આવી, છેક ત્રણચાર દાયકા પછી, વીસનગર એમને ઘેર જઈ જાત્રા કરવાનો મનસૂબો કર્યો ત્યારે! બે દિવસ એમની સાથે રહી બહુ વાતો કરી: મેં મારા મનથી અંજલિ આપ્યાનો સંતોષ પૂરો કર્યો. અને અમે સાથે જ અમદાવાદ આવ્યા.

જ્યારે જયશંકરની યશસ્વી કારકિર્દીનાં ડંકાનિશાન વાગતાં ત્યારે ગુજરાતી રંગભૂમિનો ઉત્કૃષ્ટ અંક—એટલે કે સંસ્કૃત નાટક પ્રમાણે ક્લાઇમૅક્સનો ચોથો અંક ચાલતો હતો. જયશંકરે એ તબક્કે રૂખસદ લીધી. અને પછી તાણાવાણા તૂટવા માંડ્યા. રંગભૂમિનો એ ચોથો અંક અતિ સુંદર ભજવાયો. એ માટે કયા મહાન સૂત્રધારોએ દોરીસંચાર કર્યા તે આપણે જરા ફૂતાવળે જોઇ લઈએ?

અજબ અને અદ્ભુત એ કોમ ગુજરાતને આંગણે આવી ન હોત તો સાહસ અને સખાવતમાં, વ્યાપાર અને વાણિજ્યમાં ગુજરાતે ઘણું ન મેળવ્યું હોત. આવ્યા હતા તો ખાલી હાથે, પણ ગુજરાતની ધરતીને એમણે છલકાવી દીધી. એ કોમે જે ઘણુંઘણું કરી બતાવ્યું એ બધા વિના ચાલત; પણ જિંદગીમાં મોજ માણવાનો જે શૉખ એણે દાખલ કર્યો એના વિના ગુજરાત પાંગળું હોત. દુઃખ ને મુસીબત તો દુનિયામાં ડગલે ને પગલે છે જ; પણ કુદરત મહાન છે, પરવરદિગાર દયાળુ છે, આફતોના વરસાદ વચ્ચે પણ હસીરમીને વખત કાઢી નાખવો, ખુશનુમા સૂરજ દેવથી અજવાળિયા દિવસોમાં બે ઘડી હસી લેવું, જિંદગીમાં દરિયાઈ મસ્તી અનુભવી લેવી, મોકો મળ્યે ગમ્મત કરી લેવી ને ખુદાથી ડરીને ચાલ્યા કરવું.—બસ છે; મોજ છે.

મુંબાઈમાં પહેલું ગુજરાતી છાપું એ પારસી કોમે જ કાઢ્યું એમાં તો કૈંક કામોમાં એણે પહેલ કરી છે. હિંદુસ્તાન ગરીબ છે, અને અંગ્રેજો એનું લોહી ચૂસે છે, એટલે સ્વરાજ વિના આરો નથી એની પહેલી ટહેલ નાખનાર પણ દાદાભાઇ નવરોજી હતા. અંગ્રેજોની પાર્લામેન્ટમાં પહેલા હિન્દી તરીકે બેસવાનું માન મેળવનાર પણ એ જ હતા.


જયશંકર સુંદરી

સંસ્કૃતમાંથી ભવાઇ, અને ભવાઇમાંથી નાટક, ને ભાવ ઉપરથી ભવાઈ, એવી 'બીજમાંથી ફળ અને ફળમાંથી બી' જેવી સાડમારી બાજુએ રાખી એક ઐતિહાસિક ઘટના નોંધતાં મગરૂરી ઊપજે છે કે ગુજરાતી નાટક મંડળી કાઢવામાં પહેલ અને મદદ કરનાર એ જ દેશહિતૈષી મહાન નર દાદાભાઈ નવરોજી હતા.

મુંબાઈની રંગભૂમિનો ઈતિહાસ લગભગ ૧૮૫૦ની આસપાસથી શરૂ થાય છે. એ જમાનામાં (માનશો?) ગ્રાંટરોડ આગળ યુરોપથી આવેલી એક ઑપેરા કંપનીએ પોતાને ખર્ચે એક નાનકડું થીએટર નામે રૉયલ થીએટર લગભગ ૧૮૪૫ની આસપાસ બંધાવ્યું હતું. નાના શંકરશેઠે એ લઈ લીધું. અને ત્યાં ૧૮૪૭-૪૮ની આસપાસ પહેલી શરૂ થએલી મરાઠી નાટક મંડળીએ નાટકો કરવાં શરૂ કર્યાં: એની શરૂઆત તો સાંગલીમાં થએલી. અહીં એ 'ગોપીચંદ' ભજવતા.

એક દાયકો વીત્યો, અને ૧૮૫૮ની આસપાસ, દાદાભાઈ નવરોજીની બાંહેધરી હેઠળ પહેલવહેલી પારસી ટોળી શૉખને ખાતર નાટક કરવા તૈયાર થઈ. એ અગાઉ છુટાછવાયા પ્રયોગો થતા, પણ સોપ્રથમ વ્યવસ્થિત યોજના આ હતી. એમાં શેઠ સોરાબજી શાપુરજી બંગાળીની પણ મદદ હતી. એણે પહેલો નાટક 'સોરાબ રૂસ્તમ'નો ભજવ્યો, દરમ્યાન ધોબી તળાવ પાસે વાણિયા ગલીમાં ત્યારે પાંચસાત જુવાનિયા નાટકનાં સપનાં જોતા હતા એમાં ખુશરૂ 'રૅબિટ' ગાયનોની ચોપડી લખતો, જે પાછળથી નાટકની આલમમાં ખરશેદજી મહેરવાનજી બાલીવાળા તરીકે આખા હિન્દુસ્તાનમાં મશહૂર થયો.

દાદાભાઈ નવરોજી સાથે પછી તો શેરદલાલ માણેકજી હોરમસજી, જરથોસ્તી છોકરીઓની નિશાળના માસ્તર પેસ્તનજી ધનજીભાઈ, જહાંગીર વાચ્છા વગેરેએ શેર કાઢી એ મંડળીને પગભર કરી.

ત્યારે નાટકો પૂરાં થયા પછી ફારસો કરવાનો શિરસ્તો હતો. એમાં 'ધનજી ગરક', અને 'તીતીરામ' નામે બે ઘણાં પ્રખ્યાત ફારસો ભજવાતાં, અને તેને લોકલ ફારસો કહેતા; એટલે કે તે જમાનામાં જે કોઈ હાથ આવે તેનો 'નાસ્તો-પાણી' એમાં કરતા!

ધનજી ગરક નામે એક ઘડિયાળી ત્યારે કાલબાદેવી ઉપર દુકાન ચલાવતો, અને તે એટલો લુચ્ચો હતો કે કૈંકનાં ઘડિયાળો ગરક કરી જતો! વળી કોઈ ઘડિયાળ સમરાવવા જાય તો નજર ચુકાવી હાથમાં રાખેલી તપખીરની ચપટી એવી સફાઇથી પેલા ઘડિયાળમાં નાખે, અને પછી મૅગ્નીફાયીંગ ગ્લાસ વડે ઘરાકને દેખાડે કે તે તો બીચારો જોઈ હેબકાઇ જ જાય! 'ધનજી ગરક' ફારસમાં એ જ માણસનો એ જ નામે ફારસ કરવા માંડ્યાં કે એના બીચારાનાં ડોસલાં બેસવા માંડ્યાં. ને એની લુચ્ચાઈ જાહેર થઇ ગઈ. આજે આપણે કોઇને એમ બરાબર બંધબેસતી ટોપી પહેરાવી ફારસ કરી શકીએ ખરા કે?

'તીતીરામ'માં પણ એમ જ એક નાચનારીને ત્યાં જઇ પૈસા ખલાસ કરનાર ખાનદાન કુટુંબના નબીરાનો કિસ્સો રજૂ થતો.

'રૂસ્તમ-સોરાબ' નાટક તો આખો ગીતમાં જ થતો. કાબરાજી જેવા મહાન લેખકે એ ગીત લખ્યાં હતાં, ને તે ખૂબ લોકપ્રિય થયાં હતાં:

'નિગાહ કરી જો આ ગુંબજ જર નિગાર,
કે છે છાપરૂં જેનું મજબૂત બિન-આધાર;
એ ફરતા આકાશના તખ્ત પર લોચન
ફેરવીને જો! તેમાં ચેરાગ રોશન.'

એ જમાનામાં અંગ્રેજી નાટક કંપનીઓ ઠીકઠીક આવતી જતી, અને શેક્સપીઅર ઉપરથી સારા પ્રમાણમાં નાટકોના તરજૂમા થતા રહેતા. પછી કાબરાજી સાથે નાટકની શૉખીન એક નવી વ્યક્તિ જોડાઇ, તે દાદાભાઇ થૂથી. આ તબક્કે વિક્ટોરિયા નાટક મંડળીની સ્થાપના થઈ. 'શાહનામા'ને આધારે કેખુશરૂ કાબરાજીએ લખેલો નાટક 'બેજન મનીજેહ' ખૂબ જ વખણાયો અને એમાં દાદાભાઇ થૂથી જાતે પાદશાહ કેખુશરૂનો પાઠ લેતા. એમાં એક દિવસ છોકરાનો પાઠ લેનારો ન આવતાં, મહેરવાનજી બાલીવાળાએ પોતાના દીકરાને તે પાઠ આપ્યો. એ જ 'ખુરશે રૅબિટ' યાને ખરશેદજી બાલીવાળા.

આ એ જમાનો હતો જ્યારે શરૂઆતમાં પરદાઓ પેઇન્ટ કરવાને એક ઈટાલિયન ચિતારા સિનોર સિરોનીને રોકવામાં આવ્યો હતો. એ અરસામાં બીજી નાટકશાળા બંધાઇ, અને તે વિક્ટોરિયા થીએટર. ત્યાર બાદ ત્રીજી આલફ્રેડ નાટક મંડળી ઊભી થઈ.

વિક્ટોરિયા નાટક મંડળીને હવે ઉર્દૂ નાટક કરવાનો શૉખ થયો. એ માટે એણે એદલજી ખોરી પાસે ગુજરાતીમાં 'કામાવંતી' નામે નાટક લખાવી, તેને દિલપઝીર ઉર્દૂ જબાનમાં ગુજરાતી છાપાના પિતા ગણાતા બહેરામજી મર્ઝબાન પાસે 'સુનાના મૂલની ખુરશેદ' નામે લખાવ્યો.

આ ઉર્દૂ નાટકમાં 'ફીરોઝ'ના પાઠમાં બાલીવાળાએ હદ કરી અને એ પાઠને લઇને એણે આખા હિન્દુસ્તાનમાં અઢળક કીર્તિ સંપાદન કરી. ૧૮૭૦ની આસપાસ તો બાલીવાળાએ હિન્દુસ્તાન તો શું પણ રંગૂન અને સીંગાપુર સુધી જઇ નાટકો કરી નામના મેળવી હતી.

આ વરસો દરમ્યાન જહાંગીર ખંબાતા કરી એક જન્મથી જ નાટક કરવાની ધગશવાળા સાહસિકે ચારે બાજુથી જોઈ શીખી, હિન્દ બહાર જઈ, છેક લંડન સુધી નાટક જોવા જવાની ઉમેદ રાખીને વહાણમાં ચઢી બેસી, (પણ કમનસીબે વહાણ મલાયા જઈ પહોંચવાથી ત્યાં) ઑસ્ટ્રેલિયન નાટકો જોઇ પાછા આવી, નવી કંપની કાઢી અને કાવસજી ખટાઉની મદદે નવી રંગત જમાવવા માંડી.

૧૮૭૭ની પહેલી જાન્યુઆરીએ રાણી વિક્ટોરિયા શાહાનશાહબાનુ તરીકે જાહેર થવાનાં હતાં. એનો દબદબાભર્યો દરબાર દિલ્હીમાં ભરાયો ત્યારે વિક્ટોરિયા નાટક મંડળી ત્યાં દિલ્હીમાં નાટક કરતી.

એ અરસામાં નવી નવી મંડળીઓ નીકળતી ગઈ, જૂની તૂટતી ગઈ. દાદાભાઇ થૂથીની તાલીમ એટલે સોટીની તાલીમ; પૂરેપૂરી ડિસિપ્લીનથી લેવાતું કામ. ત્યારે એ તખ્તા પર એક અંગ્રેજ બાનુ મિસ મેરી ફૅન્ટન પણ ઊતરી. અને પછી આવ્યો સોરાબજી ઓગરાનો પ્રવેશ. 'ઇન્દ્રસભા', 'ખોદાદાદ', 'ગુલબ-વલી' વગેરે તો હવે જૂનાં નાટકોમાં ખપવા માંડ્યાં હતાં. પણ લખાણની જે મૂડી હતી, તે વડે આ સાહસિકોએ છેક કલકત્તા, બલુચિસ્તાન ને નેપાળ સુધી પોતાનાં નાટકો ભજવી બતાવ્યાં. આ ૧૮૫૮થી ૭૮ સુધીનો ટૂંક હિસાબ.

પછી શરૂ થયો બીજો તબક્કો. એમાં ૧૮૭૮માં હળવદવાળા એક નરભેરામ પૂ. શુકલે નાટક મંડળી કાઢી અને નાટકો લખી ભજવવાં શરૂ કર્યા, પણ એને કંઇ બહુ સફળતા પ્રાપ્ત થઈ નહિ. પરંતુ તે પછી બેત્રણ વર્ષમાં તો 'મોરબી આર્યસુબોધ' તે પછી 'વાંકાનેર આર્યહિતવર્ધક' અને ત્યાર બાદ 'મુંબાઈ ગુજરાતી' નાટક મંડળીઓ સ્થપાઈ, અને બધીએ ઉત્તરોત્તર સારી કીર્તિ સંપાદન કરી. વાઘજી અને મૂળજી આશારામ તથા નાના-મોટા બે ત્રણકે મજબૂત પાયા નાખ્યા, રણછોડભાઇ ઉદયરામ જેવા વિદ્વાને નાટકો લખવાનું બીડું ઝડપ્યું, અને (શ્રી રસિકલાલ પરીખના કહેવા પ્રમાણે) ૧૮૯૫માં તો 'લલિતાદુ:ખદર્શક' નાટકની છપાએલી કેટલીયે આવૃત્તિ-બાર હજારથી નકલ-તો એમણે જોઇ! ત્યાર બાદ ડાહ્યાભાઇ ધોળશાજીએ 'દેશી'નું મંગળમુહૂર્ત કીધું, અને એ ડાહ્યાભાઇની તો સાક્ષરવર્ગમાં ગણના પણ થઇ. અચ્છા લેખક. રણછોડભાઇ અને ડાહ્યાભાઈ પછી મૂળશંકર મૂલાણી, નથુરામ સુંદરજી, કવિચિત્રકાર ફૂલચંદ, નૃસિંહ વિભાકર, રઘુનાથ અને પ્રભુલાલ દ્વિવેદી, એ અષ્ટ સખાઓની કૃતિઓએ ગુજરાતી રંગભૂમિને સારા પ્રમાણમાં ઉજ્જવલ કરી.

આ છેલ્લા ગાળામાં જયશંકર ઝળકયા. પણ એને યે કદાચ ટપી જાય (પિરોજશા મિસ્રીને મતે, ડૉ. ડી. જી. વ્યાસને મતે) એવો એક મહાન ગુર્જર નટ આલફ્રેડમાં સોરાબજી ઓગરાના હાથ તળે તાલીમ લઇ હિન્દમાં ડંકો બજાવી રહ્યો હતો. અસલમાં તો એ કંપનીમાં ડ્રેસ સાચવવાના કામે જોડાઈ, પછી કંચનીઓમાં નાચવા ઊતરી, પુંબામિયાનું નોકરનું કૉમિક પાત્ર કરી, લયલા ઉર્ફે 'સિતારે મંગરેલિયા'માં અલાદીન બની, ખટાઉના 'હૅમલેટ'માં એની વહુ બની, 'જહરી સાપ' અને 'મીઠા જહર'માં રૌનક બતાવી, નવાબનો પાઠ ભજવી લખનોની મુલાયમ ઉર્દૂ બોલી આલમને દંગ કરી દઈ અજીબ નામના મેળવનાર એ સમર્થ નટ અમૃત કેશવ નાયકને મેં નથી જોયો એટલો રંજ રહી ગયો છે. અમૃત, કહે છે કે, અદ્‌ભુત અદાકાર હતો. વલ્લભ નાયકનો એ ભાઈ ભરજુવાનીમાં ગુજરી ગયો. માસ્તર મોહન અને ગૌહર સાથેના એના પરિચય-પ્રસંગો વડે જીવનમાં એંગ તાજગી, મસ્તી અને દર્દ માણ્યાં હતાં. જયશંકરને એને વિષે પૂછ્યું ત્યારે એમણે પણ એની ભારે તારીફ કરી હતી. અમૃતને જોયો તો નહોતો, પણ ૧૯૨૦-૨૧માં એની તેજીલી, ઉર્દૂ-મીઠી કલમે લખાએલી નવલકથા 'એમ. એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી' વાંચી.

જયશંકર સાથે બાપુલાલને યાદ કરવા જ જોઈએ. તે પછી મોહન મારવાડી. પછી હરિહર દિવાનાને 'બોલતા કાગળ'માં, મોહન લાલાજીને, સિનોરને, અશરફખાનને, પ્રાણસુખને, વલ્લભ નાયકને, મૂળચંદ મામાને, નાની ગૌહરને, રતિલાલને, છગનને, જટાશંકરને, કાસમને,—ભલભલાને જોયા. 'સરસ્વતીચંદ્ર' જોઇને તો અનહદ ખુશ થએલો.' શીતળ ચંદ્ર જેવું વદન કાંતિમાન.' અને 'પરણીને પરવશ થઈ રહેવું' એ ગીતો તથા 'મહાશ્વેતા-કાદંબરી' ને 'બુદ્ધદેવ'નાં ગીતો પણ લલકારતો'—મેં શું લખ્યું? 'હું લલકારતો?'...હું લલકારતો?—તમે ચિડાઇને મને ગાળ ન દો એ પહેલાં જ આ બંધ કરી દઉં...

માત્ર એકલું જ્ઞાન રંગભૂમિ ઉપર કામ નથી લાગતું; અથવા તો નીરીક્ષણથી પણ શુક્રવાર નથી વળતો. અતિ મહત્ત્વની વસ્તુ તો છે તાલીમ, મહેનત. ઇલોક્યુશન વિના ડ્રામૅટિક્સ સંભવે નહિ. ડ્રામૅટિક હરીફાઇનો સુવર્ણ ચન્દ્રક જીતવો એ ઉમેદ તો ખરી, પણ એ કામ કાંઈ લાડવો ખાવાનું નહોતું. એની એક જ હરીફાઈ જોઇને આપણી તો સુસ્તી ઊડી ગઈ હતી; પણ ત્રિવેદી અને સોલીમહેરઅલી જેવા સહૃદયીઓ હિંમત આપતા.

કાવસજી જહાંગીર હૉલમાં એ હરીફાઇનો જલસો યોજાતો. એમાં બબ્બે મહિનાની પૂર્વતૈયારી કરી ખેલાડીઓ ઊતરતા. એ કંઇ સુરતી નિશાળના મોખીને ધાંટાપાડુ બનેલા છોકરાઓ નહોતા; મોટે

ભાગે તો નામાંકિત 'ભરડા ન્યૂ હાઈસ્કૂલ'ના વિદ્યાર્થીઓ,—ત્યાંના તાલીમબાજ તખ્તા પર કસાયલા ભજવનારાઓ એમાં ઊતરતા.

તો પણ, ભાઈ, દાખલ ફીનો રૂપિયો ભરી દીધો! હવે 'સીન' શોધવો રહ્યો. પછી એને ગોખવો, અને પછી એનાં રીહર્સલ કરવાં રહ્યાં. ડ્રેસ વગેરેની મ્હોંકાણ તો ઊભી જ રહેતી. અને આપણું વાચન કેટલે? શેક્સપીઅર ને ભવભૂતિ શીખેલા, એટલે બધાં નાટકો થોડાં જ આવડ્યાં—જાણ્યાં કહેવાય?

લ્યો, ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર, તે પ્રિન્સ આર્થરની આંખ ફોડવાનો પ્રસંગ પસંદ કીધો: 'હિટ મી વિસ આયર્ન હૉટ.' કારણ સુરતમાં હૉટ કરેલો. પણ ત્યાં...

અને સાથે કોણ? તે માટે સી.એલ. ભંડારેને કહ્યું. ક્રિકેટની ટીમમાં અમારી જોડી પહેલી મેદાનમાં પડતી, એટલે એને સમજાવીને હા પડાવી. ત્યાં તો થોડે દિવસે જાણ્યું કે એણે પણ એન્ટ્રી નોંધાવી છે.

આપણે તો શેક્સપીઅર લઈ ગોખવા બેસી ગયા. બે ઝભ્ભા ને બે લાલ રંગેલા ધગધગતા સળિયા લઇ આવ્યા: સળિયા શાના? લાકડાનાં પૉઈન્ટર પર ગેરૂ લગાડી દીધો! પણ રીહર્સલ માટે મારો ને ભંડારેનો જોગ જ ખાય નહિ! એકાદ બે વાર સાથે વાંચી ગયા એટલું જ. અને શીખવે-બતાવે તો કોણ? મકનજી?!

અંતે એ દિવસ આવ્યો, અને આપણે કાવસજી હૉલમાં ત્રણ વાગ્યાના હાજર થઇ ગયા. પંદરપંદર મિનિટના સીન. યાદી જોઇને જ હાંજા ગગડી ગયાં. કોઇને પૂછ્યાગાછ્યા વિના સીધા સેક્રેટરીને આપણું નામ કાઢી નાખવાનું કહી આવ્યા!

કોઈએ હેન્રી ચોથો તો કોઇએ હેન્રી પાંચમો જમાવ્યો. પિરિટે તો જે સીન ગોઠવ્યો તે જોઈને જ આપણે ઠરી ગયા. લાઈટ, સજાવટ, ઔચિત્ય જોતાં જ સુંદર છાપ પડે. અને પીસ એણે પસંદ કરેલો શેલીના 'સેન્સી' કાવ્યમાંનો એક સીન. એવી સફાઇથી, સ્પષ્ટતાથી, સરળતાથી અને આસાનીથી ભજવી ગયો કે એના ઈનામ માટે બે મત રહ્યા જ નહિ. આપણે 'નો ક્લાસ' થાત એના કરતાં ન ઊતર્યા તે જ ઠીક થયું. એ દિવસના દેખાવો જોઇને હું તો ડઘાઈ જ ગયો હતો.

બીજે વર્ષે પાછો એ પ્રસંગ આવ્યો. હવે શું? કેમ વેતરવું? લાલચ-લાલસાનો તો છેડો નહિ; બીજી બાજુ એવી કોઈ ભારે આવડત નહિ. અંગ્રેજી ભાષા પર પૂરો કાબૂ નહિ, અને ઉચ્ચારણુચ્ચાર કોઇએ શીખવેલા નહિ. સુરતમાં વળી ઍક્સન્ટ કેવા? સાથે એવી કોઈ ટોળી નહિ. જેને જાણીએ તે કાં તો જાતે ઊતરવાના હોય કે નવરા ન હોય.

ટાગોર ફથલાવી ગયા: કંઈ પત્તો ખાધો નહિ. અંગ્રેજ બચ્ચો બોલે એવી જબાની ઢબછબ તો હવે આ જિંદગીમાં આવડવાની જ નહોતી. ફુગળો છોડ હોય તો વળે. પણ એક દિવસ એકાએક મગજમાં લોહી ઊછળ્યું.

પ્રિન્સિપાલ હૅમિલનો લાલો રોજ આવતોજતો નજરે પડે. એક દિવસ રાસ્પુટીન ક્લબની જરા મોટી મીટીંગમાં મોટા પ્રમાણમાં અમે ખાણીપીણી કરી, તે માટે થોડી ક્રૉકરી (કાચનો સામાન) જોઈએ. ઉપેન્દ્ર દેસાઈ, મહેરઅલી અને હું હૅમિલના રહેવાના ઉપરના ઓરડામાં ઘુસી ગયા. સાહેબ એક દિવસ માટે બહારગામ ગએલા, એટલે લાલાને સમજાવી, જરા ચેરીમની આપી, આખી ક્રૉકરી બહાર કઢાવી. તે દિવસથી લાલા સાથે આપણે સારી ઓળખાણ.

લાલો ગુજરાતી બોલે અને અંગ્રેજીમાં પણ અફાળે! મ્યૂઝિયમની આસપાસ સાંજ સવાર ત્યારે (અને આજે પણ) કંઈક લાલાઓને ભેગા મળતા અને વાતો કરતા જોયા હતા. મોટા ભાગના તેઓ હુરત-વલછાડ (સુરત-વલસાડ)ના જ આવેલા જો! તપખીરિયા રંગની હંગેરિયન કૅપ અને કાળા પાટલૂન પર લાંબો સફેદ ડગલો પહેરી, દાવકાઈથી—(જેટલો સાહેબ મોટો એટલો લાલો મોટો)—ધીરે ડગલે, એક પગ જરા વધારે મક્કમતાથી મૂકતો સોકોઈ લાલો એક જ જાતની ચાલે ચાલતો મેં ઘણી વાર જોયો હતો. અને બે લાલા સામા મળે ત્યારે વળી પહેલાં તો મૂઆ 'ગુડ મૉર્નિંગ'–'હેલો' કરે અને પછી 'કેમ છો-કેમના ખબર' કરી, 'મીડો મળેલો જો, હું કહેતો છે, તે દફા ગએલો'ના 'શુદ્ધ માતૃભાષા'ના સંવાદમાં ઊતરી પડે.

લાલો ઉર્ફે લાલિયો, એટલે અંગ્રેજના ઘરનો રસોઇયો. જરથોસ્તીઓનો 'મિસ્તરી', અથવા ઘરનો રખવાળ. કોટ બાજુ રહેતા અંગ્રેજો યા અંગ્રેજીના બડેખાંઓ લાલાને જરૂર ઓળખે.

પણ આ વહાલામીઠા લાલિયાને વાતમાં વણવો કઈ રીતે? પાત્ર તો મળ્યું, પણ એને આલેખવો શેમાં? અને બધો વેપલો પંદરથી વીસ મિનિટમાં પૂરો કરવાનો. ત્યારે કૉલેજમાં 'યુ.ટી.સી.'નું તૂત ચાલતું. સવાર પડે અને હોસ્ટેલમાંથી કર્નલ કમાન્ડરો જેવા ટંગીઓ ટોપસા પહેરી, બુલંદી બૂટ ચડાવી, દુનિયા જીતવા નીકળેલા સૈનિકો જેવા નીકળી પડતા! પેલી દવાની ડબ્બીના પાઠથી હવે આપણને આમ તો બધા ઓળખે, એટલે યુ.ટી.સી.ના વડા મિ. ફૂકા એક દિવસ મને કહે: 'તુ પણ યુ.ટી.સી.માં કાંય નહિ જોરાતો?'

'ના રે, સવારના છ વાગે ઊઠી આપણાથી એ રાઇટ લેફ્ટ ન થાય.'

'અરે પણ જોની સી.સી., અમે કૅમ્પિંગ પર જઈએ તહાં તો તું આવે ને? સે, નાસક—દેવલાલી.'

'પણ ત્યાં સવારે ઊઠીને કવાયત તો કરવાની ને? અને ઉપરથી આ જોડા-પટ્ટા સાફસૂફ કરવા બ્રાસો લગાડવાનો.'

'છટ્ છટ્. ચેરાં ના કાર. જો, હું હૅમિલને કહેવસ. તું તારે ડ્રિલ ના કરતો. પન અમારી સાથે આવ.'

ફીલ્ડ માર્શલ ફૂકાનો હોસ્ટેલ એરિયા કમાન્ડર રાઇટ લેફ્ટેનંટ મેજર જનરલ જહાંગીર સુખડિયા વાંસદાનો, મારો ભારે દોસ્ત. તે પછી 'ડીપ્લોમૅટિક મિશન' પર આવ્યો: 'જોની સી.સી., એ લોકો તને રેગ્યુલર કેડર પર નહિ મૂકે, એટલે ડ્રિલ બિલ તો સમજ્યા; પણ તને લઈ જવા માંગેચ.'

'પણ કાંય?'

'એમ છે: તું હોય, અમે બી છીએ, તો ત્યાં કૅમ્પિંગમાં કંઈક સ્કિટ કરીએ, એન્ટર્ટેઈનમેન્ટ પ્રોગ્રામ કરીએ, બધાને ગમ્મત પડે; તું સમજ્યો કેની? હૅમિલ બી કહે છ.'

'વારુ, જોઈશું.'

આપણા મગજમાં વાત જામી. જહાંગીરને હાથમાં લીધો. એના દશ ગોઠિયાઓને ઊભા કીધા. બધા જ યુ.ટી.સી.ના પોરિયાઓ જો! અને એન્ટ્રીમાં નામ આપી દીધું. પીસ: 'ધ રેક્રૂટ.' અને રાતોરાત બેસીને કિસ્સો લખી નાખ્યો. બીજે દિવસે જઈને એની ત્રણચાર નકલ ટાઈપ કરાવી લાવ્યો અને જહાંગીરને આપી. કમલાકાન્ત લોઢાણાને પણ ઊભો કર્યો. એ અંગ્રેજી જરા લંડનરની માફક બોલે. અને એમ કરી, એકાદ બે વાર–રીહર્સલ તો શેના, પણ પ્લૉટ ચર્ચી, હરીફાઈના દિવસની રાહ જોતા બેઠા.

રીહર્સલ તો નહિ જ, પણ મારા પાઠ પર મેં **બહુ મહેનત લીધી.** એકલાએકલા જાતજાતનાં કૌતુક કરી જોયાં; પ્રૅક્ટીસ કરી. આખો આધાર અભિનય પર જ રાખ્યો. સંવાદને બને તેમ આછો અને ગૌણ બનાવી 'વન મૅન શો' જેવું કરી નાખ્યું. અને પ્રેક્ષકો તેમજ જજોનાં માનસનો વિચાર કરી આખર સુધી મનમાં ને મનમાં ઘણી નાનીમોટી કડીઓ વિચારી મૂકી.

(જૂન ૧૯૫૧) ૨૦૦

લગ્ને મીનનો શુક્ર અને સાથે સૂર્ય, એટલે લાંબે કાળે એકાદ યોગ એવો આવી જાય કે પાસા સવળા પડે! ચિઠ્ઠીઓ ખેંચાતાં આ વખત પણ આપણો નંબર છેક છેલ્લો તો નહિ, પણ છ સાડા છ વાગે વારો આવે એ રીતે આવ્યો. ચાલો, એ પણ ઠીક છે! મારી આગળ એક નાલ્લા શેઠનો નંબર; ને તે મને કહે કે એણે ભારે જહેમત કરી નાટકમાં લાઈટ ઇફેક્ટ્સ રાખી છે, અને જો એનો વારો જરા વહેલો આવે તો અજવાળામાં બરાબર રોશનીની ખૂબી જામે નહિ, માટે મારે એનાથી પહેલાં ભજવવું ને પછી એ ઊતરે..

સક્રરેટરીઓને વાંધો ન હોય તો મને તો વચકો હતો જ નહિ. વહેલો છુટકારો થશે. ને મારે ક્યાં લાઈટ પર આધાર રાખવાનો હતો?

ત્યારે કંઇ માઇક્રોફોન નહિ; સેક્રેટરી જ જાતે ઊભા થઇને જાહેરાત કરી જાય. નાલ્લા શેઠને બદલે મારું નામ પોકારાયું અને પરદો ખેંચાયો. હવે જુઓ મેં કેમ ચોકઠું બેસાડેલું તે.

પહેલાં કમલાકાન્ત લોહાણાને ભમકામાં એક બાજુથી દાખલ કરી એની સામેથી મુડદાલ હાલતમાં હું નીકળ્યો. કાળા પાટલૂનમાં ઝીણી સફેદ લાઇનો. ઘેરા લીલા રંગનો લાંબો ડગલો, ફુસફુસિયા ટાઈ, અને માથે બેઠ્ઠી હંગેરિયન કૅપ. ગજવામાં મખમલની પારસી વાડકા ટોપી પણ રાખી હતી. ખભે લાલ ચોકડીનો રૂમાલ. પાટલુન પર બે થીગડાં ચોડી દીધાં હતાં. એવો હું દાખલ થાઉં છું ને તાળીઓ ગગડી રહી! નોકરીએ રાખવાને મેં કમલાકાન્તને બહુ કાલાવાલા કર્યા, ને એ સખાવતી જીવડો, તે કૈં ખોટી બે આનીફેંકી ચાલવા મંડયો!

હું એક ગરીબ લાલિયો, બે ત્રણ બૈરી, પ્રમાણમાં છોકરાં, અને નોકરીના વાખા, એટલું તો શરૂની બેબે મિનિટમાં પ્રેક્ષકના ધ્યાનમાં ઉતારી દીધું. એટલામાં જમણી બાજુથી બ્યૂગલો મારતા, અને માઉથ ઑર્ગન વગાડતા મારા હૉસ્ટેલના બહાદુર સૈનિકો નીકળી પડયા. મોખરે હાથમાં બંદૂક લઇ ચાલે ફીલ્ડ માર્શલ ફૅારા જહાંગીર સુખડિયા! મેં તો એને કુલ્લે આઠની પલટણ (એટલે બબ્બેબબ્બેમાં ચાર) લાવવા કહેલું; પણ આ તો બાર અરીમધરીમ નકરા સોલ્જરો! અને એમાં છેલ્લી જોડી તો ભલભલા પડઘમને પણ ભુલાવે એવાં બે ગગરતાં પીપ! જોનારા તો ખીલી ગયા! આવા કશાની એમણે આશા રાખેલી જ નહિ, એટલે તાબડા ટપાકાનો તો પાર જ નહિ.

જહાંગીરે કકડાવીને ઘાંટો પાડયો. 'સાયલેન્સ!' એ ઑડીઅન્સને માટે ગણો કે એના ગોઠિયાને માટે, પણ આબાદ ચુપકી છવાઇ ગઇ, અને એણે પલટનને એક લાઇનમાં ઊભી રહેવા હુકમ આપી દીધો. કવાયત શરૂ થાય તે પહેલાં બન્દા જહાંગીર આગળ જઇ રોકકળ શરૂ કરી બેઠા: 'અરે છર! હું તો એક ગરીબ જો, અને ઘેરમાં બબ્બે બૈરી, છેલ્લી લડાઈમાં લશ્કરમાં બી જોડાયલો ને બંદુકો ફૂટતી બી છાંભળેલી–મને નોકરીએ-ભરતીમાં રાખો...વગેરે.'

આ તો હું ગુજરાતીમાં લખું છું, પણ ત્યાં તો મેં લાલિયા પરાપરના તોફા અંગ્રેજીમાં જ ચલાવેલું. અને જહાંગીરે અફસરી ઢબે તેના જે જવાબ આપ્યા, ત્યાં તો વાત જામવા લાગી.

ઍક્ટિંગ કરતાં કરતાં પ્રક્ષકો કેટલે અંશે કાબૂમાં આવી ગયા છે, એની જ્યારે આપોઆપ સમજ પડી જાય છે ત્યારે રંગ જમાવવાના ઓર મજા આવે છે: જહાંગીર કહે 'નો, નો, નૉનસેન્સ.' બે ચાર સવાલમાં આપણે નાપાસ થયા, ને એણે માર્ચનો હુકમ પણ આપ્યો. ત્યાં ફરી પાછી લાલિયાની કામગીરી શરૂ થઇ; એટલે 'હોલ્ટ' થયું. પછી લાલીઓ કહે: 'છર, આઇ ઍમ એ ડાન્છર ઑાલ્છો. મેં તા છર, મેં તો કંઇ કંઇ નાચો કીધેલા જો! એ જોઇને જ હડરીના જર્મન નાહી ગીએલો જો.'

પણ જહાંગીર કઇ એવી ડફાસ માને કે? કહે, 'શો ઈટ!'

પછી તો સેવકે જે 'બાલે ડાન્સિંગ' શરૂ કીધું છે! એમાં સ્પૅનિશ ટોરીએ ડોરથી માંડી રશિયન વાડકા-પોલકા પણ આવી ગયા! અને પછી તાળીઓની જે ઝડી ચાલી છે, કે જજોમાંના એક હૅમિલ સાહેબ તો ઊભા થઈ થઇ તાબડા ફોડવા મંડી પડતા જોયા!

પણ અમારો જનરાલિસિમો માને શાનો? 'ઍનીથિંગ મોર?'

'હારે છાયેબ! મને નાટક કરતાં પણ આવડે જો. છેક્છપીઅર પણ હું જાણું. અને હને તો લખતાં પણ ની આવડે જો! જ્યાં બારવાનું ત્યા દાટવાનું લખી મારે. આઈ કમ ટુ કીમેટ હિમ, નૉટ ટુ પ્રેઝ હિમ. અછલ હડરીના રોમનો આપણી જેમ મુરદા બારતા કે દાટી મરતા! હીહીહીહી... હીહી...'

એટલે જહાંગીરે થોડા ફકરા બોલાવ્યા, જવાબમાં આપણે થોડો શાર્લૉક, થોડો બ્રૂટસ, વગેરે જે જે ઍટુહાસો ને ઍક્ટીંગના ખાંઓ બેરમજી મારી પહેલાં કરી ગએલા એ બધાની જે ઠેકડી કરી છે, પેટ ભરીભરી એમની રેવડી દાણુદાણ થાય એવી જે નકલો કાઢી છે, કે ન પૂછો વાત! ભારેની પૅરડી! એકેક પછી એકેક છોલાતા જાય અને ઑાડીઅન્સ ઊછળતું જાય. આટલામાં જ પંદરેક મિનિટ તો કાઢી; અને હવે બે ત્રણ મિનિટ રહી એટલે જહાંગીરે ફરી કહ્યું: 'નો! નો!'

ત્યારે મેં કૂકિંગની વાત કરી અને યુ.ટી.સી.માં લઈ લેવા કહ્યુ. પણ જહાંગીર શાહ કહે 'નો! નો!'—અને એની પછીનો શબ્દ 'નૉનસેન્સ' તો ઑાડીઅન્સ જ બોલે!

હવે શું? શરીરથી બધી જ નાચકૂદ કરી પરવાર્યાં હતા. આજીજી, કાકલુદી, રોકકળ, સમજાવટ, હવે શું? ખૂબી તો એ હતી કે જહાંગીરના યુ.ટી.સી. બૉયઝ્ આ બધી ધમાલમાં તદ્દન ઠાવકા, પત્થરનાં પૂતળાં જેવા, ફૌજી ઢંગથી, પૂરી અદબથી, મોં પર રૂંઆ પણ ફરકાવ્યા વિના ઊભા રહ્યા હતા.

આખરે એક આજીજી કરી. ગળગળા થઈને આંખમાં આંસુ આણીને દયાની માગણી કરી. ને તે પોર્શિયાની જબાનમાં ચલાવી: 'છાયેબ! છોલ્જર છાયેબ! આટલું તો કરો, ની'તો મરી જવાનો; અને બે બૈરી નાતરે જવાની; અને છોકરાં રવડી પડવાના. આઈ ઍમ એ ડૅમ જગલર, ઑાલ્છો.' કરી છેલ્લી મિનિટ-દોઢ મિનિટમાં જાદુ પર મંડયાં. એક કસાયલા જાદુગરની અદાથી દરેક સોલ્જરની યુ.ટી.સી. હેલ્મેટમાંથી–કોઈની કપાડી તેમાંથી ફલ, તો બીજામાંથી ઇંડાં, ત્રીજીમાંથી ફુક્કો એમ માથાંમાંથી કાઢી બતાવ્યું. ત્રણચાર બાકી રહ્યા તે બધાએ સામટી ટોપી ઉતારી, તો એમાંથી ટૅનિસ બૉલ અને નાનાં ચપલો પણ નીકળ્યાં! જહાંગીરે વળી એકના માથામાં કાગળ પણ મુકાવેલો, તે જ યુ.ટી.સી. ઍગ્રીમેન્ટ! બસ, જાદુગર તરીકે લઈશું' એમ કહી એણે મારી પીઠ થાબડી, અને બૅન્ડના એટલે કે માઉથ ઑર્ગનના સરોદ સાથે ફોજ ચાલવા માંડી, પરદો ખેંચાવા લાગ્યો, અને છોકરાઓના હરખ અને ગડગડાટનો પાર ન રહ્યો!

હા સાહેબ! ન્યાયાધીશો મૂંઝાણા! કૉમિક કરવું અઘરું કે ટ્રૅજિક? કયો અભિનય ચઢે? જમાનાઓથી ચાલતો ઝગડો ચાલ્યો. અમારા હૅાંગલ સાહેબ તો પૂરા ખુશ; પણ બીજા બે ન માને. આખરે ટાઈ થઇ, અને બંનેને લાયક ગણ્યા. પણ કાંઈ ખેંડાલાવાળાના કુરકુરાટનો પાર નહોતો. એ કહે કે 'સ્ટાન્ડર્ડ પીસ જોઈએ,–'આય ઍમ ગમ તેમ લખે, તે કેમ ચાલે?' વાતે ખરી: આપણો કંઈ છપાવવા જેવો પીસ હતો જ નહિ; આજે એની નકલ પણ નથી.

પરિણામે, પેલી 'બેનમૂન લાઇટ ઇફેક્ટ્સ' વાળા નાલ્લાશેઠનો પીસ તો કોઈએ સાંભળ્યો પણ નહિ! (ચાલુ)

પુસ્તકોનો ઉપયોગ [નિબંધિકા]



લેખક
બકુલ ત્રિપાઠી

મારા એક મિત્રને મેં એક વાર સૂચન કર્યું : 'તમને સાંજે થોડી નવરાશ તો મળે છે; તો એમાંથી થોડું થોડું કંઇ વાંચવાનું રાખો તો? વાંચવાનો શૉખ તો તમને હશે ને?'

'અરે, મને જેવો ચોપડીઓનો શૉખ છે એવો કોઈને નહિ હોય.'

'એમ? તો તો ખૂબ વાંચતા હશો. હમણાં શું વાંચો છો?'

'હમણાં?...હમણાં તો કંઈ નથી વંચાતું.'

'કેમ?'

'ચોપડીઓ જ ક્યાં મળે છે?'

'કેમ, પેલી લાયબ્રેરી છે ને?'

'હા, પણ એ તો બહુ દૂર પડે.'

'દૂર શેની? પુલ ઓળંગતાં સાત મિનિટ, ને ત્રણ મિનિટ બીજી. દસ મિનિટનો રસ્તો કંઇ દૂર ન કહેવાય.'

'હા, પણ ત્યાં જવાનો ટાઇમ ક્યાંથી મળે?'

'ઑફિસમાંથી સાડાપાંચે તમે છૂટો છો. તો પોણાછ-છએ તો ત્યાં પહોંચી જાઓ ને? લાયબ્રેરી તો બંધ થાય છે પોણા સાતે.'

'જવાય તો ખરું; પણ...ત્યાં તો પાછા ફીના પૈસા...'

'મફત છે. ડીપોઝીટ જ ભરવી પડે.'

'લ્યો ત્યારે; પાછા પંદરવીસ રૂપિયા એને ત્યાં ડીપોઝીટ ભરીએ!'

'પરંતુ અંતે તો એ તમને જ પાછા મળવાના છે.'

'પણ પાછા મળે ત્યાં સુધી તો એને ત્યાં પડી રહે ને? તેના કરતાં આપણી પાસે પડ્યા છે તે શા ખોટા છે?'

'પંદરવીસ નહિ પણ પાંચ જ રૂપિયા ડીપોઝીટ છે. તમારા એ પાંચ રૂપિયા હું ભરી દઉં; પછી વાંચો છો? તમે માત્ર એક ફૉર્મ ઉપર કોઈ મ્યુનિસિપાલિટીના સભ્ય, કે પ્રૉફેસર કે હાઈસ્કૂલના પ્રિન્સિપાલ, કે એવા કો'કની સહી લઈ આવજો.'

'લ્યો પાછા! એક તો પાંચ રૂપિયા ભરીએ, અને પાછા સહી લેવા સત્તર જણની દાઢીમાં હાથ નાખીએ.'

'સત્તર નહિ એક જ જણ. અને એમાં ય દાઢીમાં હાથ ઘાલવાનું ક્યાં છે? સહી તો એ લોકો તરત જ કરી આપે છે.'

'પણ તો યે એમનું 'ઑબ્લિગેશન' તો આપણા પર ચડે જ ને? એવું તે વાંચ્યા વિના શું નથી ચાલતું? જોકે મને વાંચવાનો શૉખ તો ખૂબ છે...તમારી પાસે જ કોઇ ચોપડી હોય તો આપો વળી!'

એ ભાઈ તો બે પુસ્તકો લઈને ગયા, પણ આ બેચાર મિનિટની વાતચિતમાં એમણે મારો એક ઘણો જૂનો ભ્રમ ઓગાળી નાખ્યો અને મારે ગળે ઉતારી દીધું છે કે આપણે બધા વાચનને જીવનમાં નાહકનું ખોટું સ્થાન આપી બેઠા છીએ. આ જગતમાં ચોપડીઓની જરૂર જ નથી. અને જરૂર હોય તો પણ એ વાચન માટે તો નહિ જ.

સાચું પૂછો તો વાચન એ તો ચોપડીનો એક ખૂબ ગૌણ ઉપયોગ છે. વાંચ્યું કર્યું તો વર્ષે બે વર્ષે ભુલાઇ જ જવાનું છે. હા, એટલું ખરું કે, નવલકથાનાં પાત્રોનાં નામ, વાતચિતમાં ટાંકી શકાય એવી કવિતાની લીટીઓ, ને પોતાને નામે વટાવી શકાય એવી થોડી રમૂજો,–વગેરે યાદ રાખવા પૂરતો ચોપડીઓનો એક ઉપયોગ છે ખરો. પણ આ માટે ચોપડી જ ખાસ વાંચવી જોઈએ એવું નથી; પ્રસ્તાવના અને અવલોકનોથી પણ આ કામ તો સરે છે. એટલે પુસ્તકોના આવા ઉપયોગ માટે કંઈ પુસ્તકોને સદેહે ઘરમાં પધરાવવાની કે વાંચવાની જરૂર નથી રહેતી.

પણ ઘરમાં પુસ્તકો વસાવવાના ખરા ઉપયોગ તો બીજા છે. ભૂતકાળમાં રાજાઓ જેમ ભવ્ય જનાનખાનાં રાખતા તેમ આપણે ય ઘરમાં પુસ્તકોનાં ભવ્ય કબાટો રાખીએ તો વિદ્વાન તરીકેનો વટ પડે છે. પણ પૈસા ખરચીને આણેલાં પુસ્તકો વાંચવાનું તો કો'ક દિવસ પણ મન થઇ જવા સંભવ છે. કંઈ નહિ તો પૈસા વસૂલ કરવાની દિવ્ય અભિલાષાથી પણ ચોપડી વંચાઈ જવાનું જોખમ છે. આ જોખમને નિવારવાનો સારામાં સારો ઉપાય પૈસા આપ્યા વિના ચોપડીઓ લાવવાનો છે. અને એ કળા તો ક્યાં આજકાલ કોઈને ય શીખવવી પડે એમ છે?

આ ઉપરાંત 'વૉકિંગ સ્ટિક'—ફરવા જતી વખતે હાથમાં રખાતી લાકડી—ની જેમ પણ પુસ્તકોનો ઉપયોગ થઈ શકે એમ છે. મારા પાડોશનો એક યુવક શાક લેવા જતો હોય કે જવાહરલાલની સભામાં જતો હોય, પણ હાથમાં પુસ્તક રાખવાનો જ. પુસ્તકોને પણ લાકડીની જેમ, કે વરઘોડામાં અપાતી ફુલછડીની જેમ હાથમાં રાખવાથી શોભામાં અભિવૃદ્ધિ થાય છે. અને એ બન્નેનો કદી ઉપયોગ કરાતો નથી એ રીતે પણ બન્ને સરખાં છે. આ ઉપરાંત ઓશીકા તરીકે, દૂધ પી જતી બિલાડીને ભગાડવા માટે, ટેબલ પરથી ટેબલક્લૉથ ઊડી ન જાય એવાં વજનિયાં તરીકે, ઉધઇઓની સૃષ્ટિમાં ભૂખમરો અટકાવવા માટે, ભાવિ સસરાના હૃદયમાં આનંદ ઉભરાવવા માટે,—એવા એવા અનેક ઉપયોગો પુસ્તકોના છે.

મારા ઓળખાણમાં એક બહેન છે. એમણે વળી આ બધાંથી નવો જ એવો પુસ્તકોનો એક ઉપયોગ મને દેખાડ્યો. કોઈ દિવસ નહિ ને એક ગુરુવારે એ પુસ્તકવિક્રેતાની દુકાને નજરે ચડ્યાં.

'તમે ક્યાંથી અહીં?' મેં પૂછ્યું.

'કેમ, અમે કંઈ અહીં ના આવીએ?'

'આટલાં વર્ષમાં તમે એકે ચોપડી ખરીદી હોય કે વાંચી હોય એમ મને તો ખબર નથી!' મેં જરા અવિવેકી બનીને કહ્યું.

'તે એમાં શું થઇ ગયું? આજ તો મારે એક-બે ચોપડી લેવી જ છે.'

'કઇ કઇ લેવી છે?'

'ખાસ કંઇ નક્કી નથી કર્યું;–ગમે તે...' એમણે જવાબ આપ્યો. પછી વધુ વાતચિત થઈ ત્યારે એમણે કહ્યું કે 'એ તો એવું છે, કે ગઈકાલે 'એ' ઘર માટે સરસ ટેબલલૅમ્પ લાવ્યા છે. મને થયું કે ટેબલ લૅમ્પ જોડે એકાદ બે ચોપડીઓ તો હોવી જોઈએ ને? એટલે વળી આજે અહીં આવી ચડી. તમે જ શોધી આપો ને કોઈ!'

મેં એમને માર્કસ અને ડાર્વિનના ગ્રંથોની બે 'ડી લક્સ એડિશન્સ' અપાવી. દેખાવે સારી હતી, ચળકતાં રંગીન પૂંઠાં હતાં, વજન પણ સારું, અને નામ પણ આબરૂ વધારે એવાં, એટલે મેં એ પુસ્તકો પસંદ કરી આપ્યાં. પણ આમ ટેબલલૅમ્પને ઘરમાં એકલાં સૂનું ન લાગે એવી કલ્યાણભાવનાથી પણ પુસ્તકો લેવાય છે એ મેં તે દિવસે જ જાણ્યું.

અને આ બધા ઉપયોગ ઓછા પડતા હોય તો પુસ્તકોનો બીજો

એક ઉપયોગ તો ઘણા વખતથી મારી કલ્પનામાં રમ્યા કરે છે. કવિ કલાપીએ ગાયું છે ને, કે 'જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી'? એક વાર આ લીટી વાંચતાં મને એક નવો જ વિચાર સૂઝેલો. કાગળ અત્યારે વાંસ, પરાળ, લાકડું, વગેરેના માવામાંથી બને છે, એને બદલે જો સૂરણ, બટાટા, ફ્રૂટના માવા વગેરેમાંથી કાગળ બનાવવાની, અને કૉફી, ચૉકલેટ વગેરેમાંથી શાહી બનાવવાની કોઈ શોધ કરે તો?—તો આ 'જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી' એ લીટી કેટલી બધી સાર્થ બની જાય?

બસ, પછી તો 'રાઈટિંગ પૅડ'નો ઉપયોગ આપણે 'ઈટિંગ પૅડ' તરીકે પણ કરી શકીએ; વર્તમાનપત્ર વાંચી રહ્યા પછી એને ચામાં બોળી નાસ્તો કરી શકાય; કાવ્યના પુસ્તકમાંથી કાવ્યરસ ઉપરાંત બીજા રસનો અનેરો સ્વાદ પણ માણી શકાય. પછી તો છાપખાનાંમાં ખાતર પડશે; પુસ્તકાલયોમા અપચાની દવાઓ રાખવી પડશે; જૂનાં પુસ્તકો ફેંકી દેવાને બદલે એનું શાક બનાવી ગરીબગુરબાંને વહેંચી દેવાશે; પૈસાદારો માટે આવા કાગળ અને શાહી વડે નોટો છપાશે ને કહેવાશે કે 'ફલાણા શેઠને ઘેર રોજ હજાર હજારની નોટો તો નાસ્તામાં વપરાય છે.'.... સમાજમાં આવા તો કંઈક ફેરફારો થઈ જશે. પણ સાથેસાથે પુસ્તકોનું સાર્થક્ય પણ જડશે જ ને?

પરંતુ એવી શોધ થાય ત્યાં સુધી પણ પુસ્તકોના ઉપયોગ, હમણાં જણાવ્યા એ જ બધા છે અને વાચન નથી. એ આપણે યુવાનોએ,—સંસ્કૃતિની મશાલ જલતી રાખનારાઓએ સમજી લેવું ઘટે. પુસ્તકોને જો જગતમાં જિવાડવાં હોય તો શૉખની ચીજો તરીકે જ જિવાડવાં જોઈએ. આપણને જીવનની જરૂરિયાતો ઘટાડવાનો ઉપદેશ મોટામોટા સંતો આપી ગયા છે એ કંઈ અમસ્તો જ? પુસ્તકોના વાચનને જો આપણે જીવનની જરૂરિયાત બનાવી મૂકીએ તો એ સંતોનું જીવ્યું એળે ગયું ને? ચોપડીઓને જો શોભાની વસ્તુ જ ગણીશું તો આપણે જીવનની જરૂરિયાત ઘટાડયાનો સંતોષ પણ લઈ શકીશું. એ શૉખની ચીજ હોવાથી એને માટે ઓછામાં ઓછા-બને તો નહિવત્-શ્રમ લેવાની વૃત્તિ કેળવી પણ શકીશું અને આ રીતે બચેલી શક્તિ બીજાં સારાં કાર્યોમાં વાપરી શકીશું.

વિદ્યાપ્રાપ્તિમાં જ રચ્યાપચ્યા રહેતા આપણા પુરાણા ઋષિમુનિઓને રાક્ષસો ઘડીએ ને પળે ગભરાવી શકતા. એવે વખતે, મારા પેલા મિત્રની પેઠે, જિંદગીમાં કદી કોઈનું 'ઑબ્લિગેશન' નહિ લેનાર અને કદી પુસ્તકાલયમાં નહિ જનાર વિષ્ણુ ભગવાન જ એમને મદદ કરતા. સ્વર્ગમાં પુસ્તકાલય હોય એમ હજી સુધી તો કોઈએ જાણ્યું નથી. કદાચ એટલે જ સ્વર્ગના દેવો આટલા બધા સુખી છે. એ દેવો યે દાનવોથી બચવા ઇંદ્રની સાથે ભગવાન શંકરને શરણે જતા. અને ભોળા શંભુને તમે કદી યે પુસ્તક વાંચતા કલ્પી શકો છો?

એટલે જ કહું છું કે પૃથ્વી પર સ્વર્ગ ઉતારવું હોય, આપણી સંસ્કૃતિને સ્વર્ગીય (અથવા તો સ્વર્ગસ્થ) બનાવવી હોય. તો કદી ય પુસ્તકોને ઘરમાં લાવવાં નહિ; અને ભૂલેચૂકે ય લાવી દેવાય તો એનો બીજો ગમે તે ઉપયોગ કરવો. પણ વાંચવાં તો નહિ જ.

(અનુસંધાન સામેથી) મૃત્તિકા-શિલ્પમાં પણ હાથ જમાવ્યો છે, અને એણે ફુરસદના વખતમાં કરેલા એ કામને પણ શ્રી ચૌધરીએ પૂરો સમય ભરતા વિદ્યાર્થીઓની બરોબરનું ગણ્યું છે. તેની સફળતા પાછળ ગુરુકૃપા જ છે એમ તે કહે છે. ગુરુના સ્ટૂડિયોની સર્વ માવજત, સંભાળ, કામની પૂર્વતૈયારી તથા સવારની ચાહની મેગાની ગુરુએ તેના પર નાખી છે.

ગુરુની શક્તિઓ સંવાદો, નિઃદો અને કલાપ્રેમની ઘણી વાતો તેણે સંઘરવા માંડી છે. કોઈ દિવસ તેની પાસેથી આપણે તે જાણીશું. હાલ તો તેની કારકિર્દીમાં એ ગુરુનો સંપૂર્ણ સંતોષ અને આશિષ પામે એટલો પુરુષાર્થ કરી શકે એમ ઇચ્છીએ. **રવિશંકર રાવળ**



'મૃદંગના તાલ': ટેમ્પેરા રંગથી લોકશૈલીએ કરેલું ચિત્ર



અમદાવાદમાં શાહપુરના દરવાજામાંથી લીધેલું દૃશ્ય

કલાર્થી દશરથ પટેલની સાધના



હજી તો માત્ર ૨૩ વર્ષ થયાં છે અને કલાના વિદ્યાર્થી તરીકેની કારકિર્દીનું પણ હજી મંડાણ જ થઈ રહ્યું છે, એટલામાં ભાઈ દશરથ પટેલે મદ્રાસની સરકારી કલાશાળામાં તેના આચાર્ય શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીની પરમ કૃપા સંપાદન કરી લીધી છે અને ત્યાંના ત્રીજા વર્ષની પરીક્ષામાં 'ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ' આવ્યા છે.

ચાર વર્ષ પહેલાં અમદાવાદની સી. એન. (ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર) હાઈસ્કૂલમાં અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં તેને ચોપડીઓના અભ્યાસથી થાક ચડ્યો. મન ને શરીર વિરોધ કરવા લાગ્યાં. શાળાના નિયમ પ્રમાણે ઈતર ઉદ્યોગ તરીકે તેણે શ્રી રસિકલાલ પરીખ પાસે ચિત્રકામમાં ખૂબ રસ અને તત્પરતા બતાવ્યાં હતાં, પણ બીજા વિષયો તેને મૅટ્રિકને બારણે જતાં રોકતા. એટલે સંસ્થાના શિક્ષણપ્રવીણ આચાર્ય શ્રી ઝીણાભાઈ દેસાઈએ તેના મનની પરિસ્થિતિ પિછાની લઈ તેને એકલું ચિત્રકામ કરવા છૂટ આપી અને તેનાં માતપિતાની અનુમતિ મેળવી. પોતાના મનપસંદ વિષયમાં વધુ સમય મળવાથી તેણે સવારનો ભાગ ગુજરાત ચિત્રકળા સંઘના વર્ગમાં ભરવા માંડ્યો. આથી તેની પ્રગતિ અને સંવેગ વધ્યાં.

શ્રી રસિકલાલે મદ્રાસમાં થોડો વખત શ્રી દેવીપ્રસાદની પાસેથી ચિત્રશિક્ષણ અને શિલ્પકર્મનો અભ્યાસ કરેલો, તે પરથી તેણે ભાઈ દશરથને ત્યાં જવા ભલામણ કરી. તેણે ૧૯૪૯માં સૌની સલાહ લઈ મદ્રાસ-પ્રયાણ કર્યું. પહેલી જ ટર્મમાં તેની કામગીરીથી આચાર્ય રાયચૌધરી તેના પર મુગ્ધ થયા. મદ્રાસમાં રહેવાખાવાની અનેક વિટંબણાઓ છતાં તેણે સૌથી વધુ આકૃતિઓ અને નમૂના તૈયાર કર્યાં અને મદ્રાસના પ્રાંતીય વિદ્યાર્થીઓમાં હરીફાઈની ચમક પેદા કરી.

આચાર્ય દેવીપ્રસાદ રાયચૌધરીનું વ્યક્તિત્વ અને કલાસંસિદ્ધિ આજના કલાજગતમાં મશહૂર છે. તેમણે ચિત્રકળા તથા પ્રતિમા-નિર્માણમાં ઉચ્ચ કોટિની કૃતિઓ સરજી બતાવી છે ને હિંદ તેમજ પરદેશોનાં પ્રદર્શનોમાં પ્રસિદ્ધિ મેળવી છે. પોતાના વિદ્યાર્થીઓમાં એવી જ તમન્નાથી કામ કરવાની પ્રેરણા તે આપી શક્યા છે.

ભાઈ દશરથને તેમના અંતેવાસી વિદ્યાર્થી બનવાનો લહાવ મળ્યો છે. સવારની ચાથી માંડી સાંજ સુધી ગમે તે સમયે, ગમે તેટલી મુદત સુધી તેમના અંગત સ્ટુડિયોમાં રહેવાની તેને સદર પરવાનગી મળી છે. અને પોતાની સેવા અને શ્રમથી ભાઈ દશરથે તે માટે યોગ્યતા પણ બતાવી આપી છે. તેણે પહેલી ટર્મમાં મોટાં પચીસ ચિત્રો અને ૩૫૦ જેટલા માનવ-આકૃતિના આલેખો કર્યા હતા. તેનું આ કામ ત્યાં એક Record (સીમાચિહ્ન) બન્યું છે, જે બીજા વિદ્યાર્થીઓ હજુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં કોઈ બતાવી શક્યા નથી.

આચાર્ય દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહન આપે છે, તે સાથે તેમને દૃઢ અને આગ્રહી બનવાને ઘણીવાર તેમનાં તૈયાર થએલાં ચિત્રો વાદળીના કૂચાથી સાફ ઘસી નાખીને ફરી કરવા કહે છે. બોધ આપે છે કે મરેલાંને જીવતાં કરી શકે તે જ કળાકાર. વિદ્યાર્થીને કોઈ બીજાની નકલ કરતાં પણ તે દૃઢપણે રોકે છે અને તેમનું સ્વતંત્ર ખીલવવા તેમની પોતાની જ કૃતિઓનો મુકાબલો કરવા કહે છે. ભાઈ દશરથે પોતાનાં લગભગ બધાં ચિત્રો ૨૦×૩૦ ઇંચના આછી ઝાંયના કાગળો પર કરેલાં છે. કેટલાંક તો એક જ બેઠકે પૂરાં કરેલાં છે. નિસર્ગ પરથી સીધું ચિત્ર, ઘેર આવી તેમાં નવા ક્રમે રચેલું ચિત્ર, અને તદ્દન મનોસ્મૃતિથી સ્વસર્જિત શૈલીમાં કરેલું ચિત્ર એ બધાંમાં તેણે ઠીક હાથ જમાવ્યો છે. તેના થોડા નમૂના આ સાથે આપ્યા છે.

વધુમાં તેણે અંતરાપે મળતા સમયમાં (અનુસંધાન સામે)





ડાબી બાજુ: માટીમાં શરૂ કરેલા આ શિલ્પમાં પહેલી જ બેઠકને અંતે દશરથના હાથે તેમાં એટલી આબેહૂબતા અને જોરદાર વ્યક્તિત્વ ઉઠાવેલાં જણાય કે શ્રી રાયચૌધરીએ તેને 'રુક જાઓ' કહીને એ શિલ્પ એમ જ અધૂરું રહેવા દઈ પોતાની પાસે રાખી લીધું.

જમણી બાજુ: મલબારમાં દશેરા સમયે ડાંગરનાં ભર્યાંભર્યાં ખેતરોનું લાક્ષણિક દૃશ્ય (ઑઈલ કલર)

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ


મધ્ય આફ્રિકામાં ન્યાસાલૅન્ડ નામનો બ્રિટિશ હકૂમતનો એક નાનો (૩૭,૬૦૦ ચોરસ માઈલ વિસ્તારનો) પ્રદેશ છે. તેની સરહદો પર ટાંગાન્યીકા, ર્‍હોડેશિયા, પોર્ચુંગીઝ પૂર્વ આફ્રિકા અને ન્યાસા સરોવર આવેલાં છે. એ અંધારા ખંડના અનેક પ્રદેશોને શોધીશોધીને દુનિયા આગળ મૂકનાર ડૉ. લિવિંગ્સ્ટને જ આ વિશાળ ન્યાસા સરોવર પ્રથમ શોધી કાઢેલું, અને તેના પરથી જ આ પ્રદેશનું નામ ન્યાસાલૅન્ડ પડ્યું. ત્યાં બ્રિટિશ મિશનરીઓ આદિએ થાણું નાખ્યાં અને ત્યાંની સમૃદ્ધ ભૂમિમાં ખેતીવાડી તથા વેપાર વધાર્યો. ત્યાર બાદ, ઈ. ૧૮૯૧ની ૧૫મી મેના દિવસે રીતસરની જાહેરાત કરીને એ પ્રદેશ બ્રિટિશ હકૂમતમાં જોડી દેવામાં આવ્યો. ગઈ ૧૫મી મેએ તે પ્રસંગને ૬૦ વર્ષ પૂરાં થયાં તેના સ્મરણમાં એ પ્રદેશમાં જે મણિમહોત્સવ ઊજવાયો તેના નિમિત્તે ત્યાંના ટપાલખાતાએ ખાસ ટિકિટો તથા 'ફર્સ્ટ-ડે કવર' કાઢ્યાં છે, તેના નમૂના એ પ્રદેશના મુખ્ય શહેર બ્લૅન્ટાયરથી 'કુમાર'ના એક ગ્રાહક શ્રી ગોપાલભાઈ પટેલે મોકલ્યા છે તે આ સાથે છાપ્યા છે. ટિકિટમાં વચ્ચે રાજા છઠ્ઠા જ્યૉર્જની તસ્વીરની ડાબી-જમણી બાજુએ એ પ્રદેશનાં બે રાજ્ય-પ્રતીક છે, ને તે જ ફર્સ્ટ ડે કવર ઉપર પણ છાપેલાં છે. કવરનો એટલો ભાગ ઊભી પટ્ટીરૂપે આ સાથે આપ્યો છે. તેમાં મથાળે ૧૮૯૧ અને નીચે ૧૯૫૧ એમ બે સાલ છે. મથાળાના પ્રતીક-ચિત્રમાં આફ્રિકાવાસી બે સીદીઓ ઢાલ આકારના બ્રિટિશ રાજચિહ્નની બે બાજુ ઊભા છે અને તેને મથાળે વચ્ચે કૉફીનો છોડ છે. આ પ્રદેશની કસદાર જમીન કૉફીને ઘણી ભાવે છે, ને તેનો સમૃદ્ધ પાક અહીં ઊતરે છે. તેથી તેના પર કૉફીના છોડને સ્થાન આપ્યું છે. નીચેના બીજા પ્રતીકમાં હાલના રાજ્યચિહ્નનું આલેખન છે, જેમાં ઊગતો સૂર્ય અને ચિત્તો બતાવેલાં છે. એ આલેખન, આ પ્રસંગે ત્યાં ખાસ બહાર પાડેલા ચંદ્રકો ઉપર પણ છે, જે મોટા રૂપમાં આ અંકને છેલ્લે પાને દર્શાવ્યું છે.

1891





1951




નવી બ્રિટિશ ટિકિટો

નાનામાં નાનો પ્રસંગ ઝડપીને પણ ઘણા દેશો તે નિમિત્તે ખાસ ટિકિટો કાઢતા હોય છે ત્યારે દુનિયાભરના દેશોમાં કદાચ ઇંગ્લંડ જ એક એવું છે કે જે આ બાબતમાં બહુ જ સંયમી છે, અને ભાગ્યે જ ખાસ ટિકિટો કાઢે છે. એટલે, હમણાં ગઇ ત્રીજી મેના દિવસે ત્યાં 'ફેસ્ટિવલ ઑવ બ્રિટન' નામનું જે પ્રદર્શન ખુલ્લું મુકાયું તેના ઉત્સવ નિમિત્તે ત્યાંના ટપાલખાતાએ કાઢેલી ટિકિટો ખાસ રસદાયક નીવડશે. દુનિયામાં સૌપહેલી ટપાલની ટિકિટો કાઢનાર એ દેશની ટપાલના આખા ઇતિહાસમાં આ માત્ર ૧૧મી ખાસ ટિકિટ છે! એ ચાલુ ટિકિટ કરતાં બમણા કદની છે અને એમાં અઢી પેન્સની લાલ ટિકિટ ઉપર 'કૉર્ન્યુકોપિયા' પાત્ર અને મર્ક્યુરીનાં આલેખન છે.



ઑસ્ટ્રેલિયામાં પહેલવહેલી ટપાલની ટિકિટ ઇ. ૧૮૫૦માં કાઢવામાં આવી. તેને ગયે વરસે ૧૦૦ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે ત્યાં ખાસ ટિકિટો તથા ફર્સ્ટ-ડે કવર કાઢવામાં આવેલાં. એવા કવર પરનું ચિત્ર ઉપર દર્શાવ્યું છે. ડાબે જમણે ખૂણે એ સમયની મહારાણી વિક્ટોરિયાનું ચિત્ર છે અને ડાબે તથા નીચલે સામસામે ખૂણે એ સમયની બે ટિકિટોનાં આલેખન છે. એ જ આલેખનવાળી ટિકિટો આ પ્રસંગે ફરી કાઢવામાં આવી છે. જુઓ નીચે (મોકલનાર : શ્રી હંસરાજ ઠક્કર)



કૉર્ન્યુકોપિયા, એ ફળ તથા ફૂલથી ઊભરાતું બકરાના શીંગડાના આકારનું પાત્ર છે અને પશ્ચિમની પુરાણસંજ્ઞાઓમાં તે સમૃદ્ધિનું પ્રતીક ગણાય છે. મર્ક્યુરી (એટલે બુધના ગ્રહનો) દેવ વાહનવ્યવહાર તથા સંદેશાવ્યવહારના દેવતા ગણાય છે અને વ્યાપારવણજના પણ તે પ્રતીક છે. 'ફેસ્ટિવલ ઑવ બ્રિટન' યોજવાનો ઈંગ્લંડનો હેતુ પણ પોતાના દેશનાં કલા સંસ્કૃતિ અને હુન્નર ઉદ્યોગનું પ્રદર્શન કરી દુનિયામાં તેની જાહેરાત કરવાનો તથા એ રીતે પોતાના માલનું ઉત્પાદન બઢાવી સમૃદ્ધિ વધારવાનો છે તેને આ ટિકિટ સાર્થ કરે છે.

આ ખાસ ટિકિટો કાઢવાની સાથોસાથ ઈંગ્લંડે પોતાની બીજી ટિકિટોના રંગો પણ બદલી નાખીને યુનિવર્સલ પોસ્ટલ કન્વૅન્શને ઠરાવ્યા મુજબના (બીજા દેશોને મળતા) કરી દીધા છે.

ભૈરવ (પૃ. ૧૮૯થી ચાલુ) કદી ખબર નહોતી, એનાથી એ લાડીનો ઘા શી રીતે સહન થાય? અચાનક પડેલા મારથી એ ચિડાયો, અને કોણે એ માર્યું એ જોવાને માટે એણે ડોક ફેરવી. બીજી જ ક્ષણે એના માલિકનો અવાજ એના કાને પડચો: 'અરે, અરે, ભૈરવ તેં મને માર્યો!?'

ભૈરવે આ પહેલાં માલિકનો અવાજ ઘણી વખત સાંભળ્યો હતો, પણ આ અવાજ એને કાંઈ જુદો જ લાગ્યો. એ અવાજે એના હૃદયનું પાણીપાણી થઇ ગયું. એણે સામે જોયું, તો ત્યાં એના માલિક નહોતા. લોકોમાં ખૂબ જ રાડારાડ મચી ગઇ હતી. કશું ન સમજાતાં એણે સીધા ગામ તરફ ફરીને દોડવા માંડયું.

ભૈરવ ગાંડો થઇ ગયો હતો. એને કશું સુઝતું નહોતું. એને તો માત્ર એટલી જ ખબર હતી કે કશુંક કયાંક ઊંધું વેતરાયું છે અને એટલે જ પોતાના માલિકને જોવાની એને ઇચ્છા થઈ હતી,—એક ગાંડી ઇચ્છા! એની ત્રિશૂળાકાર શીંગડીઓમાંની એક ભવાનીરાવની છાતીમાં ખૂંપી ગઈ હતી, અને બીજી એમના ખભામાં. આખું શરીર એના માથે ઉચકાઈ ગયું હતું. પણ એ શરીરના ભારથી યે ભૈરવનું માથું સહેજે નમતું નહોતું. અને એના એ દોડવાના આંચકાને લીધે ભવાનીરાવને વધુ ને વધુ પીડા થતી હતી.

એ થોડોક જ દૂર ગયો હતો ત્યાં તો ભવાનીરાવના ઘવાએલા શરીરમાંથી લાલચોળ લોહીની ધાર વહેવા લાગી. ભૈરવના માથે લોહીનો અભિષેક ચાલુ હતો. એ જ સ્થિતિમાં એકીશ્વાસે ભૈરવ વાડાનાં પગથિયાં ચડી ગયો. અને અંદર પેસતા જ એણે પોતાના માલિકને બોલાવવા માટે જોરથી ભાંભર નાખી!

પણ રોજની જેમ આજે એના માલિક કાંઈ બહાર આવ્યા નહિ. એ જોઈ રોષથી એણે પોતાના માથાને ખંખેર્યું, અને એ સાથે જ ભવાનીરાવનો બેશુદ્ધ દેહ જમીન પર પડયો. માલિકને જોતાં જ ભૈરવને કેટલો યે આનંદ થયો! એણે એક વખત માલિકના શરીરને સૂંઘ્યું. એમના નિર્જીવ હાથ ચાટચા. પણ એને એ શી રીતે સમજાય કે એ હાથ નિર્જીવ બની ગયા હતા અને હવે ફરી કદી એને પંપાળી શકે એમ નહોતા?

માલિક ઊઠીને ઊભા નથી થતા એ જોતાં જ એની આંખો લાલ થઇ ગઇ એણે આજુબાજુ જોયું. અસંખ્ય લોકો ત્યાં એકઠા થઈ



ગયા હતા. બૂમાબૂમ અને રાડારાડથી વાતાવરણ ભરાઇ ગયું હતું. ભૈરવ કોઇને યે માલિકની નજીક ઢૂંકવા દેતો નહોતો. છેવટે ભવાની-રાવના મોટા દીકરાએ ઘરમાંથી બંદુક આણી: બાર થયો!

ભૈરવ માલિકની પાસે ઊભો હતો ત્યાં જ કાનમાં ગુંજી ઊઠે એવો અવાજ થયો, અને એ સાથે જ એના મસ્તકમાં તીવ્ર વેદના થઇ આવી. એના કાનમાંથી લોહીની ધારા ચાલી. એણે પોતાના આગળ-ના પગ ઉપર શરીર ટેકવ્યું. હવે એને સમજાઇ ગયું હતું કે એણે પોતાના સર્વસ્વ એવા માલિકને જ માર્યા હતા.

એણે લોહીથી તરબોળ થએલું પોતાનું માથું એક વખત ઊંચું કર્યું, અને આર્ત સ્વરે છેલ્લી ભાંભર નાખી. પછી પોતાનું માથું માલિકની છાતી ઉપર ટેકવીને એણે અતિ કષ્ટે માલિક સામે જોયું. માલિકની ગરદન એનાથી સહેજ જ દૂર હતી. એ ચાટવા માટે એણે પોતાની જીભ બહાર કાઢી, પણ ત્યાં સુધી પહોંચતાં પહેલાં તો એ જીભ લૂલી પડી ગઈ.

લોકોને નજીક આવવા દીધા પહેલાં જ એ એના માલિક પાસે પહોંચી ગયો હતો.

[ચિત્રો: લેખકના તથા મરાઠી માસિક 'પ્રસાદ'ના સૌજન્યથી]

કેટલાંક નવાં પાઠ્યપુસ્તકો


વિદ્યાપીઠ વાચનમાળા: પહેલી, બીજી અને ત્રીજી ચોપડી: વર્ધા શિક્ષણપદ્ધતિ અનુસાર યોજેલી વાચનમાળાની સુધારેલી આવૃત્તિઓ, અનુક્રમે કિંમત ૦-૪-૦, ૦-૭-૦ અને ૦-૧૦-૦; **ચાલણગાડી:** વાચનમાળાની પહેલી ચોપડી સાથે શીખવવાનું પાઠ્યપુસ્તક. લેખક: ગિજુભાઈ અને જુગતરામ દવે. हिंदी पाठावली: पहेली किताब રાષ્ટ્ર ભાષાના વિદ્યાર્થી માટેનું સરળ પાઠ્ય પુસ્તક. ૦-૧૨-૦ ત્રણેના પ્રકાશક: નવજીવન કાર્યાલય અમદાવાદ; **પ્રાચીન અને અર્વાચીન આશ્ચર્યો:** પાર્ખર્સ્ટ કૃત સુબોધક અને મનોરંજક પુસ્તકનો સચિત્ર અનુવાદ. કરનાર: ખુરશેદ સ. વકીલ. ૧-૪-૦; **આપણા ભારતનો સરળ ઇતિહાસ:** ભાગ ૧લો અને ૨જો: નવી ઐતિહાસિક સામગ્રીભર્યું સચિત્ર અને સરળ પાઠ્યપુસ્તક. લેખકો: કાન્તિલાલ વ્યાસ અને કૃ. પાં. કુલકર્ણી. કિંમત અનુક્રમે ૧-૪-૦ અને ૧-૧૨-૦. **આપણી પૃથ્વી** ભાગ ૧લો: ભૂગોળ વિષયક સરળ અને સચિત્ર પુસ્તક, લેખકો: યાજ્ઞિક અને પટેલ. ૦-૧૫-૦; **આકૃતિ બીજગણિત:** ભાગ ૧લો: આઠમા ધોરણ માટેના મૂળ અંગ્રેજી પુસ્તકનો સરળ અનુવાદ. કરનાર: જ્યોતીન્દ્ર ડા. દેસાઈ, ૧-૦-૦; ચારેના પ્રકાશક મૅકમિલન ઍન્ડ કં. લિ. મુંબાઈ; **મહાકાવ્યોની બાળકથાઓ:** રામાયણ, મહાભારત, સોરાબ રૂસ્તમ તથા લાકડાના ઘોડાના પ્રખ્યાત મહાકાવ્યોની કથાઓનો સરળ ભાષામાં સળંગ પરિચય કરાવતી બાલભોગ્ય સચિત્ર પુસ્તિકા, ૦-૭-૦; **મહાપુરુષો:** હિંદના મહાન નરનારીઓનો જીવનપરિચય આપતી સચિત્ર પુસ્તિકા. ૦-૧૦-૦, બંનેના લેખક: સોમાભાઈ પટેલ; **ચાલો જગત જોવા:** પ્રાથમિક શાળાના પહેલા ધોરણના બાળકોને ભૂગોળનું સામાન્ય જ્ઞાન આપતા સચિત્ર પુસ્તકની બીજી આવૃત્તિ. લેખકો: વરધભાઈ પટેલ અને અંબાલાલ ઈનામદાર. ૦-૮-૦. ત્રણેના પ્રકાશક: વૉરા ઍન્ડ કં. મુંબાઇ-૨.

એક ઉપયોગી પુસ્તક

દાંતોની મહત્તા સમજાવતી ડૉ. ફેખશરૂ જીલાની અતિ લોકોપયોગી ને મહત્ત્વની દંત-સાહિત્યમાળાનું એક વધુ-૪૪મું-પુસ્તક; ડૉ. ફેખશરૂ દોરાબજી જીલા, વાડી સ્ટ્રીટ, નવસારી-એ સરનામે બે આનાની ટિકિટો મોકલતાં પુસ્તક વિનામૂલ્યે મોકલશે.

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા

આપણી વનસ્પતિ : ૪૧



ચીકુ

મધુરાં ફળ આપતું આ વૃક્ષ મૂળ તો દક્ષિણ અમેરિકાનું વતની; પરંતુ આજે તો એ દુનિયાભરમાં ઉગાડવામાં આવે છે. આપણે ત્યાં હિંદમાં બધે—ખાસ કરીને મુંબાઈ,બંગાળ ને મદ્રાસમાં મોટા પ્રમાણમાં—તે ઉગાડાય છે. હિંદી તેમજ મરાઠીમાં 'ચીકુ' નામથી ઓળખાતા આ વૃક્ષને અંગ્રેજીમાં 'Sapodilla Plum' તથા 'Sapota Plum' પણ કહે છે. તેનું લૅટિન નામ Achras Sapota Linn. 'ઝેપોટા'('સેપોટા) એ ચીકુનું મેક્સિકન નામ છે; 'એક્રસ' એ જૂનો ગ્રીક શબ્દ છે અને તેનો અર્થ 'જંગલી પેરૂ' એવો થાય છે.

ચીકુનું સુંદર વૃક્ષ ૩૦ થી ૫૦ ફીટ ઊંચું ઊગે છે. તે સદાયે લીલું અને ભરાવદાર ઘટાભર્યું હોય છે. તેની છાલ ખરબચડી ને ઘેરી રાખોડી હોય છે અને તેમાં દૂધિયો રસ (latex) હોય છે. કૂમળી શાખાઓ પર રુવાંટી પણ હોય છે.

પાન શાખાઓના છેડે પાસેપાસે ગોઠવાએલાં હોય છે. તે સાદાં, જાડાં, વચ્ચે પહોળાં,પણ તળિયે ને ટોચે સાંકડાં થતાં અને અણીદાર ટોચવાળાં, ૩થી૬ ઈંચ લાબાં ને ¾ થી ૧ ઈંચ પહોળાં, બન્ને બાજુ ચળકતાં ને ¾ થી ૧ ઈંચની દાંડીવાળાં હોય છે. કૂળાં પાનને ભૂરી રુવાંટી હોય છે. નવાં પાન ફેબ્રુઆરી માર્ચમાં આવે છે.

ચીકુને ફૂલ મે ને જૂન માસમાં,તેમજ વર્ષા ઋતુને અંતે આવે છે. તે નાનાં, સફેદ, આછી સુવાસવાળાં અને એકાકી હોય છે. દરેક ફૂલને લાંબી દાંડી હોય છે. ફૂલમાં વજની છ પાંખડી બે હારમાં ગોઠવાએલી હોય છે, જેમાં બહારની હારની ત્રણ પાંખડી જરા મોટી હોય છે. ફૂલમણિને પણ છ પાંખડી હોય છે અને તે બધી નીચેના ભાગથી એકબીજી સાથે જોડાઇ ફૂલમણિને નળી આકાર બનાવે છે. ફૂલમાં પુંકેસર છ હોય છે ને તે ફૂલના અંદરના ભાગમાં ફૂલમણિની છ પાંખડીઓ સામે આવેલાં હોય છે; તે ઉપરાંત છ વન્ધ્ય પુંકેસર હોય છે; તે ફૂલમણિની પાંખડી જેવાં દેખાય છે અને તેની અંદર તેનાથી વારાફરતી ગોઠવાએલ હોય છે, બીજાશય એક હોય છે અને તેમાં ૧૦ થી ૧૨ કોષ હોય છે.

ચીકુનું ફળ લગભગ ગોળાકાર અગર અંડાકાર અને વ્યાસમાં ૧½ થી ૨ ઇંચ હોય છે. તેમાં ૩ થી ૫ કાળાં, ચળકતાં અને લંબગોળ બીજ હોય છે. ફળની છાલ પાતળી, ખરબચડી અને ભૂરી હોય છે. તેની નીચે ગુલાબી અગર પીળાશપડતો ભૂરો ગર્ભ હોય છે. ચીકુનાં ફળ મુખ્યત્વે માર્ચ, એપ્રિલ, ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં પાકે છે.

ચીકુ મધૂકાદિ (મહુડો, રાયણ, બોરસલી વગેરેના) વર્ગની વનસ્પતિ છે. તે બીજ તેમજ કલમ બંને વડે ઉગાડવામાં આવે છે. દરિયાકાંઠાની જમીન તેને વધારે માફક આવે છે.

અમેરિકામાં ચીકુની વિવિધ જાતો ઉગાડવામાં આવે છે. તેમાંની કેટલીક બીજરહિત ફળ આપે છે જ્યારે કેટલીકના દરેક ફળનું વજન એક રતલ કરતાં વધારે હોય છે! દક્ષિણ અમેરિકામાં ચીકુ(ફળ)ના પાકા ગર્ભમાંથી સ્વાદિષ્ટ શરબત બનાવવામાં આવે છે. ગર્ભમાં સારા પ્રમાણમાં (૧૪·૪ ટકા) વિવિધ સાકર અને જૂજ પ્રમાણમાં (·૧૩ ટકા) 'સેપોટીન' નામનું કડવું તત્ત્વ હોય છે.

ચીકુનું લાકડુ રાતું-ભૂરુ,કઠણ ને બહુ ટકાઉ હોય છે. તેની છાલમાં ૧૧·૮ ટકા ટેનીન છે. દક્ષિણ હુઝોનના માછીમારો વહાણના સઢ ને માછલાં પકડવાનાં સાધનો રંગવામાં તેનો ઉપયોગ કરે છે.

ચીકુની છાલમાંથી મળતો ચીકણો દૂધિયો રસ 'ચીકલ' (Chicle)નામે ઓળખાય છે. અમેરિકામાં તે 'Chewing gum' (ચાવવાનો ગુંદર)બનાવવામાં વપરાય છે. હિંદમાં તે નાની વસ્તુઓને સાંધવા માટે સિમેન્ટ તરીકે વપરાય છે. તે ઉપરાંત દંતવિજ્ઞાન સંબંધી વાઢકાપ('ડેન્ટલ સર્જરી')માં, 'ટ્રાન્સમિશન બેલ્ટ્સ' બનાવવામાં તેમજ 'ગટા-પર્ચા' નામના પદાર્થને બદલે તેનો ઉપયોગ થાય છે.

ચીકુના ઝાડમાંથી દર ત્રણ વર્ષે એક જ વખત કાઢતાં ૬ થી ૮ રતલ દૂધિયો રસ મળે છે; પરંતુ વારંવાર રસ કાઢવાનો પ્રયત્ન કરવામાં આવે તો ઝાડની શક્તિ ક્ષીણ થાય છે અને પરિણામે તેની ફળ આપવાની શક્તિ પર અસર થાય છે એમ જણાયું છે.

ચીકુના બીજમાં 'સેપોનિન' તેમજ સેપોટીનીન' નામનું કડવું તત્ત્વ હોય છે. ચીકુની છાલ બાધક, શક્તિવર્ધક અને તાવનાશક છે; અને તેનાં બીજ મૃદુ. રેચક અને મૂત્રકારક ગણાય છે. વેસ્ટ ઇન્ડીઝ તેમજ ગીઆનામાં તેનો એ રીતે ઉપયોગ થાય છે.

કોંકણમાં તેનાં ફળને આખી રાત માખણમાં પલાળી રાખી સવારે ખાવામાં આવે તો પિત્તપ્રકોપ ને તાવ માટે તે ઉત્તમ ઉપાય ગણાય છે. કૅમ્બોડિયામાં ચીકુની છાલનો ઉકાળો ઝાડામાં આપવામાં આવે છે તેમજ તેની છાલ બાધક અને તાવનાશક ગણાય છે.

એક હજામ, એક મૂર્ખો અને એક તાલિયો માણસ, સાથે પ્રવાસ કરતા હતા. તેમાં રસ્તો ભૂલ્યા ને વગડામાં રાતવાસો કરવો પડ્યો, એટલે સલામતીને ખાતર ત્રણેએ વારાફરતી ચોકી માટે જાગવાનું ઠરાવ્યું. પહેલી ચોકી હજામની આવી. તેણે ગમ્મત ખાતર ઊંઘતા મૂર્ખાનું માથું મૂંડી નાખ્યું. પછી બીજો વારો તેનો હોવાથી તેને ચોકી માટે ઊઠાડ્યો. અને અકસ્માત પોતાનું માથું ખંજવાળવા જતાં જ તે બોલી ઊઠ્યો: 'અરે, તમે પણ ખરી ભૂલ કરી છે! મારે બદલે તાલિયા ગૃહસ્થને ઊઠાડ્યા લાગે છે!'

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૩૦ મો : વૈશાખ ૧૯૮૨

ડૅનિયલ કાર્ટર બીઅર્ડ,-લેખક, કલાકાર, અઠંગ વનવિહારી, (જંગલજીવન ગાળનાર) અને 'ડૅનિયલ બૂનના બચ્ચા' તથા 'બૉય પાયોનીઅર્સ' નામની સંસ્થાઓ સ્થાપીને અમેરિકામાં વનવિહારની પ્રથા દાખલ કરનાર આદ્ય પુરુષ—જેનાં ડહાપણ, બુદ્ધિ, કીર્તિ અને અનુભવ અમેરિકાની બૉય સ્કાઉટ સંસ્થાના બંધારણના સ્તંભ સમાં છે અને જેણે ઊગતી પ્રજાના મોવડી તરીકે અમેરિકન યુવાનોનાં ચારિત્ર્ય ખીલવીને એ દેશના કુમારજીવનની મોંઘી સેવા બજાવી છે, તેના આ અંકમાંના ચરિત્રનો સાહસભર્યો ઉઘાડ જુઓ:

'કૉવિંગ્ટન પાસેની લીક નદી જ્યારે પાણીના નવા પૂરથી ઊભરાતી હોય છે ને તેના તરંગો ફાળો મારી ભયંકર તાંડવ કરે છે, જ્યારે તેમાં તરીને પાર ઊતરવું એ જીવના જોખમની જ વાત કહેવાય છે, ત્યારે કયા સાહસિકને તેમાં પડવાનું મન ન થાય?

એક વખત એવા આવતા પૂરને જોતા કાંઠે ઉભેલા એક ખેડૂતે બે છોકરાઓને નાના વહાણમાં બેસી એ નદીમાં ઝંપલાવતા જોયા; ને તેમના જીવનની આશા છોડી. નદીની મધ્યમાં જોશથી વહેતા ધોધ તરફ બંને છોકરા પોતાની નાની બદામડીને હંકાર્યે જતા હતા. સાહસના ઉત્સાહ ને જોમથી તેમની આંખોમાં અનેરું તેજ ઝળકી રહ્યું હતું. જોતજોતાંમાં તો તેમની બદામડીએ ધોધમાં ઝંપલાવ્યું! ઊંચે ઉછળતાં સફેદ મોજાં ઘુઘવાટ કરતાં હતાં, તરતાં વૃક્ષો ને લાકડાં એકબીજા સાથે અફળાતાં ભયંકર કડાકા થતા હતા, અને તેથી ઊડતાં જલસીકરથી આકાશ છવાઈ જતું હતું. કુદરતના અપાર બળથી લાખ્ખો ટન પાણી જોસથી ધસતું હતું. તે જોશને તાબે થઈ મોટાં વૃક્ષો સમૂળાં ઊખડી જતાં હતાં અને નદીની ભેખડો તૂટી પડતી હતી. બદામડી ધોધના મધ્ય ભાગમાં આવતાં જ તોપના ગોળાની માફક આગળ ઊપડી. ચોમેર તરતાં લાકડાંથી હોડીને બચાવતા છોકરાઓ પોતાના સાહસના પરિણામનો વિચાર આવતાં સહેજ ડર્યા. તેમની આંખો ભય અને સાહસથી વિકસિત બની વિશેષ ચમકવા લાગી. મૃત્યુની પાંખે ચડી જાણે અનંતતા તરફ ઊડતા તેઓ દેખાયા. પણ, એકાએક, જાણે કંઈક ચમત્કારથી, હોડી પ્રવાહની બાજુ ખેંચાઈ, અને કોઈએ પકડી રાખી હોય તેમ ક્ષણભર ઊભી રહી, અને થોડી વાર પછી છોકરાઓને પાણીમાં ફેંકી અદૃશ્ય થઈ ગઈ!

ડૅન બીઅર્ડ જણાવે છે કે એ હોડીમાં હું પોતે તથા મારો ભાઈ ટૉમ હતા. અને માત્ર ઈશ્વરકૃપાથી જ અમે બચ્યા. હોડી નદીની વચ્ચે ઊભેલા એક ઝાડના ઠૂંઠામાં એવી તો પરોવાઈ ગઈ કે તેને તળીએ એક મોટું કાણું પડ્યું; અને અમે બંને કિનારા તરફ ફેંકાઈ ગયા. હજી પણ, આજ સાઠસાઠ વર્ષની સાહસોભરી જિંદગી પછી પણ, જ્યારે તે સાહસ પર વિચાર આવે છે ત્યારે શરીરે સ્વેદ વળી જાય છે, અને પાણીનાં મોજાંમાં અફળાએલાં હાડકાં હજુ પણ કળતાં લાગે છે! મારા જીવનમાં હું ઘણા અકસ્માતોમાંથી બચ્યો છું, પણ મેં કદી મોતને આટલું નજીક જોયું નથી.

જબલપુરથી તેર માઈલ દૂર ભેડાઘાટ નામના સ્થળે નર્મદા નદી અતાગ ઊંડાણથી સંગેમરમરના જે અફાટ ઊંચા પથ્થરો વચ્ચે થઈને વહે છે એ આપણા દેશનું એક અદ્ભુત દૃશ્ય ગણાય છે. માણસ જિંદગી સુધી ન ભૂલે એવા એ દૃશ્યનું જે દિલચસ્પ વર્ણન પહેલવહેલી વાર 'કુમારે' અનેક ચિત્રો સાથે છાપેલું તેનો પ્રસ્તુત ભાગ:

'જબલપુર સ્ટેશનથી નર્મદા તેર માઇલ દૂર છે, પણ જબલપુરની આ બાજુ મીરગંજ સ્ટેશન આવે છે ત્યાંથી ભેડાઘાટ માત્ર ત્રણ માઈલ સીધે રસ્તે થાય છે; એટલે સામાનની પંચાત વિનાના મુસાફરો ત્યાં ઊતરી પડે છે ને એટલી મુસાફરી પગે કે ગાડામાં કરે છે.

ભેડાઘાટમાં રાજા ગોકુલદાસની સારી ધર્મશાળા છે. ભેડાઘાટ આગળ નર્મદાને બાણગંગા મળે છે. તે સ્થાન પવિત્ર સંગમતીર્થ મનાય એટલા મુલકની તે જાત્રા ગણાય છે. દર કાર્તિકી પૂર્ણિમાએ ત્યાં મેળો ભરાય છે તેમાં ચાળીસેક હજારની મેદની થાય છે.

અહીં નદીનાં જળ ખડકોની વચ્ચે ઘેરાયાં છે, ને ઊંચી આરસની ભેખડો વચ્ચે ઊંડી નહેરોની જેમ નાનાં ગૂંચળાં કરતી નદી વહે છે, એટલે જાણે ઊંચા પહાડોની ગલીઓમાં જળમાર્ગ બની રહ્યો હોય એવું લાગે છે. નદીમાં ફરવા માટે હોડીઓ ભાડે મળે છે.

હોડીમાં બેસીએ છીએ તે ઘડીએ આપણે શું જોઇશું તેનો જરાયે ખ્યાલ થઇ શકતો નથી, કારણકે એટલામાં આસપાસમાં જેટલા આરસના ખડકો દેખાય છે તે બધા હવા ને ધૂળથી કાળા થઇ ગએલા છે. પણ દસેક મિનિટ સુધી હોડી આગળ ગયા પછી તરત દુનિયાની અજાયબીભરી કુદરતી કરામતનો દેખાવ શરૂ થાય છે.

પહેલો જ વાંક વળતાં, વિશાળ ગોળાકારે, ચારે કોર, ઊંચી સીધી સપાટ આરસની ભેખડો, કોઇ મહેલની ભીંતો હોય તેવી નજરે પડે છે. જાણે કોઈ રાજદરબારનો ચોક! વળી સામે બે ઊંચી ભેખડો વચ્ચે આગળ જવાનો દરવાજો દેખાય. તેમાંથી હોડી ચાલે છે ત્યારે બે બાજુની ઊંચાઈ અને આરસની મુલાયમ સફેદાઈ જોઇ હૈયું ધબકવા જ માંડે છે! આરસની આ ભેખડો સો સો ફૂટ જેટલી ઊંચી છે, અને તેની વચ્ચે નદીનાં જળ તેટલાં જ કે વધુ ઊંડાં વહે છે. સામે પણ એવી જ ઊંચાઇવાળી દીવાલો દેખાય. પણ હોડી વાંક વળે એટલે બીજો મોટો ઘેરાવવાળો ચોક આવે. જાણે મોટી નાટકશાળા!

ફોટોગ્રાફો કે ચિત્રો આ આરસની શિલાઓના રંગની મૃદુતા કે ઊંચાઇની ભીષણતાનો ખ્યાલ આપવા અસમર્થ છે. કોઈ જનશૂન્ય નગરીને રાજમાર્ગે જતા હોઇએ એવું લાગે છે. ઉપર નજર કરીએ તો ખડકો માથે નમતા લાગે છે અને ભયની કંપારી છૂટે છે.

આવા ચારપાંચ મોટા ચોક અને વચ્ચે પચાસ ફૂટની ગલીઓના જળમાર્ગો મળી લગભગ દોઢ બે માઇલનો પ્રવાસ થાય છે. ક્યાંયે અટક્યા વિના જતાંઆવતાં એક કલાક થાય. ઘણે ઠેકાણે એવું મન થઈ જાય કે હોડી સ્થિર કરી શાંત પડ્યા રહીએ. પ્રભુની આ લીલા આગળ આપણું મન સહેજે શાંત ને નમ્ર બને છે ને આપણી પામરતા સમજાય છે. વાસનાઓ તો આપોઆપ લય પામતી લાગે છે.

સાંજના આવી એક સફર કર્યા પછી રાત્રે ચાંદનીમાં ફરી ત્યાં જવાનું નક્કી કર્યું. જમી પરવારી અમે દસ વાગ્યે નીકળ્યા.

પહાડોનું એકાંત, ચાંદની રાત, ઊંડાં જળ અને આરસની ગંભીર

ઠડી સફેદ ભેખડો—આ બધાંની વચ્ચે અમારી હોડીઓ શાંત સ્થિર કરી અમે કેટલીક મિનિટો સુધી ચૂપકીદી પાળી ત્યારે એ દેખાવમાં રહેલી ભેદી અગમ્યતા અને ગમગીન સૌંદર્ય અમને સમજાયાં. આસપાસ ઝાડ કે પંખી કે કશું ય નહિ! જ્યાં જુઓ ત્યાં સફેદ ચોખ્ખો આરસ અફાટ ઊંચાઈ સુધી સીધી મોટી પાટોની પાટો રૂપે દેખાય. કોઇ માણસ આ દેખાવ જિંદગી સુધી ભૂલી શકે નહિ. જેમને તક યા સાધન હોય તેમણે આ સ્થળે આવવા ચૂકવું નહિ.

ખડકાથી ઉપરના ભાગમાં નર્મદાના બે મોટા જળધોધ છે. એ પણ નર્મદાનું જોવા જેવું સ્વરૂપ છે. ધોધ આગળ પહોંચવાને પગરસ્તે દોઢ માઇલ સુધી ચાલીને જવું પડે છે. સાવ પાસે જઇએ ત્યાં સુધી ધોધ નજરે પડતા નથી. નદીના અનેક જોરદાર પ્રવાહો એક ઠેકાણે ભેગા થાય છે અને ત્યાં જમીનમાં ઊંડી ભાડ ખોદાઈ ગઈ છે. આ બધા ભાગમાં આરસ જ છે એટલે પ્રવાહોને લીધે તેમાં જાતજાતની ખાંચો, ગૂંચળાં કે તાવડાં પડી ગયાં છે. કોઇ પહોળા પટમાં પથરાઇ રહેલાં અનેક ઝરણાં એટલા વેગથી વહે છે કે એક વામ જેટલા પ્રવાહમાં પણ પગ મૂકતાં ખેંચાઈ જઇએ એટલું જોર હોય છે. આવાં અનેક જોરદાર ઝરણાં એકઠાં મળી એક મોટા ધોધ રૂપે પેલી વિશાળ ભાડમાં ૩૦ ફીટની ઊંચાઈએથી ધસી આવી એટલા વેગપૂર્વક પડે છે કે આપણને લાગે કે જાણે હમણાં આખી નદી ખાલી થઇ જશે! પણ એ તો એવા ને એવા જથ્થામાં બારે માસ ધબધબા પડ્યે જ જાય છે. એની વેગભર પછડાટથી જલસીકરો ચોમેર ઊડીને ધુમ્મસ જેવો દેખાવ બની રહે છે, એ પરથી તે ધોધને ધૂંવાધાર કહે છે. નીચે પાણીનાં એટલાં બધાં ફીણ થાય છે કે જાણે કોઇ જંગી કુદરતી વલોણું ચાલતું હોય એવું લાગે છે!'

ગયા અંકમાં શ્રી ગજાનન ભટ્ટની સ્કાઉટિંગની લેખમાળામાંથી ઉતારેલા 'નિરીક્ષણશક્તિ' વિષેના ફકરા જેટલા જ ઉપયોગી ફકરા, આ અંકમાંના તે લેખમાળાના 'વખત, ઝડપ અને અંતરની ગણત્રી' વાળા હપતામાંથી ઉતારવા જેવા લાગે છે:

'વખત, ઝડપ અને અંતરની ગણત્રીનું આપણું જ્ઞાન ઘણું જ ઓછું છે. પરંતુ જંગલમાં હમેશાં મુસાફરી કરતા અથવા પ્રાંત પછી પ્રાંત પગે કે સાઇકલ પર ફરી વળતા સ્કાઉટને આવી ખોટી અટકળ પાલવે નહિ. તેઓનું વખત, ઝડપ અને અંતરનું જ્ઞાન ચોક્કસ જોઇએ.


જો કોઇ સ્કાઉટ પચાસ પગલાં ચાલે અને પચાસ પગલાં દોડે તો દર બાર મિનિટે એક માઈલ મુસાફરી કરે; એટલે એક કલાકે પાંચ માઇલ જાય. આ ઉપરથી જો તેની પાસે ઘડિયાળ હોય તો તેણે કેટલા માઇલ મુસાફરી કરી તે એ સહેલાઇથી કહી શકે. દરેક સ્કાઉટે પોતે સાધારણ રીતે ચાલે ત્યારે દર કલાકે કેટલું ચાલે છે તે નક્કી કરી રાખવું જોઇએ. હું પોતે દર ચૌદ મિનિટે એક માઈલ ચાલું છું.


ટ્રેનમાં મુસાફરી કરતા હોઇએ ત્યારે ટ્રેન કેટલી ગતિથી ચાલે છે તે જાણવું તો સહેલું છે. ટ્રેનના પાટાની પાસેપાસે ચાલ્યા આવતા તારના થાંભલા પર બે જાતના આંકડા લખેલા હોય છે. તેમાં ઉપરનો આંકડો એકનો એક રહે છે, જ્યારે નીચેનો આંકડો દર થાંભલે બદલાય છે. એક માઈલની અંદર લગભગ વીસ થાંભલા હોય છે. ઉપરનો આંકડો કુલ થાંભલા દર્શાવે છે, જ્યારે દર થાંભલે બદલાતો નીચેનો આંકડો થાંભલાનો નંબર દર્શાવે છે. ઘડિયાળ કાઢી સેકંડ કાંટો તેમજ થાંભલાનો નીચેનો નંબર જોઈ લેવો. વીસ થાંભલા પસાર થયા પછી પાછો તેનો તે નંબર આવે ત્યારે એક માઈલ થયો સમજવો, અને તેટલું અંતર કાપતાં કેટલો વખત થયો તે ઘડિયાળમાં જોઈ લેવું. ટ્રેન ઘણી વાર બે મિનિટે એક માઈલ ચાલતી હોય છે, તો આપણે કહી શકીએ કે કલાકના ત્રીસ માઇલની ઝડપે ટ્રેન ચાલે છે. ટ્રેનમાં અને મોટરમાં વારંવાર મુસાફરી કરનારની આંખ એવી તો ટેવાઈ ગઈ હોય છે કે બહારનાં પસાર થતાં ઝાડ અને ખેતરો જોઈ તેઓ ટ્રેન અથવા મોટરની ઝડપ કહી શકે છે.

મુસાફરી કરતાં રસ્તે આવતી નદીની પહોળાઇ માપવાની પણ એક રીત છે: સામે કિનારે કોઇ એકાદ ઝાડ ધારવું અને આ કિનારે તેની બરોબર સામે 'અ' પાસે એક લાકડી ખોડવી. ત્યાંથી કાટખૂણે પચાસ પગલાં 'બ' સુધી ચાલી ત્યાં એક બીજી લાકડી ઉભી કરવી અને 'બ' થી 'ક' સુધી બીજાં પચાસ પગલાં ચાલવું. પછી 'ક' થી 'ડ' સુધી કાટખૂણે ચાલીને એવું સ્થળ શોધી કાઢવું કે ત્યાં ઊભી કરેલી લાકડી, 'બ' વાળી લાકડી અને સામા કાંઠા પરનું ઝાડ ત્રણે સીધી લીટીમાં દેખાય. આ પ્રમાણે થાય ત્યારે સમજવું કે 'ક' અને 'ડ' વચ્ચેના અંતર જેટલી જ નદી પહોળી હોય. નદી પર લડાઇના અગર અગત્યના પ્રસંગે કામચલાઉ પૂલ બાંધવો હોય ત્યારે આ રીત બહુ જ ઉપયોગી છે, કેમકે નદીની પહોળાઈ જાણ્યા સિવાય પૂલ માટે કેટલાં લાંબા દોરડાં જોઈશે તે કેવી રીતે નક્કી થાય?


આ જ પ્રમાણે ઝાડ, ટાવર કે પર્વતની ઊંચાઈ માપવાની પણ રીત છે. એક સ્કાઉટે ચિત્રમાં 'ગ' આગળ બતાવ્યા પ્રમાણે આંખ રાખી જમીન પર સૂઈ જવું. બીજા સ્કાઉટે 'ક' 'ડ' લાકડી આંખ અને ઝાડની વચ્ચે ઊભી રાખી આમતેમ ખસેડવી. જ્યારે લાકડીનો 'ક' છેડો ઝાડની ટોચ સાથે બરાબર મળી જાય, અથવા ઝાડ બરાબર લાકડીથી ઢંકાઈ જાય ત્યારે આટલાં અંતરો માપી લેવાં: 'બ' ને 'ગ' વચ્ચેનું અંતર, 'ડ' ને 'ગ' વચ્ચેનું અંતર તથા લાકડીની લંબાઈ. પછી તેનો હિસાબ આ પ્રમાણે કરી લેવો: લાકડીની ઊંચાઈ (ક ડ) ને લાકડી તથા આંખ વચ્ચેના અંતર (ડ ગ) વડે ભાગી, ઝાડ તથા આંખ વચ્ચેના અંતર (બ ગ) વડે ગૂણવાથી ઝાડની ઉંચાઈ (અ બ) મળી રહેશે. (જુઓ નીચેનાં ચિત્રો.)

આ ઉપરાંત સ્કાઉટે નાનાંમોટાં માપ લેવા માટે પોતાની આંગળીનો કયો વેઢો એક ઇંચ છે, પોતાની વેંત કેટલા ઇંચની છે, હાથ કેટલો લાંબો છે, ચાલે છે ત્યારે પગલું કેટલા ફૂટનું થાય છે, પોતાની ઊંચાઈ બરોબર કેટલી છે, વગેરેની ચોક્કસ નોંધ રાખવી જોઇએ અને તે માપ યાદ રાખી લેવાં જોઇએ. કાંઇ પણ સાધન સિવાય જંગલમાં આ બાબતો બહુ જ અગત્યની છે.





ડાબી બાજુ: નદીની પહોળાઈ તથા ઝાડની ઊંચાઇ માપવાની રીતો દર્શાવતી આકૃતિઓ.





ક્હાણ્ અંતરમાં અમી હોત તો
ફુલની વેલ ઉખેડત ના વિધિ;
નવ ગવાડત ગીત વિલાપનાં,
નિજ સનાતન ક્રૂર નહોરથી. –ઇન્દુલાલ ગાંધી

૨૧. ડૉ. અનંત હીરાલાલ પંડ્યા

જેમના અવસાનનું દુઃખ વ્યક્ત કરવા અમારી પાસે શબ્દો નથી તે ડૉ. અનંત પંડ્યા ('કુમાર'ના હસ્તલિખિત રૂપના આદ્ય તંત્રી)નો જન્મ ઇ. ૧૯૦૮માં ભાવનગરમાં થએલો. ત્યાંના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાંથી મૅટ્રિક થઈ, એન્જીનીઅરિંગમાં પહેલા વર્ગમાં પહેલે નંબરે આવી તે અમેરિકા ગયા ને ત્યાંના જગવિખ્યાત એમ.આઈ.ટી.માંથી પણ એન્જીનીઅરિંગના પહેલે નંબરે એમ.એસસી. થઇ, જેમ્સ બર્કલે સુવર્ણચન્દ્રક તથા અનેક સ્કૉલરશિપો મેળવી, તેના ફેલો નિમાયા. ૧૯૩૩માં ડૉકટર ઑવ સાયન્સની ડિગ્રી લઈ, '૩૫માં લંડનની ટ્રસેડ કૉંક્રીટ-સ્ટીલ કંપનીમાં તે જોડાયા, જ્યાંનાં ચાર વર્ષ દરમ્યાન મિ. ફાફલર સાથે મળીને વેલ્ડિંગના વિષય પર મહાનિબંધ લખી આંતરરાષ્ટ્રીય હરીફાઇમાં બીજે નંબરે આવી ૧૩,૦૦૦ ડૉલરનું ઇનામ મેળવ્યું. જગતભરની એન્જીનીઅરિંગ દુનિયામાં આમ ઝળકતું નામ કાઢી ૧૯૩૯માં તે કલકત્તાની સિબપોર એન્જીનીઅરિંગ કૉલેજના પ્રિન્સિપલ નિમાયા. જે પદે આવનાર એ પહેલા હિંદી હતા. યુદ્ધકાળમાં હિંદી સરકારના નૉનફેરસ ધાતુઓના કંટ્રોલર, અને અનુક્રમે દારૂગોળા ખાતાના તથા પૂરવઠા ખાતાના ઈજનેરી વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલની ઉચ્ચ સરકારી જવાબદારીઓ સંભાળી, ૧૯૪૫માં તેમાંથી છૂટા થઇને તે હિંદ કન્સ્ટ્રક્શન લિમિટેડના જનરલ મૅનેજર થયા. ૧૯૪૮માં ફરી સરકારે તેમની સેવાઓ ઉછીની માગી, અને હિંદુસ્તાન એરક્રાફ્ટ લિમિટેડના મૅનેજર તરીકે કામગીરી બજાવી, કન્સ્ટ્રક્શનલ એન્જીનીઅરિંગની પેઢી કાઢી તેના મૅનેજિંગ ડિરેક્ટર થયા. સરકારી જંગી ઇજનેરી યોજનાઓ તેમજ ઈજનેરી વિદ્યાનાં ઉચ્ચ સંશોધનો, બંને ક્ષેત્રોમાં તેમની સમર્થ પ્રતિભા હમેશાં આમંત્રાતી. તે કલકત્તા યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટના સભ્ય હતા, ને મુંબાઇ તથા કલકત્તા યુનિવર્સિટીના ફેલો, તેમજ રાષ્ટ્રીય નિયોજન પંચ, કેન્દ્રિય શિક્ષણ સલાહકાર પંચ, ઑલ-ઇંડિયા કાઉન્સિલ ઑવ ટેકનિકલ એડ્યુકેશન, હાયર ટેકનૉલૉજીકલ ઈન્સ્ટીટ્યૂટ કમિટી, વગેરેના સભ્ય હોવા ઉપરાંત થોડાં વરસ પર વડોદરામાં ભરાએલી ઇંડિયન સાયન્સ કૉંગ્રેસના એન્જીનીઅરિંગ વિભાગના અધ્યક્ષપદે ચુંટાયા હતા. મુંબાઇના વૈતરણા વૉટર વર્ક્સ, જી.આઈ.પી. રેલવેની ટનલો, દામોદર વૅલીનો કોનાર ખાતેનો જંગી બંધ, વગેરેના કૉન્ટ્રૅક્ટ તેમણે લીધેલા, અને કચ્છમાં કંડલા ખાતે જે મોટું બંદર અને મિલિટરી બેઈઝ થવાનાં છે તેના કૉન્ટ્રૅક્ટ લેવા માટે જરૂરી તૈયારી સારુ થોડા સમય પર જ યુરોપ ગયા હતા.

ગઇ તા. ૩૧મી મેના રોજ કોનારના બંધનું કામ તપાસી તે તથા તેમના સાથી શ્રી પટેલ રાત્રે ૯ા વાગ્યે મોટરમાં કલકત્તા જવા નીકળ્યા. સવારના ૪ા વાગ્યે, મોગરા ગામ આગળ, કલકત્તાથી ૩૪મા માઈલસ્ટોન પાસે, સામેથી આંજી નાખતાં હેડલાઇટ સાથે આવતી એક મોટરલૉરી સાથે, તેમની પૂર વેગે જતી મોટર અથડાઇ. ડૉ. પંડ્યા પાછલી બેઠક પર જમણી બાજુ ઘસઘસાટ ઊંઘતા હતા તેમના માથા પર સીધો ફટકો આવ્યો, ને એ જ પળે, ત્યાં ને ત્યાં જ તે અવસાન પામ્યા. શ્રી પટેલ અને ડ્રાઇવરને થોડી ઇજાઓ થઈ. શ્રી પંડ્યાના દેહને તરત કલકત્તા લઇ જવામાં આવ્યો, જ્યાં નીમતાલા ઘાટ પર તેમનો અગ્નિસંસ્કાર થયો.

એમના ઉપરનો શ્રી રવિશંકર રાવળનો અંજલિલેખ આ અંકમાં અન્યત્ર આપ્યો છે.

આસપાસનાં પંખી
[૬૫] કૂકડાં



ઈંડાંને પૂરક ખોરાક લેખીને જેનાં પાલન અને ઉછેર રાષ્ટ્રના એક ઉદ્યોગની કક્ષાનાં ગણાયાં છે એ કૂકડાં (મુરઘાં) તો આપણા સૌનાં અતિ પરિચિત પંખીઓ પૈકી એક છે. દેશભરમાં પળાતા એ પંખીમાં વિવિધરંગી જાતો થાય છે, જે જંગલોમાં પણ વસે છે. પાલિત જાતોમાં બે ખાસ પ્રકાર જાણીતા છે: એક ચાલુ–ઈંડાં વગેરે માટે ઉછેરાતી તે 'ક્રેડિયાં'; અને બીજી, ખાસ સાઠમારી (લડવા) માટે તૈયાર કરાતી જાત 'અસીલ'. બધાં જ કૂકડાં લડે તો છે જ, પણ ક્રેડિયાંમાં જે નરમ નીવડે તે નાસી જાય છે, જ્યારે 'અસીલ' કૂકડાં ત્યાં ને ત્યાં ખતમ થઈ જાય પણ નાસતાં નથી.

ઉપરનું ચિત્ર, જંગલમાં થતી મુખ્ય બે જાતો પૈકી કાબરચીતરી–ભૂરી જાતનું છે. (બીજી જાત લાલ હોય છે.) તેના માથા તથા ગરદનનાં પીછાં કાળાં ને દરેક પીછામાં સફેદ લીટો તથા છેડે સફેદ ચાંદલો; પેટ નીચેનો ભાગ બદામી રાખોડી; બાકીના ભાગે કાળાં પીછાં; પૂછડીનાં પીછાં જાંબલી, લીલી ને તાંબડ ઝાંયવાળાં કાળાં. નરની પૂછડીમાં ચૌદ પીછાંનો ગુચ્છ દાતરડા ઘાટના સુંદર વળાકાકારે હોય છે એ તેની વિશિષ્ટતા છે.

એવી જ બીજી વિશિષ્ટતા તેના માથાની ટોપી તથા ગળા નીચેનાં લોલક, જે જાંબલી હોય છે. મોં પણ જાંબલી. આંખ કેસરી કે પીળાશપડતી લાલ; પગ શીંગડિયા પીળા; નખ કાળા, ને પાછલા નખના ઉપરના ભાગમાં લડવા માટેનો અણીદાર કાંટો–ખુર. ચાંચ શીંગડિયા બદામી.

આબુ, વડોદરા, જબલપુર ને ગોદાવરી મુખપ્રદેશથી નીચે કન્યાકુમારી સુધીની સીમારેખાવાળા સમસ્ત દક્ષિણ-પશ્ચિમ હિંદમાં તે થાય છે. ડુંગરાળ પ્રદેશ ને જંગલોમાં–ખાસ કરીને વાંસની ઝાડીમાં તે વસે છે ને દાણા, ફળ, વાંસના કૂમળા ફણગા તથા બી તેમજ જિવાત તેનો ખોરાક છે. અતિ બીકણ ને શરમાળ આ પંખી જંગલમાં સવારસાંજ નિયમિત ચણવા નીકળી બપોરે છાયામાં લપાઇ બેસે છે.

વરસ આખું તે ઈંડાં મૂકે છે: ૭ થી ૧૩. જાન્યુઆરીથી મે તેનો ખાસ પ્રજનનકાળ ગણાય છે.

શ્રમ દ્વારા સમાજસેવા

મોટે ભાગે મોજશોખ અને ટાપટીપમાં રચ્યાપચ્યા રહેતા અને નિરુદ્દેશ રખડપાટ, આળસ કે ટોળટપ્પાંમાં વૅકેશનો વેડફતા વિદ્યાર્થીઓનો જે કરુણઘેરો ઘટાટોપ આપણા દેશ પર આજે છવાઈ રહ્યો છે તેમાં માર્ગદર્શક કિરણ જેવો એક પ્રયોગ ગયા માસની ૧૦મીથી ૨૫મી સુધીના પખવાડિયામાં ગુજરાત-સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓના એક નાના સમૂહે કરી બતાવ્યો.

ગયે વર્ષે ખંભાત પાસેના ભૂવેલ ગામે ત્યાંના કપરા માર્ગવ્યવહારને નિવારવા, લગભગ પચાસેક વિદ્યાર્થીઓએ સ્વેચ્છા અને ધગશથી, એક તળાવમાંથી પંદરેક હજાર ઘનફૂટ માટી ખોદી કાઢીને તેમાંથી ૨૫૦ વાર લાંબો રસ્તો બાંધેલો. શ્રમ દ્વારા સમાજસેવા કરવાના વિદ્યાર્થીઓના આ સ્તુત્ય પ્રયાસને બિરદાવીને વિસનગરના અખિલ ગુજરાત વિદ્યાર્થી અધિવેશને એવા કામને વિશાળ પાયા પર ઉપાડવાનો અનુરોધ કરેલો. તે અનુસાર આ વર્ષે વૅકેશન પૂર્વે, વિદ્યાર્થી-કૉંગ્રેસના સામાન્ય મંત્રીએ એવા કામ માટે વિદ્યાર્થીઓને સાદ દીધો. તેનો જે જવાબ મળ્યો તે ઘણો પ્રશસ્ય હતો. લગભગ ૭૦૦ નામ નોંધાયાં, પરંતુ આ વરસે ૨૦૦ની જ વ્યવસ્થા થઇ શકે તેમ હોઈ તેમજ ઉંમરની પણ મર્યાદા બાંધેલી હોઈ ગુજરાત-સૌરાષ્ટ્રની શાળા-કૉલેજોના ૨૦૦ વિદ્યાર્થી તેમાંથી પસંદ કરવામાં આવ્યા.

આ વખતના કાર્ય માટે અમદાવાદને ઉત્તર ગુજરાત સાથે જોડતો ચાંદલોડિયા-ગોતા-ઓગણજ ગામડાંઓને વીંધીને જતો રસ્તો નક્કી કરવામાં આવ્યો. ચોમાસામાં ઉત્તર ગુજરાત જોડેની અનાજ, શાક, દૂધ વગેરેની અવરજવરમાં આ માર્ગે ઘણી મુશ્કેલી પડતી હતી.

લોકલ બોર્ડે સાધનો વગેરેની મદદ કરી, મુંબાઇ રાજ્યના બાંધકામ ખાતાના પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ પહેલી કોદાળી મારી ઉદ્ઘાટન કર્યું, રવિશંકર મહારાજ, જયપ્રકાશ નારાયણ, ડૉ. ઝાકીર હુસેન વગેરે જેવાએ આશીર્વાદ મોકલ્યા, ને આ શ્રમયજ્ઞનો આરંભ થયો. પણ એમાં ખરી સહાય કોઈની હોય તો ગામલોકોની. વિદ્યાર્થીઓના શ્રમની ભારોભાર સામા પલ્લામાં એમની સહાનુભૂતિ નીતરતી હતી. સરેરાશ ૧૮ વરસની ઉંમરના ૧૮૬ વિદ્યાર્થીઓને ગામલોકોએ જ મહોલ્લાવાર ઘરોમાં વહેંચી લઇને તેમના જમવાકરવાની સગવડ કરી. નાતજાતના કશા પણ ભેદભાવ કે કચવાટ વગર વિદ્યાર્થીઓ સવારસાંજ વારા પ્રમાણે ત્યાં જમતા અને સવારે ૮॥ વાગ્યે ખેતર ઉપર જ ચણા–ગોળ–દૂધનો નાસ્તો લેતા.

રોજ ૪॥ કલાક કામ કરી, એ ૧૮૬ જણે ૧૫ દિવસમાં ૭૮॥ હજાર ઘનફૂટ માટી ખોદીને ૨૬ ફૂટ પહોળો ને ૧ ફૂટ ઊંચો ૯૨૧૭ ફૂટનો રસ્તો બાંધ્યો. વચ્ચે આવતી કઠણ જમીન યથાતથ છોડી દીધી.

ગ્રામપ્રદેશમાં વળી ઘડિયાળ ક્યાંથી ? એટલે ગ્રામલોકો સાથે પાંચ વાગ્યાને સુમારે ઊઠી, રોજ માથે થઇને જતા વિમાન ઉપરથી વખત નક્કી કરી લેતા ને ૧૦॥ વાગ્યે કામ બંધ કરતા બપોરે સ્નાન–ભોજન–આરામ પછી ૩ વાગ્યાથી બૌદ્ધિક શિક્ષણનો કાર્યક્રમ શરૂ થતો, જેમાં વ્યાખ્યાન, વાર્તાલાપ વગેરે દ્વારા જાણીતા વિદ્વાનો, કેળવણીકારો તથા સમાજસેવકો લાભ આપતા. રાત્રે આઠ વાગ્યે સંસ્કાર-કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ગામલોકોને રંજન કાર્યક્રમો, વાર્તાઓ, ગીતો તથા ચાલુ પરિસ્થિતિ ઉપર પ્રશ્નોત્તરોનો લાભ આપતા.

છેલ્લે દિવસે આ શ્રમશિબિર સંકેલાતાં. વિદ્યાર્થીઓને આપવાનાં પ્રમાણપત્રો પણ એક વૃદ્ધ શ્રમજીવી ખેડૂત ડોસા મોહનભાઈ પટેલના હાથે જ અપાયાં ને એમ આ શ્રમયજ્ઞની પૂર્ણાહુતિ પણ તેને ઘટતા ઔચિત્યથી જ થઈ. આશા રાખીએ કે આ ઉદાહરણ આગામી વૅકેશનો માટે આવી અનેક શ્રમશિબિરોનું પ્રેરક નીવડે અને આપણા યુવાનોમાં રહેલા ઉત્સાહ તથા શક્તિના ઝરા યોગ્ય માર્ગે વહેતા થઇ દેશના નવનિર્માણ-કાર્યમાં યોજાય.

—વિનોદ શુક્લ

માસમાસના તહેવારો-૨૧ રથયાત્રા

અષાઢ સુદ બીજને દિવસે આવતો આ તહેવાર હિંદનાં ઘણાંખરાં મોટાં શહેરોમાં ઘણી ધામધુમથી ઊજવાય છે. એ દિવસે એક મોટા રથમાં કૃષ્ણ તથા સુભદ્રાની મૂર્તિઓ બેસાડી તે રથને શહેરમાં બધે ફેરવીને બહાર લઇ જઇ, ફરી પાછો મંદિરમાં લાવવામાં આવે છે. એ વખતે રથમાં બેઠેલા દેવોનું દર્શન કરવા દૂર દૂરથી લોકો આવે છે. રથયાત્રાનું માહાત્મ્ય શાસ્ત્રમાં તો એવું કહેલું છે કે 'केशवं द्रष्ट्वा पुनर्जन्म न विद्यते.' (રથમાં બેઠેલા ભગવાન કેશવનું દર્શન કરવાથી માણસનો પુનર્જન્મમાંથી છુટકારો થાય છે.) વર્ષમાં કેવળ એક જ વાર આવો શુભ અવસર આપતો આ તહેવાર આ કારણે બહુજનસમાજમાં અત્યંત પ્રિય છે.

આ તહેવારનો પ્રારંભ રથયાત્રાની ૧૬ દિવસ પહેલાં જલયાત્રાથી થાય છે. ત્યારથી ૧૬ દિવસ ભગવાનનો પટ બંધ રહે છે. એ ૧૬ દિવસ ભગવાન માંદગીમાં રહે છે એમ મનાય છે. ૧૭મે દિવસે તંદુરસ્તી પ્રાપ્ત કર્યા પછી તે ઉપવનમાં ભ્રમણ કરવા રથમાં બેસીને જાય છે. એ ઉપવન-ગમન જ રથયાત્રાના નામે ઓળખાય છે.

આ તહેવાર સંબંધે સ્કંદ પુરાણમાં એવી કથા છે કે કૃત યુગમાં ઉજ્જયિનીમાં ઇન્દ્રદ્યુમ્ન નામે ધર્મનિષ્ઠ રાજા થઇ ગયો. તે એક વખત ઔડ્ર દેશમાં પુરુષોત્તમ ક્ષેત્રમાં આવેલા જગન્નાથનાં દર્શન કરવા ગયો, તો જગન્નાથ વાળુમાં ગુપ્ત થઇ ગયા, અને આકાશવાણી થઈ કે નીલાદ્રિ પર જઇને તે પ્રાયોપવેશન કરશે તો દર્શન થશે. રાજાએ અશ્વમેધ યજ્ઞ કરીને નૃસિંહનું એક મોટું મંદિર બંધાવ્યું અને તેમાં નારદે આણેલી નૃસિંહમૂર્તિની સ્થાપના કરી. એક દિવસે સ્વપ્નમાં તેને નીલમાધવે દર્શન દીધાં ને આદેશ આપ્યો કે સમુદ્રકિનારે જઇને, ત્યાં એક વિશાલ સુગંધી વૃક્ષ છે તેને કાપી, તેના લાકડામાંથી વિષ્ણુ, બલરામ, સુદર્શન અને સુભદ્રા એવી ચાર મૂર્તિ બનાવજે. સવારે રાજા દરિયાકાંઠે ગયો ને ઝાડને કાપ્યું. એ જ વખતે બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ભગવાન જાતે ત્યાં વિશ્વકર્માને પોતાની સાથે લઇને આવ્યા. વિશ્વકર્માએ સુંદર મૂર્તિઓ બનાવી આપી ને રાજાએ ધામધૂમપૂર્વક મંદિરમાં તેની સ્થાપના કરી. એ વખતે રાજાએ ભગવાન પાસે વરદાન માગ્યું કે, 'હે પ્રભો, એક સપ્તાહ માટે આપ અહીં ઉપવનવિહાર કરવાની કૃપા કરો.' ભગવાને તેનો સ્વીકાર કરતાં ત્યારથી રથયાત્રા શરૂ થઈ. આજે પણ આ યાત્રોત્સવ સૌથી વધુ ધામધૂમપૂર્વક જગન્નાથ પુરીમાં ઊજવવામાં આવે છે અને ઘણે દૂરથી ભાવિક લોકો તેના દર્શન માટે આવે છે. જલયાત્રાથી માંડી રથયાત્રા સુધી રોજ ઉત્સવનું સ્વરૂપ ત્યાં બદલાતું રહે છે.

આ દિવસ માટે ખાસ કાંઈ વિધિ નથી. મિષ્ટાન્ન બનાવી ભગવાનને ધરાવ્યા બાદ ખાવું, રથમાં બેઠેલ ભગવાનનું દર્શન કરવું તથા તેમનો (ફણગા ફોડેલા મગનો) પ્રસાદ ખાવો, વડીલોને નમસ્કાર કરીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવા ઈત્યાદિ કામો એ દિવસે થાય છે.

રથયાત્રાની મહત્તા એ દૃષ્ટિએ વધુ ગણાય છે કે હિંદુઓના ઉત્સવી તહેવારોમાં તેને બીજું સ્થાન છે: પહેલું સ્થાન દશહરાનું ને બીજું રથયાત્રાનું. વળી વસંતપંચમી, વિજયાદશમી તથા રથયાત્રા એ બધી 'સિદ્ધ તિથિઓ' ગણાય છે, અને એ દિવસે કરેલાં કામો સદા સફળ થાય છે એમ મનાય છે.

આંખનું આરોગ્ય [૫]
દષ્ટિપત્રક અને તેનો ઉપયોગ

દૃષ્ટિપત્રક એટલે લાંબી અગર ટૂંકી નજરને માપવા માટે, શાસ્ત્રીયરીતે નક્કી કરી આપેલા અંતરેથી વાંચવા સારુ અમુક માપના અક્ષરો ગોઠવી તૈયાર કરેલું પત્રક. એ મુખ્યત્વે બે જાતનાં માપ માટે હોય છે: ટૂંકી નજરવાળા માટે દૂરથી વાંચવાનું, અને લાંબી નજરવાળા માટે નજીકથી વાંચવાનું. આ જાતનાં માપ માટે કેટલાક દેશોમાં એકલા અક્ષરો જ નહિ પરંતુ જુદાજુદા માપની આકૃતિઓ અને ચિત્રોનો પણ ઉપયોગ થાય છે.

ટૂંકી નજરવાળા વાસ્તે, દૂરથી વાંચવા સારુ તૈયાર કરેલા પત્રકમાં પચાસ ફૂટ અગર વધુ અંતરેથી વાંચવા માટેના અક્ષરો યા તો આકૃતિઓથી શરૂ કરી, ઓછામાં ઓછા દસ અગર પાંચ ફૂટથી વંચાય તેવા અક્ષરો કે આકૃતિઓ જુદીજુદી લીટીઓમાં ગોઠવ્યાં હોય છે. દરેક લીટી પર સારી આંખવાળાએ વાંચવાનું અંતર આપેલું હોય છે. લાંબી નજરવાળા માટેના પત્રકમાં અઢાર ઈંચ દૂરથી વંચાય તેવા અક્ષર અગર આકૃતિઓથી શરૂ કરીને અત્યંત બારીક અક્ષરો કે આકૃતિઓ ગોઠવેલી હોય છે, અને દરેક લીટી પર સારી આંખવાળા માટે વાંચવાનું વધુમાં વધુ અંતર આપેલું હોય છે.

આ પત્રકના વાચનમાત્રથી જ તમારી લાંબી અગર ટૂંકી દૃષ્ટિનું સરવૈયું તમને મળી જાય છે. એ વાંચીને તમે જાતે જ સમજી જાઓ છો કે તમે શું વાંચી શકો છો અને તમારે સારી આંખ કરવા માટે કેટલું વાંચવું જોઈએ. લાંબી નજરવાળાએ દૃષ્ટિપત્રક હાથમાં છાતીથી કાટખૂણે રાખી, દરેક અક્ષરે પલકારો મારી અભ્યાસ કરવો. વચ્ચે-વચ્ચે અંધકારનો અનુભવ કરી, વાંચવાના અક્ષરોની જુદીજુદી કલ્પના કરીને અક્ષરો વાંચવાથી તે વધુ સ્પષ્ટ અને કાળા દેખાશે.

ટૂંકી નજરવાળા માટેનું દૃષ્ટિપત્રક (જુઓ સામે) જ્યાં પૂરું અજવાળું પડતું હોય તેવી દીવાલ ઉપર, વાંચનારની નજરથી સહેજ ઊંચે લટકાવો. હવે પાંચ દસ ફૂટ દૂર ઊભા રહી, અથવા આરામથી બેસી, નીરાંતે દરેક અક્ષરે પલકારો મારી વાંચતા જાઓ. શરૂઆતમાં દરેક અક્ષર અસ્પષ્ટ લાગશે; પરંતુ પલકારો મારી વાંચવાથી જરા સ્પષ્ટ દેખાશે. વળી અંધકારનો અનુભવ કરી તે અક્ષરોની કલ્પના કરીને પછી વાંચશો તો બરાબર જોઈએ તેવા સ્પષ્ટ વંચાશે, અને આંખને થાક લાગશે નહિ. પહેલાં બંને આંખે દૃષ્ટિપત્રકનો અભ્યાસ કરો અને પછીથી દરેક આંખે અલગ અલગ અભ્યાસ કરવા માટે એક આંખને હથેળીથી પોચી રીતે ઢાંકી, પલકારો મારી અભ્યાસ કરો. સાથેસાથે નોંધ કરતા જાઓ કે દરેક આંખ કેટલું વાંચી શકે છે, અને બંને આંખની શક્તિમાં કંઇ ફરક છે કે કેમ. ફરક હોય તો નબળી આંખને પહેલી કેળવી બન્ને આંખ સરખી શક્તિશાળી બનાવો. બન્ને આંખ સરખી શક્તિશાળી થયા પછી બંનેની પ્રગતિ સરળ બનશે. અભ્યાસની ક્રિયા ખૂબ સરળ, સ્વાભાવિક ને શ્રમરહિત રહે તે પર ખાસ લક્ષ આપો. અંધકારનો અનુભવ કરતા જાઓ અને તેમાં જે અક્ષરો તમે વાંચવા પ્રયત્ન કરો છો તેની જ આબેહૂબ કલ્પના કરો. આ રીતે કલ્પના કર્યા પછી એ અક્ષરો વધુ સ્પષ્ટ દેખાશે. આ રીતે આનંદપૂર્વક દરેક લીટીનું અંતર વધારતા જાઓ. થોડા દિવસના પ્રયત્ન પછી આખું દૃષ્ટિપત્રક પાંચ કે દસ ફૂટથી વાંચતા થઈ જશો.

૫૦ ફૂટ

મ

૩૦ ફૂટ

ન પ

૨૦ ફૂટ

ટ ત ગ

૧૫ ફૂટ

દ બ સ

૧૦ ફૂટ

ટ પ ત ર

૫ ફૂટ

મ વ ટ પ ત

આ દષ્ટિ-પત્રકના ઉપયોગની રીત આ લેખ સાથે સમજાવી છે.

બધી લીટી દસ ફૂટથી વંચાય તે ટૂંકી નજરવાળા માટે પૂરતું નથી. ટૂંકી નજરવાળાને દૂર જોવાની મુશ્કેલી હોવાથી તેણે તો દરેક લીટી નક્કી કરેલા અંતરેથી વાંચતા થવું જોઈએ. તો જ દૂરનું બરાબર જોઈ શકાય. દસ ફૂટથી બધી લીટી વંચાય, પરંતુ પચાસ ફૂટની લીટી પચાસ ફૂટથી ન વંચાય તો દૃષ્ટિ બરાબર થઈ ન ગણાય. માટે વધુમાં વધુ અંતરેથી નક્કી કરેલી લીટી વંચાય તે માટે પ્રયત્ન કરો. એ દૃષ્ટિપત્રક આ ઉપર આપ્યું છે.

આ જ રીતે લાંબી નજરવાળા–બેતાળાંવાળા–દરદીઓએ નજીકથી વાંચવા માટે નક્કી કરેલા દૃષ્ટિપત્રક પર અભ્યાસ કરી દૃષ્ટિ કેળવી લેવી જોઈએ. અઢાર ઇંચથી જે લીટી સારી રીતે વંચાય તે લીટી બાર ઇંચથી વાંચતાં મુશ્કેલી પડે તેનું નામ લાંબી નજર. ખરું જોતાં નજીકથી વધુ સારું વંચાવું જોઈએ. પરંતુ લાંબી નજરવાળાને આ જાતની ખોટ ઊભી થાય છે. આ ખોટ સુધારવા માટે લાંબી નજરવાળાએ શરૂઆતમાં અઢાર ઇંચથી વંચાતી લીટી સોળ ઇંચથી સ્પષ્ટ વાંચવા પલકારો મારી અભ્યાસ કરવો. જ્યારે સ્પષ્ટ થાય ત્યારે તે જ લીટી અઢાર અને ચૌદ ઇંચથી સ્પષ્ટ કરવા પ્રયત્ન કરવો; અને છેવટે અઢાર અને છ ઇંચથી બરાબર સ્પષ્ટ વંચાય તો લાંબી નજર દૂર થઈ ને સરખી નજર થઇ ગણાય. આ અભ્યાસ કરતી વખતે પણ અંધકારનો અનુભવ વારંવાર કરવાથી ઘણી મદદ થશે.

લાંબી દૃષ્ટિવાળાને દિવસના પ્રકાશમાં ઓછી મુશ્કેલી પડે છે ને

રાત્રે વધુ પડે છે. આ માટે તેમણે દૃષ્ટિપત્રકનો અભ્યાસ દિવસે અને રાત્રે બન્ને સમયે કરીને દૃષ્ટિનું સમતોલપણું સ્થાપવું જોઈએ.

સાથે સાથે લાંબા અંતરેથી વાંચવાના દૃષ્ટિપત્રક પર પણ અભ્યાસ કરતા રહેવું જરૂરી છે. કારણ, કેટલીક વખત લાંબી નજર સુધારતાં ટૂંકી નજર, અને મોટી ઉંમરના માણસો ની ટૂંકી નજર સુધારતાં લાંબી નજર થઈ જવાનો ભય રહે છે. પરંતુ બન્ને જાતના દૃષ્ટિપત્રક પર અભ્યાસ કરવાથી બન્ને જાતની ખોડ દૂર કરીને દૃષ્ટિનું સમતોલપણું સ્થાપી શકાય ને પ્રયત્નપૂર્વક તેને જાળવી પણ શકાય.

આંખ સુધરી ગયા પછી પણ દૃષ્ટિને સતેજ રાખવા દૃષ્ટિપત્રકનો અભ્યાસ જરૂરી ગણાવો જોઈએ. જેમ ન વપરાતી ચીજો પર કચરો કે કાટ ન ચડે તે માટે તેને રોજ સાફ કરવી જોઈએ, જેમ પરીક્ષામાંથી પાસ થવા અભ્યાસ તાજો રાખવો જરૂરી છે, તેમ કોઈ પણ શક્તિની જાળવણી માટે કાયમી અભ્યાસ અનિવાર્ય છે.

—ડૉ. ગોવિંદભાઈ પટેલ

શહેર નીચે ખાણ

અમેરિકાના ડેટ્રૉઈટ શહેરની માનવસમુદાયથી ઊભરાતી શેરીઓ અને રસ્તાઓના બરાબર નીચે જ મીઠાની જબરદસ્ત ખાણો આવેલી છે. એમાંની એક ગંજાવર એર-કન્ડિશન્ડ ખાણમાંથી તો દરરોજ ચાર હજાર ટન મીઠું કાઢવામાં આવે છે. આ ખાણ છેલ્લાં ૪૪ વર્ષોથી ચાલુ છે અને ડેટ્રૉઈટ શહેરની સપાટીથી ૧૧૦૦ ફૂટ નીચે તે આવેલી છે. તેની માલિકી ઈન્ટરનૅશનલ સૉલ્ટ કંપનીની છે. ૩૫ ફૂટ જાડા સૂકા મીઠાના થર તેમાં આવેલા છે. આઠ માઈલને અંતરે મૂકેલી બે મોટી લિફ્ટ વડે તેમાં પહોંચી શકાય છે. ખાણમાં લગભગ ૬૦ માઈલના તો વીજળીની રોશનીવાળા રસ્તાઓ છે અને તેના પર મોટરટ્રકો ચાલે છે! દરેક રસ્તો ૫૦ ફૂટ પહોળો અને ૨૩ ફૂટ ઊંચો છે. બોગદા ખોદતી વખતે રાખેલા મીઠાના ગંજાવર થાંભલા એની છતને ટકવે છે. આ બધો વાહન-વ્યવહાર બરાબર સહીસલામત ચાલે એ માટે તેનું નિયમન કરવા મોટાં શહેરોની પેઠે જ ટ્રાફિક લાઇટો સિગ્નલો અને બીજી સંજ્ઞાઓ પણ રસ્તાઓના ત્રિભેટાઓ આગળ મૂકવામાં આવેલ છે! અને તેની બે લિફ્ટ વચ્ચેના મુખ્ય રસ્તા ઉપર તો તેમાં રેલવે ચાલે છે!

ફાઈબર ગ્લાસ

કાચના બારીક તાંતણામાંથી બનાવવામાં આવતા આ નવી જાતના કાચમાં ગરમી અને ઠંડકને અટકાવી શકવાની અજોડ શક્તિ છે. આ ગુણ ધાતુઓ કરતાં પણ 'ફાઈબર ગ્લાસ'માં વધારે હોવાથી એને રબર સાથે ભેળવીને વિમાનોમાં એનો ઉપયોગ થાય છે. વળી કાચના રેસા અને પ્લાસ્ટિકનું મિશ્રણ કરવાથી તો બંદૂકની ગોળીથી પણ ન વીંધાય એવાં કપડાં, અને વિમાનો માટેના મજબૂત હળવા પદાર્થો બને છે. બીજા એવા પદાર્થોના પ્રમાણમાં ફાઈબર ગ્લાસનું વજન ઘણું ઓછું હોય છે. એ આંચકા ઝીલી શકે છે અને ખવાઈ જતો નથી. વળી, આગ સામે એ ટકી શકે છે ને અતિશય ઠંડી કે ગરમી (૨૦૦૦ ડિગ્રી ફેરનહાઇટ જેટલી ગરમી)ની અસર પણ એને થતી નથી. આ ઉપરાંત, ઘરનાં બારીબારણાં માટેના પડદા, રજાઇઓ ને કપડાંમાં પણ ફાઈબર ગ્લાસનો ઉપયોગ થાય છે.

વિકસતું વિજ્ઞાન

વર્જીનિયાના ઈન્સ્ટિટ્યૂટ ઓવ ટેકસટાઈલ ટેકનૉલૉજી(વસ્ત્રવિદ્યા-સંસ્થા)માં સુતરાઉ કપડાં ધોવા માટે, સી.એમ.સી. (C. M. C.) નામે એક નવો પદાર્થ શોધાયો છે. કપડાં તારવતી વખતે પાણીમાં આ પદાર્થ જૂજ ઉમેરવાથી કપડાંને ધૂળ ઓછી ચોંટે છે ને ધોતી વેળા સાબુ ઓછો વપરાય છે. વળી આ પદાર્થ બહુ મોંઘો પણ નથી. ઉદ્યોગોમાં તો તે ખૂબ વપરાય છે અને જથ્થાબંધ મળે છે, પરંતુ હજી ઘરગથ્થુ વપરાશ માટે નાનાં પડીકાંમાં મળતો થયો નથી.

આપણા દેશમાં કાપડ-વણાટમાં બનાવટી રેશમ—રેયૉન આજે કેટલું મબલખ વપરાય છે તે જાણો છો?—રોજના એંશી ટન! અને એ બધું જાપાન, અમેરિકા વગેરેથી આયાત થાય છે. પણ હવે હિંદમાં જ રેયૉન બનાવવાનું પહેલું કારખાનું 'ત્રાવણકોર રેયૉન લિમિટેડ' પેરમબેવૂર ખાતે ચાલુ થયું છે. રેયૉનની બનાવટ માટે જરૂરી માવો લાકડાંમાંથી બનાવાય છે, ને ત્રાવણકોર—કોચીનના પ્રદેશમાં પુષ્કળ થતા 'ઈટા' નામના વાંસ એ માટે ખૂબ અનુકૂળ જણાયા છે.

ખેતીના કામમાં અળસિયાં ખેડૂતને કેટલાં ઉપયોગી છે એ તો જાણીતું છે. એટલે હવે જમીનને ફળદ્રુપ કરવામાં તેમજ તેમાં હવા પહોંચાડી વિશેષ પાક આવે એવી કરવામાં અળસિયાંનો ઉપયોગ થવા લાગ્યો છે. અમેરિકામાં અળસિયાં ઉછેરવાનો ધીકતો ધંધો ચાલે છે અને બીજા દેશોને અળસિયાં પૂરાં પાડવામાં આવે છે!

અંગ્રેજ વૈજ્ઞાનિકોએ રૂની અછતને ટાળી શકે એવો ટેરાઇલીન (Terylene) નામનો એક બનાવટી તાંતણો બનાવ્યો છે. તેમાંથી દોરી-દોરડાં, મચ્છીમારની જાળો, ગળવાનું કાપડ, સીવવાના દોરા, લેસ (કોર કિનાર), જાળીઓ, પડદા, ટેબલ-ક્લૉથ, ગરમીમાં પહેરી શકાય એવું હલકું કાપડ અને બીજી એવી અનેક ઉપયોગી ચીજો બનાવી શકાશે. કાપડના આખા ઉદ્યોગમાં પરિવર્તન કરી મૂકે એવી આ શોધની ખીલવણી તથા બનાવટ માટે વૈજ્ઞાનિક ઉદ્યોગોની જગવ્યાપી સંસ્થા 'ઈમ્પીરીઅલ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝે' ગંજાવર કારખાનું બાંધવા માંડયું છે, જે દર વર્ષે ૧૧૦ લાખ પૉંડ ટેરાઈલીન બનાવશે. ટેરાઈલીન માટે જોઇતી ચીજો તેલને ગરમી વડે ફાડીને બનાવાય છે.

ધાતુઓને બદલે વાપરી શકાય એવા પારદર્શક પ્લાસ્ટિક કાચ બનાવવાના પ્રયોગો સફળ થતા જાય છે. આવા પ્લાસ્ટિક કાચ ઍલ્યુમીનિયમ જેવા હલકા, લોઢા જેવા ભારે અને ગજવેલ જેવા મજબૂત જણાયા છે. વીજળીના ઉદ્યોગમાં ઇન્સ્યુલેટર તરીકે તે ઉત્તમ ગુણ ધરાવે છે અને અગ્નિ સામે ટકી શકે છે. —ડૉ. ન. મૂ. શાહ

રૉબર્ટ લૂઈ સ્ટીવન્સન (અનુસંધાન પૃષ્ઠ ૧૮૪થી આગળ ચાલુ)

આમ 'કિડનૅપ્ડ'માં રસભરી કથાવસ્તુમાં કલાતત્ત્વની નવીનતા ઉમેરાઇ. અને આ પછી બીજી નવલોમાં એનું કથન જેમ વધુ ચોક્કસ થતું ગયું તેમ એનું કલાસ્વરૂપ પણ ઊંડું ને સ્થિર થતું ગયું. એવી જ સુંદર એની બીજી નવલકથા છે 'ડૉ. જેકિલ અને મિ. હાઇડ'

જેકિલ અને હાઇડ! અંગ્રેજી ભાષામાં રૂઢિપ્રયોગ જેવા બની ગએલાં એ નવલકથામાં આ પાત્રો પાછળ તો એક જોરદાર રૂપક છુપાયું છે. માનવ-વ્યક્તિત્વનાં બે પાસાં છે. માનવી માત્રને હૈયે દેવ અને દાનવ બંને વસેલા છે. સ્ટીવન્સન એમને ઓળખી ગયો અને એમને એણે કથામાં ગૂંથ્યાં. એક ડૉક્ટર એવું રસાયણ શોધે છે કે જેના સેવનને પરિણામે એક વાર એની દૈવી વૃત્તિઓ જ પ્રકાશી રહે, તો બીજી વાર એની દાનવી વૃત્તિઓ જ પ્રવર્તી રહે અને એના આખા વ્યક્તિત્વનો કબજો મેળવી રહે. આ બે વૃત્તિઓના સંઘર્ષની અને એની વચ્ચે રહેંસાતા માનવીની કથા કહેતી આ અદ્‌ભુત નવલકથા ગુજરાતીમાં પણ અનુવાદિત થએલી છે. પૂ. ગાંધીજી જેવા

સાત્ત્વિક સાહિત્યના પરખંદાને ગમી ગએલી આ નવલમાં જેટલી અદ્‌ભુત કલા છે તેટલો જ જીવન ઉપકારક સંદેશ છે.

આ પછીની નવલકથા 'માસ્ટર ઑવ બેલેન્ટ્રી'માં એક નર્યા દુષ્ટ માણસના માનસને ખંખોળતી વાર્તા છે, તો 'બીચ ઑવ ફોલેસા' હૃદયની કોમળતર લાગણીઓને હળવેથી સ્પર્શતી સુંદર કથા છે. એની છેલ્લી કથા 'વીયર ઑવ હર્મિસ્ટન' તો એ પૂરી પણ ન કરી શક્યો.

અને એ અધૂરી ન રહે તો બીજું શું થાય? જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં લેખનકાર્ય પાછળ તે એટલો તો શ્રમ લેવા માંડ્યો કે એનું માંદલું શરીર ઘસાવા માંડ્યું. બાંધો મૂળે જ નબળો, અને એમાં શ્રમ પડ્યો. પરિણામે માંદગી ઉત્તરોત્તર વધતી જ ગઇ.

આ સ્થિતિને અટકાવવા માટે તેણે વધુ સારી હવાવાળી જગ્યાએ જવા ધાર્યું, ઉત્તર યુરોપની હવા તેને માટે હવે સર્વથા પ્રતિકૂળ હતી. આથી તેણે ગરમ આબોહવાવાળા દક્ષિણ મહાસાગરમાં ક્યાંક વસવાનો નિશ્ચય કર્યો અને ૧૮૮૭ના ઑગસ્ટમાં એ સકુટુંબ સાઉથ સી આઇલૅન્ડ દ્વીપસમૂહમાં આવેલા સામોઆ ટાપુમાં જઇ વસ્યો

સામોઆ ટાપુમાં સ્ટીવન્સનને ખૂબ ફાવ્યું. ત્યાં ભોળા આદિવાસીઓ જોડે એને એટલી તો મૈત્રી બંધાઈ ગઈ કે એ લોકોએ એને 'તુસીતાલા' (વાર્તાનો વણનારો) જેવા વહાલસોયા નામે ઓળખવા માંડ્યો. એક વાર તો એ પ્રજા જોડે મળી એમની વહારે ધાઈ એણે ત્યાંના એક રાજાને ગાદી પરથી પણ ઉઠાડી મૂક્યો. આવી જ દોસ્તી એને ત્યાંના વાતાવરણ જોડે પણ થઈ ગએલી. સાગરની શોભા ને ખુલાસીઓની ખુમારી તો એના અંતરને વર્ષોથી સ્પર્શી ગએલી, જે એની વાર્તામાં વારંવાર ડોકાય છે. તેમ અહીંનું વાતાવરણ પણ એની વાર્તાઓમાં એણે દિલચસ્પ રીતે વણી લીધું છે.

વાતાવરણની વાત કરીએ તો તો કહેવું પડે કે આ સાહિત્યકાર માત્ર તોફાની ને અફાટ સાગરનું, માથા ફરેલ ધીંગા ચાંચિયાઓનું કે અણજાણ રહસ્યમય ટાપુઓનું જ વાતાવરણ જમાવવામાં કુશળ હતો એમ નથી. અંધારી કોટડી કે ગાઢાં જંગલો, કરાળ ડુંગરમાળાઓ કે વિશાળ વેરાન પ્રદેશો, ગમે તેને પોતે ધારે ત્યારે ગણત્રીના જ શબ્દોમાં અદ્‌ભુત લાઘવથી એ આબેહૂબ ખડાં કરી શકતો. 'કિડનૅપ્ડ'માંનું સ્કૉટલૅન્ડની ડુંગરમાળાઓનું વાતાવરણ તો એણે ક્યાં યે સીધા વર્ણન વિના એવી તો અજબરીતે ખડું કર્યું છે કે વાચકને ખબર પણ નથી પડતી કે ક્યારે પોતે આ પ્રદેશમાં આવી પહોંચ્યો! સ્ટીવન્સનની શૈલી ને વાતાવરણ તો અંગ્રેજી સાહિત્યમાં એક મહામૂલું અર્પણ ગણાય છે.

તો યે આ એની અનોખી શક્તિ એના શ્રેષ્ઠ પ્રાકટ્યને તો ન જ પામી શકી. એની છેલ્લી ને અધૂરી નવલ 'વિયર ઑવ હર્મિસ્ટન'ની શૈલીમાં જે સંગીત છે, એના કથાવસ્તુમાં જે કરુણતા છે, ઊર્મિના ઉછાળા ને છતાં કલાસ્વરૂપની જે સરળતા છે, જે સંવાદિતા અને સુંદરતા છે તે સૌ એની પ્રતિભાના ઉચ્ચતમ શિખરનું દર્શન કરાવે છે. પણ કમનસીબે આ નવલકથા અધૂરે વાક્યે જ પડી રહી, અને સ્ટીવન્સન, ખૂબ શ્રમ કરવાથી શક્તિ ગુમાવી બેસીને, રોગથી નહિ પણ માત્ર નબળાઇથી જ, ૧૮૯૪ની ત્રીજી ડિસેમ્બરે શાંતિથી મૃત્યુ પામ્યો.

જન્મકાળે જ જેને માટે આશા છોડી દેવાએલી તે બાળક આવો અદ્‌ભુત પ્રતિભાશાળી માનવી નીવડ્યો, એ હકીકતે જગતને એક વાત ફરી વાર કહી: માનવી કેવળ સંજોગોથી ડરી જઇને નિષ્ક્રિય ન બેસી રહે. એણે તો સતત ઝૂઝવાનું ને લડવાનું જ છે. અને એમ વિરોધો ને વિટંબણાઓ સામે બાખડીને જ એ નસીબનું પાંદડુ ફેરવી શકે છે.

પ્રતિભા તો ઈશ્વરી ભેટ છે. એને માટે માનવીએ ગૌરવ લેવા જેવું નથી રહેતું. માનવીની મહત્તા તો એના પ્રયત્નોમાં, એની મથામણમાં, એની ઠોકરો અને પ્રગતિમાં છે. સ્ટીવન્સને એ મહત્તાથી પોતાના જીવનને શોભાવ્યું, એટલું જ નહિ હમેશને માટે પ્રેરણામૂર્તિ બની રહેવાની યોગ્યતા મેળવી. એણે વિષાદભર્યા અવાજે કહેલું: 'કોઇ મને એવું ન કહેશો કે મારા પિતાના ધંધાના શ્રમથી ડરીને ભાગી છૂટવા હું મથું છું. સાગરલોઢના પછડાટ અને દીવાદાંડીના આંખ થકવતા તેજથી દૂર થવા ઘરને ખૂણે આ કાગળનાં રમકડાં (પુસ્તકો) બનાવવા હું નિર્વીર્યપણે નાસી છૂટ્યો છું એમ કોઈ માનશો નહિ.' અને એનું લેખકજીવન એવી માંગેડુ વૃત્તિથી પ્રેરિત નહિ, પણ સાચા શ્રમના ગૌરવથી વિભૂષિત પ્રયત્નનું ફળ હતું એ એણે દર્શાવી આપ્યું.

છતાં, પ્રયત્નથી મળેલા આવા વિજય વચ્ચે પણ એનું વ્યક્તિત્વ તો એવું જ શાંત, હસમુખું, સૌમ્ય અને વેદનાને ઘોળીને પી જતી શ્રદ્ધાથી ઓપતું શોભી રહ્યું હતું. કડવાશને એણે ક્યારે ય સ્થાન નહોતું આપ્યું. નમ્રતાને એ ક્યારે ય ભૂલ્યો નહોતો. એના આટલા વિવિધ રઝળપાટોને કારણે એક વાર કો'કે એને પૂછ્યું, 'તમે ઊંચામાં ઊંચુ કયું શિખર ચડ્યા છો?'

એણે કહ્યું 'એક વાર હું 'અહં'(અભિમાન)ની ઊંચી ટોચ પર પહોંચી ગએલો; પણ એ શિખર પરથી મેં નીચે જે ભયંકર-અંધકારભર્યું ઊંડાણ જોયું તે હું કદી ભૂલ્યો નથી. આંખો મીંચી હું પાછો ફરી ગયો. અને ત્યાર પછી ક્યારે ય મેં એ તમ્મર આવે એવા ઊંડાણમાં ડોકિયું નથી કર્યું;—કદાચ ઊંઘમાં કર્યું હોય તો કોણ જાણે!'

જીવનનાં સાચાં મૂલ્યોમાં અટલ શ્રદ્ધા ધરાવનાર, આ સૃષ્ટિના અગાધ ઉલ્લાસને પારખનાર, ચેતનના ધબકારને પળેપળ અનુભવી રહેનાર આ સાચો લેખક-આત્મા આપણને કેટકેટલું શીખવી ગયો છે?


આ માસ (જૂન) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૨ ઈટાલીના ઉદ્ધારક જિસેપ ગૅરીબાલ્ડીનું અવસાન, ૧૮૮૨.
તા. ૪ નાનાસાહેબ પેશ્વાએ કાનપુરમાં બળવાની સરદારી લીધી, ૧૮૫૭.
તા. ૮ ઔરંગઝેબે પિતા શાહજહાંને આગ્રાના કિલ્લામાં કેદ કરી ગાદી પચાવી, ૧૬૫૮.
તા. ૧૮ ભારતની વીરશ્રી ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું બળવાના યુદ્ધમાં અવસાન, ૧૮૫૮.
તા. ૨૦ અંગ્રેજોએ ઊભા કરેલા 'કલકત્તાની કાળી કોટડી'ના તૂતનો દિવસ, ૧૭૫૬.
તા. ૨૧ પહાડખેડુ સ્માઇથે હિમાલયના કમઠાચળ શિખર પર પ્રથમ આરોહણ કર્યું, ૧૯૩૧.
તા. ૨૨ 'કેસરી'ના લેખોમાં હિંસાની ઉશ્કેરણીના આરોપસર લો. ટિળકને જન્મકેદ, ૧૮૯૭.
તા. ૨૫ પૂનામાં ગાંધીજી પર પહેલવહેલો બૉમ્બ ફેંકાયો, ૧૯૩૪.
તા. ૨૮ આધુનિક હિંદના સમર્થ કેળવણીકાર સર આશુતોષ મુખર્જીનો જન્મ, ૧૮૩૪.
તા. ૨૯ મહાન સિકંદરનું ૩૩ વર્ષની ભરજુવાન વયે અવસાન ઈ. સ. પૂર્વે ૩૨૩.

વ્યક્તિવિશેષ : જ્યૉર્જ સ્ટીફન્સન

જગતની પ્રગતિમાં વિરાટ પગલું ભરાવનારી રેલવે એન્જિનની શોધ દુનિયાને આપી જનાર આ જ્યૉર્જ સ્ટીફન્સનનું નામ (સાથોસાથ તેના પુત્ર રૉબર્ટનું પણ) સંસારની શોધોના ઇતિહાસમાં અમર બની ગયું છે.



ઇંગ્લંડમાં ન્યૂ કૅસલની કોલસાની ખાણના એક મુફલિસ આગ મારનારને ત્યાં ૧૭૮૧ની ૯મી જૂને તેનો જન્મ થયો. નાનપણથી ગાયો ચારવાનું, ખેતમજૂરનું વગેરે કામો કરીને ૧૪મે વર્ષે તેના બાપના મદદનીશ મજૂર તરીકે તે રહ્યો, જ્યાં તેની બુદ્ધિ જોઈ તેને પંપિંગ એન્જિન પર મૂકવામાં આવ્યો. દરમ્યાન, રાત્રિવર્ગોમાં શિક્ષણ લઇને ૧૯મે વરસે તે પોતાની સહી કરતાં શીખ્યો અને બીજી બાજુ જોડા શીવવાનું, ઘડિયાળ સમારવાનું, ભરતનું અને શીવણનું કામ કરીકરીને મહા મહેનતે એક ગિની એકઠી કરી ૨૦મે વર્ષે એક ખેડૂત કન્યા જોડે લગ્ન કર્યું. એક જ પુત્રને જન્મ આપી તે યુવાન વયે ગુજરી ગઈ. બાપે સીવેલાં કપડાં પહેરીને નિશાળે જતો રૉબર્ટ ૧૨મે વરસે તો, દિવસે પોતે શાળામાં જે શીખે તે રાત્રે આવીને બાપને શીખવતો, અને એમ, તે દિવસથી એ પિતા-પુત્રનું જે સાહચર્ય જામ્યું તે જીવનભર ટકીને જગતને લાભદાયી નીવડ્યું.

૧૮૧૦માં કિલિંગવર્થની ખાણમાં એક પંપ કોઈથી નહોતો ચાલતો ત્યાં તેને બોલાવ્યો, ને તે ચાલુ કરી દેતાં તે ખાણનો એ ઈજનેર બન્યો. અહીં દર અઠવાડિયે એન્જિનોને છૂટાં કરી નાખી, પાછાં જાતે તેને જોડીજોડીને વરાળયંત્રોનું રહસ્ય તેણે આત્મસાત કરી લીધું અને ૧૮૧૪માં એવું વરાળ એન્જિન શોધ્યું જે કલાકે ચાર માઈલના વેગથી ૩૦ ટન કોલસો ખેંચતું. આ દરમ્યાન ૧૮૧૫માં તેણે ખાણિયાઓ માટે સેઇફ્ટી લૅમ્પ પણ શોધી તેનું પેટન્ટ લીધેલું. તેને માટે એવા જ લૅમ્પના શોધક વિખ્યાત હંફ્રી ડેવી સાથે ઝગડો ઊભો થતાં તેના દાવા પેટે તેને ૧૦૦૦ પૌંડ મળ્યા, જેમાંથી તેણે પુત્ર રૉબર્ટને વધુ અભ્યાસ માટે એડિનબર્ગ યુનિવર્સિટીમાં મોકલ્યો. સાત વર્ષની સતત મહેનત પછી બીજા બધા એન્જિન-શોધકોને પાછા પાડી દઇને તેણે લોઢાના લીસા પાટા પર સરળતાથી બોજો લઇને દોડતા એન્જિનની શક્તિની લોકોને પ્રતીતિ કરાવી દીધી, અને સ્ટૉકટન-ડાર્લિંગ્ટન વચ્ચે જગતની પહેલી રેલવે ટ્રેઈન દોડાવી. આ બધાંમાં બાપદીકરાની મહેનત સંયુક્ત હતી. બધી જ શોધોની બાબતમાં બને છે તેમ, "ખેતરો ખુંદાઈ જશે, ઢોરો કપાઈ જશે" વગેરે પોકારોથી આનો પણ વિરોધ થયો, જેના પડઘા ઠેઠ પાર્લામેન્ટ સુધી પહોંચ્યા. પણ અડગ નિષ્ઠા અને ધીરજપૂર્વક કામ કરીકરીને તેણે એ બધા વિરોધો શાન્ત પાડ્યા, અને ૧૮૨૯માં તેનું શોધેલું વિખ્યાત એન્જિન 'રૉકેટ' બધા હરીફોને હરાવીને કલાકના ૩૫ માઈલની ઝડપે મોખરે નીકળી ગયું તેણે એની કીર્તિનો કળશ ચડાવી દીધો. પછી તો બાપે એન્જિનો ઉપર એન્જિનો બાંધીને, ને દીકરાએ રેલવે તથા પૂલો બાંધીને ઇંગ્લંડના તેમજ યુરોપના વાહનવ્યવહારને ગાજતો કરી દીધો, જેણે ત્યાંના ઔદ્યોગિક જીવનની શકલ ફેરવી નાખી.

પુરુષાર્થ અને પરિશ્રમનું ફળ પામી શ્રીમંત બનેલા સ્ટીફન્સને આખર અવસ્થામાં એક નાની જાગીર લઈ ત્યાં પોતાના શૉખના વિષયો પશુપંખીપાલન અને બાગબાનીમાં શેષ જીવન વીતાવ્યું; અને નાનપણથી મુસીબતો સામે લડતો રહેલો સહાયનો આશાવાદી સ્વભાવનો એ માનવી, જગતમાં પોતાની શોધની તથા અનેક મિત્રોમાં પોતાના ગુલાબી સ્વભાવની ફોરમ મૂકી, ઈ. ૧૮૪૮ની ૧૨મી ઑગસ્ટે અવસાન પામ્યો.

ગયા (મે) માસની તવારીખ

તા. ૩ ઈરાનના શાહે ૫૦ કરોડ પૌંડની ઍંગ્લો ઈરાનિયન ઑઇલ કંપનીના રાષ્ટ્રીયકરણના બીલ પર સહી કરી. ◖ 'ફેસ્ટિવલ ઑવ્ બ્રિટન'નું લંડનમાં ઉદ્‌ઘાટન.
તા. ૬ તેલંગણના બાર કૉમ્યુનિસ્ટોની દયા-અરજી મંજૂર રાખી રાષ્ટ્રપતિએ તેમની ફાંસીની સજા જન્મટીપમાં ફેરવી.
તા. ૧૧ પ્રભાસપાટણમાં નવા બંધાએલા ગર્ભદ્વારમાં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદને હસ્તે ભગવાન સોમનાથની દબદબાપૂર્વક સ્થાપના.
તા. ૧૬ અમેરિકન સેનેટે ભારતને ૨૦ લાખ ટન અનાજની લોન આપવાનું બિલ પસાર કર્યું.
તા. ૧૭ આચાર્ય કૃપાલાનીએ કૉંગ્રેસમાંથી રાજીનામું આપ્યું.
તા. ૨૧ વડોદરાના માજી મહારાજા પ્રતાપસિંહરાવની અપીલનો સરકારે અસ્વીકાર કર્યો.
તા. ૨૩ તિબેટ અને સામ્યવાદી ચીન વચ્ચે કરાર થયાની જાહેરાત, જે અનુસાર તિબેટના મર્યાદિત સ્વાતંત્ર્ય પર કાપ આવશે.
તા. ૨૫ મુંબાઇ સરકારનો દારૂબંધીનો કાયદો સુપ્રીમ કોર્ટે કાયદેસર ઠરાવ્યો.
તા. ૨૪ તેલંગણમાં વિનોબાની શાંતિયાત્રામાં જમીનદારો તરફથી ૪૫૦૦ એકર જમીન ગરીબોને વહેંચવા માટે તેમને મળી.
તા. ૩૦ ભારતીય હૉકી હરીફાઇમાં પંજાબે વિજેતાપદ પ્રાપ્ત કર્યું.

આ માસનો પ્રસંગવિશેષ : અંગ્રેજ પ્રજાના હક્કપત્ર મૅગ્ના ચાર્ટા પર મહોર

ઇંગ્લંડના તુમાખી રાજા જૉને જ્યારે બધા કાયદાકાનૂન નેવે મૂકીને મનસ્વીરીતે વર્તવા માંડ્યું ત્યારે મુખ્યત્વે તેના બૅરનો (અમીરો)એ તેની સામે માથું ઊંચકી તેને નમાવ્યો, અને રનીમીડના બીડમાં જ, ઈ. ૧૨૧૫ની ૧૫મી જૂને, પ્રજાના હક્કનામા પર તેની પાસે મહોર મરાવી. ઇંગ્લંડની પ્રજાના હક્કપત્ર રૂપે મનાતા એ મૅગ્ના ચાર્ટા (=મોટા ખરીતા) પર સહી થઈ તે દિવસથી ઇંગ્લંડની લોકશાહીનો પાયો નંખાયો મનાય છે.

સંસારને સર અમૃત ભરિયાં, માંહી ઘોળ્યા વિષના ઢગલા,
એ વિષ ને અમીના જલકુંડથી પીશે અમી ધન્ય કો હંસલા.

— કવિ નાનાલાલ —

પારસીઓમાં જમણવારો પાછળ થતા ભારે ખર્ચ માટે 'રાસ્તગોફતાર'ના તંત્રી કાબરાજી ખૂબ સખ્ત ટીકા કરતા, અને શેઠ નવરોજજી ફરદુનજી તેમાં પ્રોત્સાહન આપતા. પણ એક વખત નવરોજજીને ત્યાં જ લગ્નનો પ્રસંગ આવ્યો ને ખાનપાન પાછળ ખૂબ ખર્ચ થયું. કાબરાજી પણ જમવામાં શામેલ હતા; પરંતુ બીજે દિવસે છાપામાં નવરોજજીની બરાબર ઝાટકણી કાઢી. આથી કેટલાકે ચીડાઇને નવરોજજીને કાબરાજી સામે ઉશ્કેરવા માંડચા, એટલે એમણે જવાબ આપ્યો, 'હું જાણતો જ હતો કે એ લખ્યા સિવાય નહિ રહે. એ ન લખત તો મારો એમના વિષેનો ખ્યાલ બદલાવવો પડત.'

અનેકાર્થી શબ્દ: **દાંતી**=માથાની લીખ વગેરે કાઢવા માટે કાંસકીના દાંતાનું અંતર ઓછું કરવા તુવેરની દાળ, ડાંગર વગેરે ઘાલી સજ્જડ કરેલી કાંસકી; બાળકને નવા દાંત ફૂટતા હોય ત્યારે તેને પહેરાવવાનું ઘરેણું; ધારિયું; ખેડૂતનું વાવણીનું એક ઓજાર- ચાઓળ; તડ કે ફાટ; ઘસરકાથી કે દાંતથી દોરા પર મુકાએલો કાપ; એક વનસ્પતિ.

કહેવતોના અર્થ: 'પંડ રળે તે પેટ ભરાય, ધન રળે તે ઢગલો થાય.'—કેવળ પ્રામાણિક વેતરુંફરી ખાનાર માણસ તવંગર બની શકતો નથી, માત્ર પોતાનું ગુજરાન જ ચલાવી શકે છે, પણ લક્ષ્મીનો ઢગ તો ધનની મદદથી જ મેળવી શકાય છે, એ સામાજિક માન્યતાને વ્યક્ત કરતી આ કહેવત જેવી બીજી કહેવત: 'નાણું તાણે નાણાને, ને રજ્યે મળે રોટલો'; 'પૈસો પૈસાને ખેંચી લાવે.' એ પૈસો આવવાના માર્ગ પણ ઉપલી કહેવતોના અનુસંધાનમાં જે પ્રચલિત છે તે: 'દરિયો કે દરબાર; કોઈ ઘર જાઓ, કોઈ બિસર જાઓ'=દરિયો ખેડવાથી, સરકારી હોદ્દા પર હોવાથી, કોઈ ચોરીનો કે છાનો રાખવા જેવો પૈસો અનામત મૂકી ગયું હોય તે દબાવી પાડવાથી, કે કોઈ નાવારસ ઠરવાથી કે ભૂલી જવાથી.

કૅપટાઉનમાં એક માણસે ૮૬૦૦૦ શબ્દોનું એડવર્ડ બાદશાહનું ચરિત્ર એક જ કાગળ પર લખ્યું છે, અને તેની વધુ વિશેષતા એ છે કે દૂરથી તે જોતાં એડવર્ડ બાદશાહની છબિ જેવું તે લાગે છે.

ગણિતગમ્મત (મોકલનાર નૌતમ વખારિયા)

૯×૯+૭=૮૮
૯૮×૯+૬=૮૮૮
૯૮૭×૯+૫=૮૮૮૮
૯૮૭૬×૯+૪=૮૮૮૮૮
૯૮૭૬૫×૯+૩=૮૮૮૮૮૮
૯૮૭૬૫૪×૯+૨=૮૮૮૮૮૮૮
૯૮૭૬૫૪૩×૯+૧=૮૮૮૮૮૮૮૮
૯૮૭૬૫૪૩૨×૯+૦=૮૮૮૮૮૮૮૮૮



ગઇ તા. ૧૫મી મેના દિવસે મધ્ય આફ્રિકામાં આવેલો ન્યાસાલૅન્ડ પ્રદેશ બ્રિટિશ હકૂમતમાં મુકાયાને બરોબર ૬૦ વર્ષ પૂરાં થયાં તેના મણિમહોત્સવની ઊજવણીમાં ત્યાં ટપાલની ખાસ ટિકિટોની સાથે આવા ચન્દ્રકો પણ કાઢવામાં આવેલા. તેના ઉપર ઊગતા સૂર્ય અને ચિત્તાનાં પ્રતીકોવાળી એ પ્રદેશની રાજ્યમુદ્રાની છાપ છે.


શાંઘાઈના એક ધર્મગુરુએ પોતના નખ વધારવાનો પ્રયોગ કરેલો, તેમાં ૩૭ વર્ષની તપશ્ચર્યા બાદ તેમના નખની લંબાઇ ૨૨ાા ઇંચ સુધી પહોંચેલી!

જે શબ્દો આપણે બોલ્યા નથી તેના આપણે માલિક છીએ; પણ જે બોલી નાંખ્યા છે તેના તો આપણે ગુલામ છીએ.

જાણો છો?


પેટ્રોલ ૧૮૨૬માં અને ગંધકની દીવાસળી ૧૮૨૯માં શોધાયાં. ¶ ઈંગ્લંડના રાજા પહેલા જ્યૉર્જને એક પણ અંગ્રેજી શબ્દ ઉચ્ચારતાં આવડતો નહનો. ¶ જાપાનનો રાજા હીરોહીટો તેના વંશજોમાં ૧૨૪મો રાજા છે. તે વંશ દુનિયામાં જૂનામાંજૂનો રાજવંશ ગણાય છે,—૨૫૮૮ વર્ષનો! ¶ અમેરિકાના નેબ્રાસ્કા પ્રાંતનો ફ્રેડ પટઝેલ નામનો માણસ ત્રણ માઇલ દૂર સંભળાય એટલા જોરથી બૂમ પાડી શકે છે. ¶ દુનિયાનું નાનામાં નાનું દેવળ લૅટોનિયામાં આવેલું છે,—જેમાં માત્ર ત્રણ જ માણસ બેસી શકે છે. ¶ ઇ. ૧૯૨૯માં મિસિસ વ્હાઇટ્સ નામની બાઇએ ૧૨૦૦ ફૂટ ઊંચે ઊડતા વિમાનમાં એક બાળકીને જન્મ આપેલો. વિમાનમાં જન્મેલું દુનિયાનું તે પ્રથમ બાળક છે. પોતે વિમાનમાં જ બાળકને જન્મ આપે એવી એ બાઇની મનીષા હતી!

અવાળુ ફૂલ્યા હોય તો રાત્રે સૂતી વખતે એ ભાગમાં ઘઉં ભરીને સૂઈ જવાથી સવારમાં પેઢાની તમામ રસી ચુસાઈ જઈ દર્દ દૂર થઇ જશે. અક્કલકરાને પાણીમાં વાટી, એમાં થોડું મીઠું મેળવી પેઢા ઉપર ઘસવાથી પણ ખૂબ લાળ ગળી જઇ દર્દ શાંત થઇ જાય છે.



કલાકણિકા: 'વેલ્સના પ્રેમ-ચમચા'—વેલ્સમાં વર તરફથી કન્યાને લગ્નભેટ તરીકે આવી સુંદર કારીગરીવાળા લાકડાના સંયુક્ત ચમચાની જોડી આપવામાં આવે છે. એનો ઉપયોગ કશો નથી થતો. પણ વરકન્યાની અખંડ જોડીના પ્રતીક સમા એ ચમચા, પ્રણયીએ જાતે કોતરેલા હોય છે,—એમ દર્શાવવા કે વેવિશાળ પછીના દિવસોમાં પોતે પ્રેયસીને વિસર્યો નથી, પણ પોતાનો નવરાશનો સમય તેના જ સ્મરણમાં અને ઉદ્યમ કરવામાં ગાળ્યો છે.








ગુજરાતની કલાનો જ્યારે મધ્યાહ્ન તપતો હતો (જુઓ આ અંકમાંનો લેખ) તે સોલંકી યુગની શિલ્પકલાના એક ઉત્કૃષ્ટ નમૂનારૂપ મોઢેરાના સૂર્યમંદિરની બહારની દીવાલ પરના અનેક શિલ્પમંડિત ગોખ પૈકીનો એક; જેમાંની વચ્ચેની 'ઈન્દ્ર'ની મૂર્તિનું મોટું ચિત્ર તથા તેનો પરિચય ૨૭૭મા અંકમાં આવી ગયાં.



←નીચે: આ અંકમાં જેનો પરિચય આપ્યો છે તે ભાઈ દશરથ પટેલની બે કૃતિઓ: (૧) મ્હૈસુરની ચામુંડા ટેકરી પાસેનું દૃશ્ય, જેમાં બે મોટાં થડ પોતાના વ્યક્તિત્વથી અસરકારક દૃશ્ય રચી રહે છે. સચોટ ને કઠાત્ર-દાર રંગભરેલી પીંછીના ઝડપી સપાટાથી કરેલું વૉટર કલર; (૨) મદ્રાસ કલાશાળાની કૅન્ટીન (ઑઇલ કલર).







માનવના શરીરયંત્રની સંભાળ માટેના અજબ પ્રયોગો

શિયાળા કરતાં ઉનાળામાં આપણે ઓછું કામ કરી શકીએ છીએ, અને થાક વહેલો લાગે છે એ આપણે જાણીએ છીએ. એમ શાથી થાય છે? જુદાજુદા શ્રમ તથા વાતાવરણમાં માણસની કેટલી શક્તિ વપરાય છે વગેરે પર ઇંગ્લંડમાં હમણાં વિદ્વાનો જે સંશોધનો કરે છે તેના ત્રણ પ્રયોગોનાં રસમય ચિત્રો અહીં આપ્યાં છે. (૧) ઉપર ડાબી બાજુ ગરમી અને બાફવાળા વાતાવરણમાં માણસની શક્તિને માપતું યંત્ર બતાવ્યું છે. તેમાં એક માણસ ચોક્કસ ગતિથી સાઈકલનાં પેડલ માર્યે જાય છે ને તેનો શ્વાસ તેના નાકે લગાડેલી કોથળીમાં માપવા માટે એકઠો થયે જાય છે. તેના હાથપર લગાડેલા સાધનથી તેના લોહીના ફરવાનો વેગ મપાય છે, અને ગરમીથી પરસેવો નીતર્યા કરતો જાય તેમ એક ચોક્કસાઈભર્યા કાંટા પર તેનું વજન પણ થાય છે. પરસેવો ભેગો કરીને તેનું પણ અન્વેષણ કરવામાં આવે છે. (૨) જમણી તરફના ચિત્રમાં માણસના ચત્તા અને ઊંધા હાથે થતી ક્રિયાઓમાં વપરાતી શક્તિનું માપ કાઢતા ડાઇનોમીટરનો અખતરો છે, જેમાં બે જુદીજુદી નિર્યાતની મુઠ્ઠીઓમાં વપરાતી શક્તિનું માપ કાઢતા બે સંશોધક વિદ્વાનો જુદાંજુદાં વજનના દટ્ટાઓ લઈ પ્રયોગ કરતા ટેબલ પર બેઠા છે; ને ખુરશીમાં બેઠેલા માણસની શક્તિનું માપ ડાઇનોમીટરમાં જુદા જ પ્રયોગો દ્વારા લેવાય છે. (૩) જમણી બાજુ નીચેના ચિત્રમાં અજાણ્યે થતી ક્રિયાઓનું માપ લેવાય છે. તેમાં ખાટલામાં તદ્દન આરામથી સુવાડેલી એક બાઇનો હાથ એક એવા યંત્ર સાથે બાંધેલો છે કે જે તેને ખબર પણ ન પડે એટલા (એક ઇંચના સોમા ભાગ જેટલા) બારીક પ્રમાણ અને વેગથી હલે છે, અને તેમાં પણ વ્યય થતી તેની શક્તિ મપાય છે! આ બધા પ્રયોગો પાછળ ઉદ્યોગોમાં માનવશરીરને વધુ સુખદાયક, સલામત તથા શ્રમરહિત બનાવવાની નેમ રહેલી છે.